કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંકઃ૧૧૫-૧૬ ● નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૬



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો
૪૪મો પ્રાકટ્યોત્સવ તથા
નૂતનવર્ષાભિનંદન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧




પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો
૪૪મો પ્રાકટ્યોત્સવ પ્રસંગે
બ્રિટિશ હાઈકમિશ્નરનું સન્માન










# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૫/૧૧૬

નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Mo. : 9099098969
www.swaminarayan.info
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | જગન્નાથપુરીનો પ્રસાદ | ૦૭ |
| ૦૪. | શ્રીહરિ ને નમન | ૦૯ |
| ૦૫. | શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના મુખેથી આશીર્વચન | ૧૫ |
| ૦૫. | નરનારાયણ એ જ સ્વામિનારાયણ | ૧૮ |
| ૦૭. | આત્યંતિક મોક્ષ શુધ્ધ સર્વોપરી ઉપાસના વગર સંભવ છે ? | ૨૧ |
| ૦૮. | શીઘ્ર કવિ સ્વામી ભૂમાનંદ | ૨૫ |
| ૦૯. | ભક્તપ્રિય ભક્તચિંતામણી રે ! | ૨૬ |
| ૧૦. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૩૨ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૩૪ |
| ૧૨. | ભક્તિ સુધા | ૩૬ |
| ૧૩. | પ્રશ્ન પેટી | ૪૦ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૪૩ |

# અસ્મદીયમ્

દિવાળી પર્વ સૌએ આનંદ ઉલ્લાસથી ઉજવ્યું. પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની નિશ્રામાં શારદાપૂજન, નૂતન વર્ષના અન્નકૂટોત્સવ - દર્શન લાખો શ્રીહરિના આશ્રિતોએ કર્યા. આ સુખ અલૌકિક છે. જગતનું સુખ ક્ષણિક છે. દેહને રાજી કરવાનું સુખ અંતે નાશવંત છે. આપણે તો સર્વોપરી સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ ઈષ્ટદેવ શ્રીહરિ રાજી થાય તેમજ કરવું. ચાતુર્માસ પૂર્ણ થયો. હવે ધનુર્માસનો પ્રારંભ થશે. નાના મોટા સૌ ભક્તોએ આપણા મંદિરોમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં લાભ લેજો. આપણે તો સદાય ચાતુર્માસ જ છે. જેને ભજન કરવું છે તેને માટે બધાજ માસ સરખા.

આપણે દેવનો દશાંશ-વિશાંશ ભાગ તો બરાબર કાઢીએ છીએ ને ? જો જો ખાસ જોજો. આપણા દેશના વડા પ્રધાને તો રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની કરન્સી નોટ જેમ બંધ કરીને જે સરકારનો ટેક્ષ નથી ભરતા અને સંગ્રહાખોરી કરે છે તેની ઉંઘ હરામ થઈ ગઈ છે. આપણા ઈષ્ટદેવ ખૂબજ દયાળુ છે. આપણે જે ઉદ્યમ કરી કમાઈએ છીએ તેમાં દેવનો ભાગ છે. તે આપણે જેમ ચોખ્ખો ભાગ કાઢીએ છીએ તેજ રીતે સરકારનો ચોખ્ખો ટેક્ષ પણ આપણે ભરવો જ પડે તે આપણી ફરજ છે. આ બધી ફરજ આજ્ઞા શિક્ષાપત્રી શ્લોક ૨૧૨ માં આવી જાય છે. છેલ્લે આપણે શ્રીહરિને અંતરમાં ધારવા આ વચનામૃતનું નિત્યે અનુસંધાન રાખવું.

તે અંતર્દષ્ટિ તે શું ?

તો જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે, અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ગોલોક વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય તો પણ તે અંતર્દષ્ટિ નહીં. માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને, તે સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દષ્ટિ છે. અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃતિ રહે તે સર્વે બ્રાહ્ય દષ્ટિ છે.

માટે વ્હાલા ભક્તો આપણે સદાય શ્રીહરિને જેવા છે તેવા અંતરમાં અર્હનિશ ધારતા રહેવું. હાલતા-ચાલતા, ઉઠતા બેસતા સર્વે ક્રિયામાં ભગવાનને સતત ને સતત અંતરમાં ઉતારવા. જેથી કરીને આપણું અતિ રૂડું થશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (ઓક્ટોબર-૨૦૧૬)

૧-૨ શ્રી નરનારાયણદેવ દેશ તાબાના કોટા (રાજસ્થાન) શહેરમાં નૂતન મંદિર અને યાત્રિક ભુવનની શિલાન્યાસ વિધિ પ્રસંગે પધરામણી.

૪ પ.ભ. જયરામભાઈ કાનાણીની નવી સ્કીમના ભૂમિપૂજન પ્રસંગે પધરામણી, મણીનગર.

૭ ધ્રાંગધ્રા ખાતે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના (બહેનોનું) ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.



૧૧ ૪૪ મો પ્રાકટ્યોત્સવ અમદાવાદ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોએ ઉજવ્યો.

૧૩ ભીનમાલ (રાજસ્થાન) પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ કુબડથલ ગામે શ્રી દિનેશ પટેલ (પ.પૂ. મહારાજશ્રીના ડ્રાઈવર)ને ત્યાં પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર (જુનું ગામનું હરિ મંદિર) મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩ જેતલપુર ગામમાં નૂતન મંદિરમાં માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી આગામી દશાબ્દી મહોત્સવ પ્રસંગે આયોજીત સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા.
કાળી ચૌદશના શ્રી હનુમાનજીનાં પૂજન આરતી પ્રસંગે પધરામણી

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૩૧ નૂતન વર્ષ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી બેઠકમાં સૌને દર્શનનો લાભ દીધો.

(નવેમ્બર-૨૦૧૬)

૧ થી ૮ અમેરિકા પધરામણી ત્યાંથી રેજીના કેનેડા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે ષોડશોપચાર પૂર્વક સંપન્ન થયો.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩ મિરોલી ગામે પધરામણી, ત્યાંથી ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી.
૧૪ કાળી ગામ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી સરખેજ પધરામણી.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વણઝર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર મરતોલી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫ થી ૬ ડિસેમ્બર અમેરિકાના એલ.એ. શ્રી સ્વામિનારાયણ મંદિર અને સાનહોઝે મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અને ચેરીહીલ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોબર-૨૦૧૬)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર યુવા શિબિર પ્રસંગે પધરામણી.
૯ જેતલપુર અક્ષર મહોલ વાડીમાં આપણી સંસ્કૃત પાઠશાળામાં સરસ્વતી પૂજન પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૪ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શરદોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન આરતી પ્રસંગે પધરામણી.
૩૧ નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવના દર્શન કરી બેઠકમાં સૌને દર્શન આશીર્વાદ આપી અન્નકૂટ દર્શન કરી સ્વસ્થાન પધાર્યા.

(નવેમ્બર-૨૦૧૬)

૬ કોબા ગાંધીનગર સત્સંગ યુવા શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ.
૧૧ કાલુપુર સ્વામિનારાયણ મંદિર શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળને પ્રબોધિની એકાદશી રાત્રી જાગરણ પ્રસંગે ઓચ્છવ મંડળને હારતોરા કરવા પધાર્યા.
૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આયોજીત સભામાં પધરામણી.
૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.



# જગન્નાથપુરીનો પ્રસાદ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શિક્ષાપત્રી શ્લોક-૧૯ માં ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ આચાર શુધ્ધિ અન્તર્ગત લખ્યું છે કે, જેના હાથનું રાંધેલ અન્ન તથા પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું. જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો કોઈ દોષ નથી.

પંચવર્તમાનમાં આચાર શુધ્ધિ માટે અતિ સૂક્ષ્મતમ બાબતોનો સમાવેશ કર્યો છે તેમ છતાં અન્ય કોઈ સ્થાન સમય સંજોગમાં અપવાદ આપવામાં આવ્યો નથી. પરંતુ બહુજ સ્પષ્ટરૂપે જગન્નાથપુરી મંદિરના પ્રસાદમાં કોઈપણ પ્રકારનો દોષ જોવો નહિ અને વિના સંકોચે પ્રસાદ ગ્રહણ કરવાની અનુમતિ સહમતિ સહિત આજ્ઞા આપી છે. તો તે પ્રસાદની સાથે જોડાયેલી અતિ મહત્વની પવિત્ર પરંપરા અને પવિત્રતા તેમજ મહિમા પુરાણોમાં ભગવાન વેદ વ્યાસજીએ કહ્યો છે. અને તે સાત્વિકતા આજે અને ભવિષ્યમાં એવી જ પ્રગટ પ્રત્યક્ષ રહેવાની હશે એટલે શ્રીહરિએ બહુજ સ્પષ્ટ કહ્યું કે તે જગન્નાથજીનો પ્રસાદ લેવો એવું કહ્યું.

વળી જગન્નાથપુરી તીર્થની વાત ગઢડા વચનામૃત પ્રથમ-૬૮ માં સ્વમુખે કહ્યું છે કે, જગન્નાથપુરી એટલે પુરુષોત્તમપુરીની મૂર્તિયોમાં અમે રહીને પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ નેત્રે કરીને સર્વે દેખતા, વળી અમે અગણોતેરાકાળમાં એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને જગન્નાથપુરીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ.

આવા વચનોનો ઉલ્લેખ માત્ર જગન્નાથપુરીની મૂર્તિયોને માટે કહ્યો છે. એટલે કે જગન્નાથમાં શ્રીહરિ પ્રગટ પ્રત્યક્ષ રહ્યા છે. તેમજ નિલકંઠવર્ણી સ્વરૂપે જગન્નાથ મંદિરમાં ચાતુર્માસ પર્યન્ત નિવાસ કર્યો હતો.

જગન્નાથજી ભગવાનના પ્રસાદનું મહત્વ મહિમા જ્યારે શ્રીહરિએ સ્વમુખે ગાયો છે તો તે મંદિરની પ્રસાદની વિશેષતાઓ જાણવા જેવી છે.

જગન્નાથ મંદિરનું નિર્માણ માળવા દેશના રાજા ઈન્દ્રદ્યુમ્નએ કર્યું છે.

એકવાર રાજાને સ્વપ્નું આવ્યું તેમાં ભગવાને કહ્યું કે દરિયા કિનારે પવિત્ર કાષ્ઠ આવશે તેમાંથી મારી મૂર્તિયો બનાવવા વિશ્વકર્મા આવશે તેમને આપજે અને તારા વડે બનાવેલા મંદિરમાં મારી તે મૂર્તિયોની સ્થાપના કરજે.

બીજા દિવસે દરિયા કિનારે રાજા જાય છે, કાંઠે તણાતું એક મોટું કાષ્ટ આવે છે. તેને લઈને આવે છે. તેજ દિવસે સ્વયં વિશ્વકર્માજી (બ્રહ્માજી) મૂર્તિ બનાવવા લાકડું માગે છે. રાજા કાષ્ટ આપે છે. અને પૂછવામાં આવ્યું કે મૂર્તિ બનાવતા કેટલો સમય લાગશે ? વિશ્વકર્માજી કહે છે ત્રણ માસનો સમય લાગશે. હું એક બંધ કમરામાં બેસીને મૂર્તિયોની ઘડાઈ કરીશ. બરાબર ત્રણ મહિના પૂર્ણ થતાં બારણું ખોલજો તો મૂર્તિયો તૈયાર હશે.

એકાદ બે મહિનાનો સમય થયો. રાજાને ખૂબજ ઉત્સુકતા જાગી. જોવું તો ખરો ! કેટલું કામ થયુ. એવામાં રાજા કમરાનું દ્વાર ખોલે છે. તો અસ્પષ્ટ અંગોના આકારની મૂર્તિયો જોવા મળે છે. વિશ્વકર્મા ભગવાનને આશ્ચર્યની સાથે દુઃખ થયું. રાજાને કહે કે, તારી અતિશે ઉત્સુકતાથી હવે મહાપ્રભુના અંગોનો આકાર નહીં આપી શકું. દૈવવશ હરિઈચ્છા બલિયસી. એમ કહ્યું. ત્યારે ભગવાન જગતપતિ જગન્નાથ પ્રગટ થયા અને કહ્યું કે હું આવા અપૂર્ણ અસ્પષ્ટ અવયવો વાળી મૂર્તિમાં પ્રગટ રહીશ. મારી સ્થાપના કરાવો.

રાજા ઈન્દ્રદ્યુમ્નએ બનાવેલા મંદિરમાં ભગવાન

શ્રીકૃષ્ણ, બળદેવજી અને બહેન સુભદ્રાજીની મૂર્તિયોની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિ સહિત કરવામાં આવી ત્યારે સ્થાનિક રીત રિવાજ મુજબ ભાતનો ભોગ નૈવેદ્ય ધરવામાં આવ્યો તે પ્રસંગે શિવાદિ તેત્રીસ કરોડ દેવો, ઋષિ મુનિયો, ગાંધર્વો, ચારણો, કિન્નરો આદિ પ્રતિષ્ઠા ઉત્સવના દર્શન કરવા આવ્યા છે. ઉત્સવ ઉજવાય છે. તાલ મૃદંગ વાજ વગાડીને આનંદમાં નૃત્ય થઈ રહ્યું છે. સ્વંય ભગવાન સદાશિવ તાંડવ નૃત્ય કરી રહ્યા છે. દેવો ભાતને પકાવે છે અને ભગવાનને ભોગ ધરાવે છે. તે પ્રસાદ લેવા દેવાદિ ભક્તો પડાપડી કરી છે. ચારે બાજુ પ્રસાદ જમીન પર પણ પડે છે. તેનો મહિમા જાણીને દેવો પકાવેલા ભાતના પ્રસાદને જમે છે. સ્વંય મહાદેવજી પણ રાંધેલા ભાતના પ્રસાદને આરોગે છે અને ભગવાન જગન્નાથજીનો ઉત્સવ મનાવે છે. તે અવસરમાં બ્રહ્માજી આવે છે. તેમને પ્રસાદ આપવામાં આવે છે તો રાંધેલા ભાત હોવાથી બ્રહ્માજી પ્રસાદ ગ્રહણ કરતા નથી એટલે મંદિરમાં પધરાવેલા ભગવાન જગન્નાથજીનાં બ્રહ્માજીને દર્શન થતાં નથી. ત્યારે બ્રહ્માજી શિવજીને કહે છે કે ભગવાન ક્યાં છે ? શિવજી કહે જુઓ આ સામે દર્શન આપે છે. પરંતુ રાંધેલા ભાતના પ્રસાદમાં શંકા હોવાથી બ્રહ્માજી પ્રતિષ્ઠા કરેલા જગન્નાથ ભગવાનનાં દર્શનથી વંચિત રહી જાય છે. જે જે દેવો પ્રસાદ જમ્યા તેને તેને દર્શન થયાં. જેને જેને પ્રસાદમાં શંકા સંદેહ થયો તેને પ્રસાદ ન જમવાથી દર્શન થયાં નહિ. જે પ્રસાદ જમે તેને જ જગન્નાથજીના દર્શનનો અધિકાર છે.

તે દિવસથી દર્શન કરવા આવનારા દર્શનાર્થીઓ પ્રથમ પ્રસાદ ગ્રહણ કરે છે પછી દર્શન કરવા મંદિરમાં આવે છે. પકાવેલી રસોઈ રાંધેલા ભાતને જમવામાં વર્ણાશ્રમના ધર્મનો બાધ રહે છે પરંતુ જગન્નાથજીમાં પકાવેલા ભાતને પવિત્ર માનવામાં આવે છે.

મંદિર સાથે જોડાયેલી કેટલીક ચમત્કારી વિશેષતાઓ જાણવા જેવી છે. દિવસમાં દશથી અગીયાર વાર ભગવાનને ભોગ ધરાવવામાં આવે છે. જે પ્રસાદ રાંધવામાં આવે તે સમ્પૂર્ણ ધરાવવામાં આવે છે. માટીના મોટા મોટા માટલાઓમાં લાકડાના ચૂલા પર એકની ઉપર એક એમ સાત માટલામાં ભાતને પકાવે છે ત્યારે આશ્ચર્ય મોટું એ છે કે સર્વથી પ્રથમ ઉપરના માટલામાં ભાત પાકી જાય છે. અને ક્રમશઃ નીચેના માટલાઓમાં સૌથી છેલ્લે ચૂલા પરનો છેલ્લા માટલાનો ભાત પાકે છે.

દર્શનાર્થીઓને માટે જેટલો જરૂરી હોય તે તમામ પ્રસાદ પ્રથમ ભગવાનને ધરાવવામાં આવે પછી ભક્તોને આપવામાં આવે છે. મોટા પ્રસંગોમાં પંદરથી વીશ વાર ભોગ ધરાવવામાં આવે છે. પ્રસાદ રાંધવામાં ઉપયોગમાં લેવામાં આવતુ માટલું એક વખત વપરાયેલું મટકુ ફરીથી વાપરવામાં આવતું નથી. બારેમાસ બધાજ તહેવાર વ્રતના દિવસોમાં પણ ભાતનો પ્રસાદ વહેંચવામાં આવે છે અને ભક્ત જમે છે ! ત્યારે ત્યાં વ્રતભંગનો દોષ થતો નથી. પૂર્વના ઈતિહાસમાં મૂર્તિઓને ખંડિત કરવાના પ્રયાસોના કારણે હિન્દુ સિવાયના લોકોને માટે મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ રાખવાની પરંપરા છે. ત્યારે ભગવાનનાં દર્શનથી કોઈ પણ વ્યક્તિ જીવ પ્રાણી માત્ર વંચિત ન રહી જાય તેવા ઉદાર શુભ કલ્યાણકારી હેતુથી દર વર્ષ અષાઢ સુદી બીજના દિવસે ભગવાનને રથમાં બેસાડી માસીના ઘેર (ગુડિયા) મંદિર રથયાત્રા કાઢવામાં આવે છે. રાજા રથને ખેંચવા આવે છે. નવ દિવસ માસીના ઘેર નિવાસ કરે છે. અષાઢ સુદી એકાદશીએ પાછા પધારતા ત્રણેય સ્વરુપ અલગ અલગ રથમાં બિરાજે છે. તે સમયે મંદિરના દ્વારની પાસે શ્રીકૃષ્ણ ભગવાનને મંદિરમાં જતાં લક્ષ્મીજી રથને અટકાવે છે. સુભદ્રાજી-બળદેવજીની મૂર્તિયો પધારે પણ શ્રીકૃષ્ણ પાછા વળીને પાછળના દ્વારથી મંદિરમાં પ્રવેશ કરી જાય છે. એ પરંપરા આજે પણ જોવા મળે છે.

દર બાર વર્ષે આવતા અધિક અષાઢ માસમાં મૂર્તિયો નવી બનાવીને પુનઃ સ્થાપના કરવામાં આવે છે ત્યારે જુની મૂર્તિઓને અગ્નિદાહ આપે છે.

જગન્નાથપુરીનો ચાર ધામમાં સમાવેશ થયો છે. મંદિરના શિખર પર ચક્ર ધજારૂપે મુકવામાં આવ્યું છે. જ્યાં સુધી ચક્ર દેખાય ત્યાં સુધીના વિસ્તારને જગન્નાથપુરી વિસ્તાર ગણવામાં આવે છે. મંદિરના શિખર ઉપરથી આજે પણ કોઈ પક્ષી પણ ઉડીને જતું નથી. તથા હેલિકોપ્ટર ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવેલો છે. મંદિરની ધજા હવાથી વિપરિત દિશામાં ફરકે છે. મંદિરની સેવા પૂજાની રીતિ રામાનંદ સંપ્રદાયની સાથે જોડાયેલી છે. મુખ્ય મંદિરના શિખરની છાયા દિવસ દરમ્યાન અદ્રશ્ય હોય છે. તેને કોઈ જોઈ શકતું નથી.

મંદિરની પાસે રહેલો દરિયો તેનો અવાજ મંદિરના પરિસરમાં પ્રવેશ કરતાં જ સંભળાતો બંધ થઈ જાય છે. મંદિરનું બાંધકામ માળવા નરેશ ઈન્દ્રદ્યુમ્ન રાજાના સમયમાં શરૂ થયું અને કલિંગ રાજા અનંતનાગ દેવના સમયમાં બાંધકામ પૂર્ણ થયું.

જગન્નાથપુરીનો પ્રસાદ ભગવાન સ્વયં પ્રસાદ સ્વરૂપ પવિત્ર છે એવું સ્કંન્દ પુરાણમાં ભગવાન વેદ વ્યાસજીએ લખ્યું છે. રાંધેલા ભાતને સુકાયેલો પ્રસાદ યાત્રિકો ઘરે લાવીને તેની પૂજા કરે છે.




# શ્રીહરિ ને નમન

- સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ)

આદિ સદ્‌ગુરુ વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાર્થના પૂર્વકની કષ્ટ હરનારી સ્તુતિ કરીને નમસ્કાર કરે છે. તે પરમેશ્વર કેવા દયાળુ અને તેમનામાં કેવા શ્રેષ્ઠ ગુણો વિદ્યમાન છે તેનું પણ આ સ્તોત્રમાં સુંદર ઉપમાઓ આપીને વર્ણન કરે છે. આ અદ્ભુત સ્તોત્રની રચના અને તેના અર્થ ગાંભિર્યનો વિચાર કરીએ તો આ સ્તોત્રને અષ્ટપદી એવું નામ આપવામાં આવેલ છે. આ એક પ્રકારનો છંદ અર્થાત રાગ છે. તેને ગાવા માટે વિવિધ પ્રકારે ગાઈ શકાય છે. અને દરેક વખતે તેને ગાવામાં નવીનતા અને મુધરતામાં વિવિધતા આવે છે. સાથે સાથે તેમાં અર્થની ગંભીરતા વધતી જાય છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓ જેમ આર્ષદ્રષ્ટા હતાં તેમને ત્રિકાળાબાધિત દિવ્ય જ્ઞાન હતું. તેવીજ રીતે વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદજીને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું. જેથી તેઓશ્રી આર્ષદ્રષ્ટા ઋષિમુનિઓની જેમ જ ત્રિકાળાબાધિત દિવ્ય જ્ઞાનથી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણની અદ્ભુત મૂર્તિનું લીલાઓનું સદા પ્રત્યક્ષ પ્રમાણ દર્શન કરતાં અને તે સાક્ષાત્ જોયેલ સ્વરૂપ અને લીલાનું વર્ણન સ્વાન્તઃ સુખાય પોતાની કવિત્વ શક્તિથી સંસ્કૃત ભાષામાં રચના કરતાં. જેમાં પોતે જોયેલ અનુભવેલા દિવ્ય સુખનો આભાસ જગતના સૌ જીવને થાય તેવા શુભ હેતુથી સ્તોત્રોની ગુંથણી કરવામાં આવી છે. આપણા પ્રાચીન શાસ્ત્રોમાં ધ્વન્યાલોક નામના સાહિત્યના ગ્રંથમાં અને યોગ શાસ્ત્રમાં પણ વર્ણન આવે છે કે ધ્વનિ એટલે કે અવાજ કોઈ પણ પ્રકારનો હોય તેનો એક નિશ્ચિત પ્રકારનો આકાર ઉત્પન્ન થાય છે. અને તેના અર્થનું અનુસરણ કરે છે. તેથી શબ્દને એમ કહેવાય છે કે શબ્દ ગુણકમ્ આકાશમ્ આવા જ પ્રકારે શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ પોતાના વચનામૃતમાં આકાશનું લક્ષણ કહેલ છે. તેથી સાબિત થાય છે કે જે પણ શબ્દ અર્થાત્ અવાજ ધ્વનિ થાય છે તેનો આકાશમાં જેવો અવાજ તેવા પ્રકારનો આકાર ઉત્પન્ન થાય છે. તેનું જ્ઞાન આર્ષદ્રષ્ટા એવા યોગીઓને હોય છે. તેઓ તે પ્રકારના આકારને પ્રત્યક્ષ દેખે છે. અને પછી પોતે પણ એવા અવાજને પસંદ કરે છે કે જેમાં જગતનું કલ્યાણ હિત અને શાંતિ સમાયેલ હોય છે. તેનો અનુભવ જો કોઈ દિવસ શાસ્ત્રીય સંગીત સાંભળવાનો કે તેમાં રસ લેવાનો અવસર મળ્યો હોય તો જરૂર અનુભવ થાય છે. શબ્દોની સૂરની તાલની વારંવારની લયબદ્ધતાના કારણે શ્રોતાઓમાં કેવો અનોખો શાંત આનંદનો અનુભવ છવાય જાય છે. જેમાં કેટલો રાત્રીનો સમય વિતી ગયો તે ખ્યાલ આવતો નથી. તેનું કારણ ધ્વનિના તરંગો દ્વારા સાંભળનારાના મસ્તીસ્કમાં રહેલાં કરોડ સૂક્ષ્મ જ્ઞાન તંતુઓનું સ્પદંન દ્વારા એક સુખમય સંરચના ઉભી થાય છે. જે હૃદયાકાશમાં આનંદનો અનુભવ કરાવે છે. જેમ કોઈ કુશળ ચિત્રકાર પોતાના હાથમાં પીછી કે પેન લઈને બોર્ડ ઉપર પોતાના મનમાં કલ્પના કરી

રાખેલ ચિત્ર દોરવા માટે જે પ્રથમ લાઈન અર્થાત લીટી ખેંચે છે તે જોનારાને એમજ લાગે કે આતો લીટા કરે છે. પણ અન્તે તેમાંથી જ સંપૂર્ણ મનગમતું સુંદર ચિત્ર તૈયાર થાય છે. તેવી જ રીતે અવાજના તરંગોને ઓળખતા આર્ષદષ્ટા યોગીઓ એવી રીતે અવાજની ધ્વનિની સંરચના કરે છે કે જેથી વાતાવરણમાં પોતાની કલ્પના પ્રમાણે દિવ્ય સુંદર આકારનું નિર્માણ થાય, અને સાથે સાથે તેના વર્ણનનો અર્થ તેવા આકારને જ મળતો આવે તેવી રચનાઓ સ્તોત્ર કેવલ સંસ્કૃત ભાષામાં જ થઈ શકે છે. તેવું આજના આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. અને સમગ્ર વિશ્વના કમ્પ્યુટરોમાં આજ સંસ્કૃત ભાષાનું લોજીક વાપરવામાં આવે છે. તેવા અવાજના તરંગોને ઓળખીને કરેલા સ્તોત્ર અષ્ટક કે સૂક્તની રનચાથી સમગ્ર આકાશમાં જ્યાં સુધી અવાજ પહોંચે ત્યાં સુધી અને સાંભળનારાના મસ્તિસ્કના જ્ઞાનતંતુઓમાં પણ સ્પંદન દ્વારા વાયબ્રેશનથી એવી સંરચના ઉત્પન્ન થાય છે, જેવી સ્તોત્રમાં વર્ણવેલ પરમાત્માની મૂર્તિનો જેવો આકાર તેવો જ આકાર વાતાવરણમાં અને મસ્તિસ્કમાં તૈયાર થાય છે. તેથી આપણા વૈદિક સ્તોત્રો અને સૂક્તોની વેદોમાં મર્યાદા બાંધેલ છે કે આ સ્તોત્ર કે સૂક્ત અપવિત્ર સ્થળમાં કે અપવિત્ર વ્યક્તિ સાંભળે તેમ તેનો ઉચ્ચારણ અર્થાત ગાન કરવું નહિ. તેનું કારણ પણ એજ છે જે સ્તોત્રનું ગાન થશે અને તેનો જ્યાં પણ અવાજ સંભળાશે ત્યાં પરમેશ્વરનું દિવ્ય સ્વરૂપ તેના મગજના જ્ઞાન તંતુઓ દ્વારા તૈયાર થશે અને પરમાત્માને અપવિત્ર સ્થળ ઉપર પધરાવવાનો દોષ ન લાગે તેવા હેતુથી આ મર્યાદાનું પાલન કરવાનું કહેવામાં આવે છે. આવા પ્રકારની વાતનું મહિમાનું વર્ણન સાંભળીને તેનો વૈજ્ઞાનિક પ્રયોગ પણ કરવામાં આવ્યો કે આ વાત કેટલાં અંશે સત્ય હોય શકે છે, તો તેમાં પણ સિદ્ધ થયું છે કે સંસ્કૃત ભાષામાં રચાયેલાં સ્તોત્રો દ્વારા તેનું જેવું માહાત્મ્ય કહેલ છે તેવું સપ્રમાણ સિદ્ધ થાય છે. તેનો પ્રયોગ કેટલાંક પ્રસિદ્ધ દેશના અને વિદેશના વૈજ્ઞાનિકોએ મળીને આ પ્રકારે પ્રયોગ કર્યો છે. મોટા વિશાળ પાત્ર અર્થાત્ કડાઈ કે તપેલા જેવું પાત્ર વાસણ લઈને તેના અંદર સ્પીકર રાખીને ઉપર વસ્ત્ર કાપડ ગરણું બાંધીએ છીએ તેમ બાંધીને તેના ઉપર ઝીણી પાતળી રેતીનો થર એક ઈંચ જાડો મુલાયમતાપૂર્વક બિછાવીને પછી અંદર રહેલાં સ્પીકરમાં માઈક દ્વારા સ્તોત્રનું સ્વર રાગ સહિત ગાન કરવામાં આવ્યું અને જ્યાં સંપૂર્ણ ગાન પુરૂ થયું ત્યારે ઝીણી સુક્ષ્મ રેતીના કણો એવી રીતે સ્પંદિત થઈને ગોઠવાઈ ગયા કે જાણે કોઈ શિલ્પીએ મૂર્તિ કંડારી હોય ને આ શું ? પ્રયોગ કર્યો તેમાં સો ટકા મહિમાની વાત સિદ્ધ થઈ છે. જેમ સૂક્ષ્મ રેતીના કણો સ્પંદિત થઈને સેટ થાય છે તેમ જ માણસના મગજમાં રહેલાં અબજોની સંખ્યામાં સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ પણ આ ધ્વનિને સાંભળીને સ્પંદિત થઈને તેવા જ આકારમાં ગોઠવાઈને સેટ થઈ જાય છે. અને તે મૂર્તિ પછી ક્યારેય મસ્તિસ્કમાંથી ખસતી નથી. તેથી આ સ્તોત્ર ગાન કરનારને અને શ્રદ્ધાથી સાંભળનારાને પણ આત્યન્તિક મોક્ષ અપાવે છે. આવાજ પ્રકારના વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદજીએ રચેલા સ્તોત્ર છે. તેને અહિં સમજીએ.

જેને સાંભળીને શ્રીહરિ અતિ પ્રસન્ન થઈને તેમને પોતાના કંઠમાંથી પુષ્પનો હાર ઉતારીને પહેરાવતાં અને બાથમાં લઈને ભેટીને મળતાં અને અનેક પ્રકારના વરદાનો આપતાં. આવાજ એક પ્રસંગમાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી વાસુદેવાનંદવર્ણીને બાથમાં લઈને પોતાના સિંહાસન ઉપર બેસાડીને જાહેરાત કરી કે આજથી અમારા સ્થાને આ વર્ણી છે. આટલી મોટી પ્રસન્નતાનું કારણ વર્ણીરાજની સ્તોત્ર દ્વારા વ્યક્ત થતી નિષ્કપટ પ્રેમલક્ષણા ભક્તિ જ છે.

अष्टपदीयम्

वरवरकरूणासागर कृष्ण सतांनाथ संपत्तिकरणम् ।
जयजय धार्मिक नमामीहं संकष्टहरणम् ॥ ध्रुवपदम् ॥
वरवर नरसख चन्द्रानन देवाधिप दैत्यानाशनम् ।
वृषसुत परमदया कर साधो खगपतिवाहनम् ॥
खग. २ ॥ सतांनाथ ॥ १ ॥
वरवरजलधरकायाभयरूपाकर लोकपावनम् ।
जितरुषतरणिकरोज्ज्वलवासो लघुतरधावनम् ॥
लधु. ॥ सतांनाथ ॥ २ ॥
वरवरदीनदयाकर तपःप्रियाजित कुसुमोत्तमहारम् ।
किसलय मृदुलमहाबलहस्तं महसि महाकारम् ॥
मह. ॥ सतांनाथ ॥ ३ ॥
वरवरसरसिजलोचन पापविमोचन जनतासुखकारम् ।
विधिविधि महिपतदाम्बुजदेवं भवसागरतारम् ॥
भव. ॥ सतांनाथ ॥ ४ ॥
वरवरसुचरितपुण्यावनभूमिघृतसुरूचिरनदेहम् ।
अनलस वरदतमोहर तेजः स्थितरुचिमयगेहम् ॥
स्थित. ॥ सतांनाथ ॥ ५ ॥

वरवर नरमुनिसिद्धेश्वरदेवासुरसंस्कृतगुणगानम् ।
सुनयन निजनृविधापितयोषातनुपशुकुणमानम् ॥
तनु ॥ सतांनाथ ॥ ६ ॥

वरवर लोकविभूषण वृषकुलभूषण भक्तारिमरणम् ।
बहुदयहृदयकजेश्वरमात्मन्नशरणजनशरणम् ॥
नशर ॥ सतांनाथ ॥ ७ ॥

वरवर परमतखंडन दक्षनिरंजन निगमागमगीतम् ।
घनरवनिनदमनोहर नित्यं पुरुहरिरसपीतम् ॥
पुरु ॥ सतांनाथ ॥ ८ ॥

वरवर शुभमिदमेवं किल वासुदेववर्णिविरचितम् ।
परतर हरतुतमःस्तवनं तत् कविजनसम्भणितम् ॥
कवि ॥ सतांनाथ ॥ ९ ॥

॥ श्री वासलुदेवानंदवर्णिविरचाताष्टपदी संपूर्ण ॥

•

वरवरकरूणासागर कृष्ण सतांनाथ संपत्तिकरणम् ।
जयजय धार्मिक नमामीहं संकष्टहरणम् ॥ ध्रुवपदम् ॥

**वर वर** - શ્રેષ્ઠ પતિ સ્વામી માલિક વરવા યોગ્ય શ્રેષ્ઠવર એવા શ્રીહરિ, **करुणासागर** - જીવપ્રાણી માત્ર ઉપર અતિ કરૂણા કરનારા જાણે કરૂણાનો સાક્ષાત્ અખૂટ સાગર હોયને શું તેવા કરૂણા દયા વાળા શ્રીહરિ, **कृष्ण** - ભક્તોના ઋષિઓના ચિત્તને મનને પોતાના સ્વરૂપમાં આકર્ષિત કરનારા એવા ભગવાન શ્રીહરિ જેમનું કૃષ્ણ એવું બીજું નામ માર્કણ્ડેય ઋષિએ નામકરણ સંસ્કાર વખતે પાડેલ છે તે શ્રીહરિ **सतांनाथ** - સત્પુરુષોના સ્વામી સાધુઓના નાથ. જેમ ભગવાન શ્રીરામ રઘુનાથ છે, અને ભગવાન શ્રીકૃષ્ણ યદુનાથ કે દ્વારિકાનાથ છે તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણને અહિં વર્ણિરાજ શ્રી વાસુદેવાનંદજીએ સતાંનાથ એવું સાર્થક નામ આપેલ છે. **संपत्तिकरणम्** - ભક્તોની સદ્‌સંપત્તિનો વધારો કરનારા છે. જગતમાં બે પ્રકારની સંપત્તિ પ્રસિદ્ધ રીતે હોય છે. સાત્વિક સંપત્તિ અર્થાત દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ અર્થાત માયિક સંપત્તિ- સાત્વિક સંપત્તિ એટલે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સત્ય, દયા, ક્ષમા, અહિંસા, પવિત્રતા વિગેરે છે. અને અસત્સંપત્તિ એટલે માયિક પદાર્થો વિષય વાસના, ધન-વૈભવ સત્તા, જગતના ભોગ વિલાસ, હિંસા અધર્મનું આચરણ પરપિડન આદિ છે. **जयजय** હમેંશા ધર્મનો જ વિજય કરનારા છે. વારંવાર ભક્તોનો વિજય કરાવનારા છે. બે વખત કહેવાથી દઢતા પૂર્વકનો નિશ્ચય થાય છે. **धार्मिक** ધર્મપરાયણ પણે વર્તનારા અને ધર્મને જ જીવનમાં પ્રધાન અંગ કરીને સત્શાસ્ત્રોમાં કહેલા સદ્ધર્મને જ અનુસરતા એવા ભક્તોનો જય કરે છે. **नमामीहं** – ઈહ એટલે આ જગતમાં મન વાણી અને કર્મ ત્રણેય પ્રકારે નમન કરવા યોગ્ય એવા હે શ્રીહરિ આપ એક જ છો. તેથી આપના શ્રેષ્ઠ વરવા યોગ્ય શ્રીચરણોમાં નમસ્કાર કરૂં છું. **संकष्टहरणम्** - આશ્રયે આવેલ માત્રના કષ્ટોને હરનારા છો. જીવાત્માને જન્મમૃત્યુ રૂપ મહાન કષ્ટથી છોડાવનારા છો. શરીરને સુખ કે દુ:ખ આવે તેને તો કષ્ટ કહે છે. પણ અહિં સંકષ્ટ શબ્દનો પ્રયોગ કર્યો છે તે સંસાર સાગરના મહાન ભયંકર કષ્ટને હરો દૂર કરો એવી પ્રાર્થના પૂર્વકની વિનંતી કરવામાં આવી છે. ॥ **ध्रुवपदम्** ॥ અચળ પંક્તિ અર્થાત ટેક આ કડીને દરેક કડીની પાછળ બોલવાની છે. અને તેના અર્થનું અનુસંધાન રાખવાનું છે.

वरवर नरसख चन्द्रानन देवाधिप दैत्यानाशनम् ।
वृषसुत परमदया कर साधो खगपतिवाहनम् ॥
खग. २ ॥ सतांनाथ ॥ १ ॥

**नरसख** - અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્તુતિ કરવાની છે, એટલે કવિશ્વર વર્ણિરાજ નિર્દેશ કરે છે કે તમો સ્વામી અર્થાત્ અનંત કોટી બ્રહ્માંડના પતિ અધિપતિ નાયક શાસક નિયંતા ઉત્પત્તિ સ્થિતિ પ્રલયના કરનારા એવા છો તેથી સ્વામી વિશેષણે આપના નામની આગળ રાખવાથી સ્વામિનારાયણ એવું સાર્થક નામ સિદ્ધ થાય છે પણ આ વિશેષણ ક્યા નારાયણના નામ આગળ રાખ્યું છે તેની પણ અહીં સ્પષ્ટતા કરવા માટે નરસખ શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત નરઋષિના સખા ભાઈ નારાયણઋષિ એટલે સ્વામિનારાયણ આપ છો. **चन्दानन** - બદ્રિકાશ્રમધામમાં ખુલ્લા આકાશમાં પોતાના આશ્રિતોના હિત માટે તપ કરો છો ત્યારે આકાશમાં રહેલાં તેજસ્વી ચન્દ્રના સમાન આપના મુખનો પ્રકાશ ચહુ દિશામાં વ્યાપી જાય છે. **देवाधिप** - દેવતાઓના અધિપતિ ઈન્દ્રાદિક દેવોને શક્તિ સામર્થ્ય અને બળ આપનારા છો. સદા દૈવી પ્રકૃતિવાળાનું રક્ષણ કરનારા છો. **दैत्यानाशनम्** - આસુરી પ્રકૃતિવાળા એવા દૈત્યોનો નાશ કરનારા છો. દયા રહિત ક્રૂર

સ્વભાવના ક્ષમા વિનાના પરપિડન કરનારાનો વિનાશ કરનારા છો. **वृषसुत** - ધર્મના પુત્ર આદિ સત્યુગમાં ધર્મઋષિના પુત્રરૂપે પ્રગટ્યા હતા અને પાદ્મકલ્પમાં પણ ધર્મઋષિના પુત્ર સ્વરૂપે મૂર્તિદેવીના ઉદરથી પ્રગટ્યા હતા અને આ કળિકાળમાં પણ ધર્મદેવના પુત્ર સ્વરૂપે ભક્તિદેવીના ઉદરથી પ્રગટ્યા છો. એવા શ્રીહરિ **परमदयाकर** - જગતમાં જેટલા પણ દયા કરનારા છે તેમાંથી આપ પરમ દયા કરો છો આ જીવ ઉપર અને તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને આત્યન્તિક મોક્ષના માર્ગે વાળો છો એવી મોટી દયા કરનારા આપ છો. **साधो** - સરળ સ્વભાવના સત્પુરુષો જે તમારા આશ્રયે આવેલાં છે. **खगपतिवाहनम्** – પક્ષીઓના અધિપતિ ગરૂડ જેમનું વાહન છે એવા હે પ્રભુ તમે છો.

**वरवरजलधरकायाभयरूपाकर लोकपावनम् ।**

**जितरुषतरणिकरोज्ज्वलवासो लघुतरधावनम् ॥**

**लधु. ॥ सतांनाथ ॥ २ ॥**

**जलधरकाया** - અષાઢ માસના આકાશમાં નવા નવા મેઘાડંબર વાદળાઓ રચાય છે તેના જેવા રંગ અને વિશાળ કાયા અર્થાત્ શરીર વાળા છો. જે જગતને દેખાય છે. **भयरूपाकर** – મેઘની ગર્જના અને વિજળીના કડાકાભડાકા જગતના જીવને ભય ઉત્પન્ન કરે છે પણ તે જ **लोकपावनम्** - જીવમાત્રને જીવન આપે છે. લોકોને આનંદિત કરી દે છે તેમ **जितरुषतरणिकर ऊज्ज्वलवासो** - પંચ વિષયો અને અગીયારેય ઈન્દ્રિયોને જીતવાનો ઉપાય કરાવીને સંસાર સાગરથી તારીને ઉદ્ધાર કરો છો. અને પોતાનાઅતિ પ્રકાશમય દિવ્ય અવિનાશી એવા અક્ષરધામમાં વાસ નિવાસ કરાવો છે. **लघुतरधावनम्** – પૃથ્વી ઉપર ધીરી ધારે વર્ષાદ પડે તે જેમ વધારે હિતકારી હોય છે તેમ પોતાના ભક્તોને ધીરે ધીરે જપ તપના નિયમો ધારણ કરાવીને તેના ધર્મ ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યનો વધારો કરાવો છો.

**वरवरदीनदयाकर तपःप्रियाजित कुसुमोत्तमहारम् ।**

**किसलय मृदुलमहाबलहस्तं महसि महाकारम् ॥**

**मह. ॥ सतांनाथ ॥ ३ ॥**

**दीनदयाकर** - જગતમાં દિન ગરીબ ધન હિન જનોને કહેવાય છે. પરંતુ ભગવાનની સામે આવા માયિક પદાર્થોવાળાને ધનવાન નથી કહેવાતા પરંતુ જેનામાં જપ, તપ, ધર્મ, જ્ઞાન વૈરાગ્યાદિ શુભ ગુણને ભક્તની સંપત્તિ કહેવાય છે. તે જેનામાં ન હોય તે દીન. એવા દીન ભક્તો ઉપર પણ આપ દયા કરો છો. જેનામાં શુભ ગુણ ન હોય તે ઉપર દયા કરનારા છો. **तपःप्रियाजित** - જે ભક્તો પોતાની ઈન્દ્રિયો દમન રૂપ તપ કરે છે તેવા ભક્તો આપને પ્રિય છે. કારણ કે આપ સ્વયં બદ્રીકાશ્રમ ધામમાં બે સ્વરૂપ ધારણ કરીને જીવ માત્રના હિત માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરીને કઠોર તપ કરો છો અને તેનું ફળ ભરત ખંડના જે જીવો આપનો આશ્રય કરે છે તેને આપો છો. **कुसुमोत्तमहारम्** – તમારા પ્રેમી ભક્તોએ શ્રદ્ધા અને ભાવથી પ્રેમપૂર્વક જાતે બનાવેલા પુષ્પના સુંદર હારને ધારણ કરો છો. પ્રેમી ભક્ત કવિઓના હૃદયની ભાવના રૂપે તેમના મુખેથી ગવાતી સુંદર કવિતાઓ સ્તોત્રો રૂપ ઉત્તમ કુસુમ પુષ્પોના સ્મરણ રૂપ હારને ધારણ કરો છો. **किसलय** - સુંદર શ્વેત પૂર્ણિમાના ચન્દ્ર જેવા ઉજ્જવલ વસ્ત્રો જે **मृदुल** - કોમળ મુલાયમ હોય તે **महाबल** - આપના અતિ બલિષ્ઠ મજબુત આજાનબાહુ એવી **हस्तं** - ભૂજાઓ ઉપર ધારણ કરો છો. **महसिमहाकारम्** - જે બન્નેય ભૂજાઓ મહાનથી પણ મહાન વિશાળ આકાર વાળી છે.

**वरवरसरसिजलोचन पापविमोचन जनतासुखकारम् ।**

**विधिविधि महिपतदाम्बुजदेवं भवसागरतारम् ॥**

**भव. ॥ सतांनाथ ॥ ४ ॥**

**सरसिजलोचन** - સુંદર શાન્ત સરોવરમાં પ્રાતઃકાળમાં ખીલી ઉઠેલા કમળના જેવા કોમળ અને વિશાળ નેત્રોની દૃષ્ટિ જેના ઉપર પડે છે તેના બધા જ **पापविमोचन** - કર્મ આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક પાપ કર્મોથી તત્કાળ છોડાવો છો અને પોતાના અક્ષરધામના મુક્તોની પંક્તિમાં ભેળવી દો છો. **जनतासुखकारम्** - સામાન્ય જનોને પણ સુખી કરનારા , જીવમાત્રના ત્રણેય પ્રકારના દુઃખો દૂર કરીને આત્યન્તિક મહાસુખ આપવા માટે **विधिविधि** - દરેકે દરેક યુગમાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગમાં અનેક વિવિધ પ્રકારના રૂપ ધારણ કરીને અસંખ્ય વાર અવતાર ધારણ કરનારા તમો આ - - પૃથ્વી ઉપર મૃત્યુલોકમાં **पदाम्बुज** - સ્પર્શ માત્રથી જીવોને અમર બનાવનારા તમારા ચરણકમળને પધરાવો છો. **देवं** - દિવ્ય ભૌતિક નહિ તેવા અલૌકિક ચરણ કમળ જે **भवसागरतारम्** - દર્શન

કરનારાને સંસાર સાગરથી પાર ઉતારનારા છો. શરણે આવેલાને આત્યન્તિક મોક્ષ આપનારા છો.

वरवरसुचरितपुण्यावनभूमिघृतसुरूचिरनदेहम् ।

अनलस वरदतमोहर तेजः स्थितरुचिमयगेहम् ॥

स्थित. ॥ सतांनाथ ॥ ५ ॥

સુચરિતપુણ્યાવનભૂમિ - અનેક પ્રકારના શ્રેષ્ઠ ઉત્તમ ચરિત્ર આચરણ કરીને એકાકી વનોમાં વિચરણ કરીને વનની ભૂમિને પવિત્ર પાવન કારી અને પુણ્યવાન કરો છો. ધૃતસુરુચિર - દેવ, મનુષ્ય, દાનવ કે યક્ષ ગંધર્વાદિને ન મળે તેવા અતિ રૂપાળા રૂચિર સુંદર મનુષ્યના શરીરને ધારણ કરો છો. નરદેહમ્ - પુરૂષનું શરીર નરના જેવી આકૃતિ અનલસ - શરીર ધારીઓ ને દૂષણ રૂપ એવી આળસનો ત્યાગ કરીને જીવોના હિત માટે તત્પર સદા રહો છો. વરદતમોહર – પોતાના ભક્તોને અનેક પ્રકારના વરદાનો આપીને ઉપદેશના વચનો કહીને તેમના હૃદયમાં રહેલો અજ્ઞાનરૂપી તમ- અંધકારને હરનારા દૂર કરનારા છો. અને દિવ્ય જ્ઞાનરૂપી પ્રકાશ જે તેજઃ - આત્મા પરમાત્માના સત્ય જ્ઞાન રૂપી પ્રકાશ બ્રહ્મતેજથી પોતાના ભક્તોને પ્રકાશિત કરો છો. સ્થિતરુચિમયગેહમ્ - જીવપ્રાણી માત્રને રહેવા માટે અતિશય પ્રિય રૂચિકર ગમતું એવું સુંદર ઘર નિવાસ કરવા માટેનું સ્થાન હોવા છતાં તેનો ત્યાગ કરીને વનમાં વિચરણ કરવાનું જીવોના હિત માટે ગમે છે. એવા શ્રીહરિ નિલકંઠવર્ણી આપ છો.

वरवर नरमुनिसिद्धेश्वरदेवासुरसंस्कृतगुणगानम् ।

सुनयन निजनृविधापितयोषातनुपशुकुणमानम् ॥

तनु ॥ सतांनाथ ॥ ६ ॥

નરમુનિ - બદ્રિકાશ્રમ ધામમાં આપશ્રીની સાથે તપ કરતાં નરઋષિ અને અસંખ્ય મુનિમંડળ જે આપના શરણે આવે છે તે સૌ અને સિદ્ધેશ્વર - જપ તપ યજ્ઞાદિ કરીને જેમણે અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવી છે. શક્તિ અને સામ્થર્ય મેળવેલ છે તેવા સિદ્ધપુરુષો દેવાસુર - કષ્યપ પ્રજાપતિની બેય પત્નીઓ દિતિ અને અદિતિના સંતાનો, અદિતિના દેવો, ઈન્દ્ર, ચન્દ્ર, વરૂણાદિક અને દિતિના દાનવો હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ વિરોચન, બલિ પ્રહલાદ આદિ એવા દેવો અને અસુરો તમારા સંસ્કૃત - સંસ્કૃત ભાષામાં જગતના હિત માટે કરેલા આચરણો ચરિત્રોને ગુણગાનમ્ - દિવ્ય ગુણોનું ગાન કરે છે તેની પ્રસંશા કરે છે અને સતત તેવા દિવ્ય ચરિત્રોનું કીર્તનોમાં સ્તોત્રોમાં ગુંથીને ગાયા કરે છે સ્મરણ કર્યા કરે છે. અને જે જીવ તેને સુનયન - સાંભળે છે કે ગાય છે તે સર્વ પ્રકારના જીવપ્રાણીને નિજ - પોતાના એકાન્તિક ભક્તો અક્ષરમુક્તો શરણે આવેલાઓ નૃ - નર પુરુષો મનુષ્ય લોકના જીવો વિધાપિત - વિધાતાને આધિન, પોતાના નસીબને આધિન વિધુર વિધવા ત્યજી દેવાયેલ એવા દુઃખી જનો યોષા - અબળાઓ, સ્ત્રીઓ કે જે યજ્ઞ હોમ હવન, જપ, તપ ન કરી શકનારાને પણ તનુ - શરીર ધારી જીવ માત્રને પશુકુણમાનમ્ - આત્યન્તિક મોક્ષ પમાડનારા છો. તે તે શરીરધારી જીવોના શરીરના કર્મોથી મુક્તિ આપનારા છો.

वरवर लोकविभूषण वृषकुलभूषण भक्तारिमरणम् ।

बहुदयहृदयकजेश्वरमात्मन्नशरणजनशरणम् ॥

नशर ॥ सतांनाथ ॥ ७ ॥

લોકવિભૂષણ - આ બ્રહ્માંડમાં પ્રગટ થઈને ચવુદ લોકને સુશોભિત કરનારા છો. જનસમાજમાં રહેલા અનેક પ્રકારના દૂષણોને દૂર કરીને તેનામાં શુભ ગુણોનું સિંચન કરનારા છો. જે જીવ આપનો આશ્રય કરે છે તેને જગતમાં સુંદર શોભાયુક્ત સુશોભીત કરો છો. વૃષકુલભૂષણ - વૃષ એટલે ધર્મદેવના કુળના આભૂષણ રૂપે પ્રગટ થયા છો. ધર્મદેવના વંશનો દશે દિશાઓમાં યશ કીર્તિની પતાકાઓને શોભાવો છો. ભક્તારિમરણમ્ - તમારે શરણે આવેલાં તમારા એકાન્તિક ભક્તોના સમગ્ર અન્તઃશત્રુઓ કામ, ક્રોધ લોભાદિનો વિનાશ કરો છો. કારણ કે ભગવાનના ભક્તને બાહ્ય શત્રુઓ તો કોઈ પણ પ્રકારે કષ્ટ પહોંચાડી શકતાં જ નથી. બહુદયહૃદય - આપના હૃદય કમળમાં તમારા ભક્તો ઉપર અતિ દયા રહેલી છે. कजेश्वरमात्मन्नशरण - જેમ આકાશ સૌને આશ્રય આપે છે તેમ આપ જગતમાં જે જીવાત્માને કોઈનોય આશ્રય ન હોય તેને તમારો સુરક્ષિત આશ્રય પ્રાપ્ત થાય છે. જનશરણમ્ - જીવ માત્રનું સાચું શરણ આપનું જ શરણ છે.

वरवर परमतखंडन दक्षनिरंजन निगमागमगीतम् ।

घनरवनिनदमनोहर नित्यं पुरुहरिरसपीतम् ॥

पुरु ॥ सतांनाथ ॥ ८ ॥

પરમતખંડન - પોતાના એકાન્તિક ભક્તોને સ્વસ્વરૂપનું અને આત્મસ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગમાં અનેક પ્રકારના મતપંથમાં અટવાય જાય ત્યારે તે

સર્વ પ્રકારના મતો અને જગતમાં પ્રસિદ્ધ થયેલાં અનેક પ્રકારના વાદવિવાદોનું નિરાકરણ પૂર્વક તેનું ખંડન કરીને સાચો જ્ઞાનનો માર્ગ પ્રકાશિત કરો છો. दक्षनिरंजन - આત્મા પરમાત્માના સ્વરૂપનું જીવાત્માને જ્ઞાનનો ઉપદેશ આપવામાં અતિશે નિપુણ દક્ષ છો. અજ્ઞાન દૂર કરીને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપીને અજ્ઞાન રૂપી અધંકારનો નાશ કરવામાં દક્ષ છો. निगमागमगीतम् - નિગમ અને આગમ, શ્રુતિ સ્મૃતિ, વેદો અને ઉપનિષદો અને ધર્મશાસ્ત્રો પુરાણો તમારા આ દિવ્ય સદ્‌ગુણોના ગીતોનું સદા ગાન કર્યા કરે છે. घनरव - આકાશમાં ગરજતા વાદળોની જેમ નિરંતર ઘાટા સાદથી ગીતો ગાય છે. निनदमनोहर - તમારા દિવ્યગુણોનું શ્રવણ કરનારાના મનને હરિ લે તેવું નિનાદ મધુર અવાજ સાંભળતાં જ ભક્તોને આનંદ ઉપજે છે. તેથી नित्यं - દરરોજ સતત નિત્ય પ્રતિ ગાન કીર્તન સાંભળ્યા કરે છે. पुरुहरिरसपीतम् - આવા પ્રકારના હરિ ભક્તિનું રસપાન જે જીવાત્માએ પ્રથમ કરેલ છે તેવા સર્વ ભક્તો તમારા દિવ્યસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરીને આત્યન્તિક મોક્ષને મેળવે છે.

वरवर शुभमिदमेवं किल वासुदेववर्णिविरचितम् ।

परतर हरतुतमःस्तवनं तत् कविजनसम्भणितम् ॥

कवि ॥ सतांनाथ ॥ ९ ॥

शुभमिदमेवं - આ જગતમાં કોઈ પણ શુભ કાર્ય હોય તો આ જ છે કે તમારા આવા દિવ્યગુણો અને ચરિત્રોનું ગાન કરીને તેનું રસપાન કરે તે જ શુભ છે. किल - સમગ્ર વિશ્વમાં અનંતકોટી બ્રહ્માંડોમાં वासुदेववर्णिविरचितम् - વર્ણીરાજ વાસુદેવાનંદજીએ સંસ્કૃત ભાષામાં રચેલાં આ સ્તોત્રમાં જીવ માત્રનું શુભ હિત સમાયેલ છે. परतर - પરબ્રહ્મ પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન જે આત્મા અને અક્ષરથી પણ પર છે તે સ્વરૂપના જ્ઞાન રૂપી પ્રકાશથી हरतुतमः - અજ્ઞાનરૂપી અંધકારને આ સ્તોત્રનું ગાન હરે છે દૂર કરે છે. ગાનારા અને શાંત ચિત્તે સાંભળનારાના અન્તઃકરણમાંથી અજ્ઞાન નાશ પામે છે. स्तवनं - આ સ્તોત્ર અષ્ટપદીમાં અને સંસ્કૃત ભાષામાં રચેલું આ અષ્ટક तत् - તેવું તે પ્રમાણે સનાતન સત્ય कविजनसम्भणितम् - તેવું કવિઓએ સારી રીતે સમજી વિચારીને કહેલ છે. કવિઓના મુખમાંથી જે શબ્દો પ્રવાહિત થાય છે તે પોતાના નહીં પણ સ્વયં દિવ્ય આર્ષદૃષ્ટિ ત્રિકાળજ્ઞાનથી જે જોવા જાણવા અને અનુભવમાં આવે છે તેનું શબ્દ ચિતરણ માત્ર હોય છે. તેમાં કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ કે અસત્ય હોતું નથી.

## ઓકલેન્ડ ન્યુઝીલેન્ડના આપણા નિષ્ઠાવાન સત્સંગી રંજનબેન ડૉ. કાંતિભાઈ પટેલ (નિર્માણ હેલ્થ ગ્રુપ) ને એવોર્ડ

જાન્યુઆરી ૧૯૭૭ થી આપણા શ્રી નરનારાયણદેવ દેશના નિષ્ઠાવાન અને ધર્મકુળના કૃપાપાત્ર પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ સાથે તેમના ધર્મપત્ની અ.સૌ. રંજનબેને ન્યુઝીલેન્ડમાં પ્રેકટીસ શરૂ કરી હતી. આજે તેઓ નિર્વાણ ગૃપના નામ હેઠળ સમગ્ર ન્યુઝીલેન્ડમાં સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે ૩૬ પ્રકારની વિવિધ સેવાઓ આપી રહ્યાં છે.

આજથી બે વર્ષ પહેલા એટલે કે ડિસેમ્બર ૨૦૧૪ માં તેઓએ ગાંધી નિર્વાણની સ્થાપના કરી. જેમાં સ્થાનિક પોલીસની મદદથી ઘરેલું હિંસાથી પીડિત કે તેમાં સામેલ મૂળ એશિયા ખંડના લોકોને સામાજીક મદદ, તાત્કાલિક રહેવાની વ્યવસ્થા અને તેમના પ્રશ્નના ઉકેલ માટે સ્થાનિક પોલીસ તેમજ વહીવટી તંત્રને જરૂરી એવી મદદ પુરી પાડવામાં આવે છે. ધીમે ધીમે આ 'ગાંધી નિર્વાણ'નો ઉમદો વિચાર એટલો બધો લોકપ્રિય અને ઉપયોગી બની ગયો કે હવે તેમાં અહીંના સ્થાનિક લોકોને પણ ઉપયોગી મદદ કરવામાં આવે છે.

કુલ બે વર્ષમાં આ અભિયાનમાં ૩૦૦ પરિવારને રાહત આપવામાં આવી છે.


'ગાંધી નિર્વાણ'ના આવા સામાજિક સુંદર કાર્યોથી પ્રેરાઈને ન્યુઝીલેન્ડ પોલીસ દ્વારા **ચેલેન્જ કોઈન** નામનો પ્રતિષ્ઠિત એવોર્ડ આપી તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

૨૦૧૧ માં પણ તેઓને આઈ.બી.એ. **"બેસ્ટ બિજનેશ વુમન ઓફ ધ યર"** અને ૨૦૧૪ માં "ઈઆે ડાયર્વસીટી" એવોર્ડ અંતર્ગત **વોક ધ રોક** એવોર્ડ પણ આપવામાં આવેલ.

અ.સૌ. રંજનબેન અને પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ અને તેમના પરિવારની આવી સમાજલક્ષી વિવિધ સેવાઓની સુવાસથી શ્રી નરનારાયણદેવ દેશનું સમગ્ર ધર્મકુળ અને સમસ્ત સત્સંગ ગૌરવની લાગણી અનુભવે છે. તેઓશ્રીની ઉત્તરોત્તર પ્રગતિ માટે શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના મુખેથી આશીર્વચન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)



**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૪ માં જન્મોત્સવ પ્રસંગે અમદાવાદ મંદિર, પ.પૂ. મોટા મહારાજશ્રી :** મ્યુઝિયમે એક ભાઈ આવ્યા, પરોક્ષના હતા, કહે નરનારાયણદેવની ગાદી ઉપર ભગવાનના ચાર હાથ છે. અમે કહ્યું, શબ્દોમાં હવે થોડો સુધારો કરવાની જરૂર છે. ચાર નહી, પરંતુ આઠ હાથ છે. નારાયણ ભગવાનના ચાર અને નર ભગવાનના ચાર એમ આઠ હાથ છે.

આજે સવારની પૂજામાં શિક્ષાપત્રી વાંચતા હતા ત્યારે શ્લોક આવ્યો. જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો. **મહારાજનું આ વચન મહારાજશ્રીને ૧૦૦% લાગુ પડે છે.** કારણ કે તેઓના કાર્યકાળમાં સંપ્રદાયની ખૂબ પ્રગતિ, ઉન્નતિ થઈ છે. ખૂબ સ્થિરતા આવી છે. દેશ વિદેશમાં ખૂબ મંદિરો થઈ રહ્યા છે, થયા છે અને થશે વિદેશમાં કોઈ શહેર મંદિર વિનાનું બાકી રહેવાનું નથી.

તેઓનું શરીર સ્વાસ્થ્ય સારું છે જ, વિશેષ સારું રહે એવી આજના દિવસે સૌ મહારાજને પ્રાર્થના કરજો જેથી નરનારાયણદેવ ગાદીની તેઓ દ્વારા હજુ પણ ખૂબ સેવા થતી રહે.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** મહારાજશ્રીનો એક ગુણ મને બહુ ગમે છે. તેઓને સત્સંગમાં પરિવારની ભાવના છે. તેઓ ઘણીવાર કહેતા હોય છે કે આપણને જે વિશાળ પરિવાર મળ્યો છે તેવો કોઈને મળ્યો નથી. આપણા સૌના હૃદયમાં ભગવાન બિરાજમાન છે. તેથી આવી ભાવના આવી લાગણી શક્ય બને છે. ગામ, શહેર, દેશ તથા વિદેશથી પધારેલા આપ સૌએ આજના દિવસે મહારાજશ્રી પ્રત્યે જે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે એ માટે આપ સૌ ધન્યવાદને પાત્ર છો. મહારાજશ્રી સત્સંગ માટે જે શ્રમ, પુરુષાર્થ કરી રહ્યા છે તેના કંઈક અંશે આપણે પણ નરનારાયણદેવને રાજી કરવા અર્થે કરીએ.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી :** સંતો તથા પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું કે અમારા કાળમાં ઘણાં મંદિરો થયા પરંતુ કોઈ કામ એકલા હાથે થતું નથી. સંતો તથા હરિભક્તો - આપ સૌની અમને જે હુંફ, પ્રેમ અને કાર્યમાં યોગદાન મળે છે તેનાથી જ દરેક કાર્ય સારી રીતે પૂર્ણ થતા હોય છે. અમારા નિમિત્તે બધાને ભેગા થવું પડે તેથી સંતોને અમે જન્મોત્સવ ઉજવવાની ના કહેતા હતા, અત્યાર સુધી જન્મ દિવસ ઘણા ઉજવ્યા. આજના દિવસે નરનારાયણદેવના દર્શન કરવાનો જ વિશેષ ઉમંગ હતો જેથી જાહેરાત કર્યા વિના જ ૪-૫ હરિભક્તો સાથે ચાલતા નીકળ્યા. રસ્તામાં બીજા કેટલાક ભક્તજનો જોડાયા. મંદિરમાં પહોંચીને દેવના શિખર તથા ધજાનું દર્શન થયું ત્યાંજ અંતરમાં ટાઢક થઈ. જાહેરાત કરી હોય તો તરત જ ૨૦૦૦૦ હરિભક્તો પદયાત્રામાં જોડાઈ જાય. પરંતુ ભીડ એકઠી કરીને દેખાવ કરવામાં હું માનતો નથી. **આપણે જે કંઈ કરીએ છીએ તે આપણા માટે કરીએ છીએ. કોઈ પણ સાધનમાં દેવને રાજી કરવાનું લક્ષ હોવું જોઈએ.** એક હરિભક્ત સવારે કહેતા હતા કે મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે આજ હું વહેલા ઉઠીને આવ્યો. પરંતુ મહારાજશ્રી તો હજુ પધાર્યા નથી. પરંતુ અમે આજે રાત્રે દોઢ વાગ્યે ઉઠ્યા હતા. નિત્ય વિધિ તથા ચાર વાગ્યા સુધી કસરત કરીને ચાલતા દેવના દર્શને આવ્યા અને હજુ પણ જઈને થોડી કસરત કરીશું. શરીર સ્વાસ્થ્ય સારું રાખવું એ બહુ મહત્વનું છે. બાધા કે માનતામાં હું માનતો નથી. **ફક્ત દેવને રાજી કરવા જ પદયાત્રા કરી છે.** ઘણા કહેતા હોય છે કે અમુક તિથિ



પૂનમ બહુ સારી છે. ત્યારે આપણે પદયાત્રા કરીએ. હું કહું છું કે ના, દશમે કે ચોથે ચાલતા જઈએ. **જે ભગવાન પૂનમ કે અગિયારસે આપણને દર્શન આપે છે એના એ જ ભગવાન એકમ, બીજ, ત્રીજ કે ચોથના દિવસે પણ મૂર્તિમાં રહીને દર્શન આપે જ છે.** આપણે એકાદશી કે પૂનમના ભક્ત ન બનીએ પરંતુ ભગવાનના ભક્ત બનીએ. મહારાજે તો શિક્ષાપત્રીમાં નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવાની અને દર્શન કરવાની આજ્ઞા કરી છે. પરંતુ માણસનું મન એવું આળસુ છે કે પોતે નક્કી કરેલા દિવસોએ દર્શન કરીને બાકીના દિવસોમાં આરામ ફરમાવે છે.

મહારાજનું વચન લોપીએ એટલે દુઃખ આવવાનું, આવવાનું અને આવવાનું. શિક્ષાપત્રી મહારાજનું સ્વરૂપ હોવાથી મહારાજનું વચન એ મહારાજનું સ્વરૂપ જ છે. અને આ નરનારાયણદેવ એ પ્રત્યક્ષ ભગવાન છે. મહારાજ અને નરનારાયણદેવમાં લેશ માત્ર ફેર નથી. માટે **મહારાજને એવા રાજી કરી લેવા કે છેલ્લે જ્યારે આંખ મીંચાય ત્યારે મહારાજની આંખ સાથે આપણી આંખ મિલાવી શકીએ તેટલી આપણી છાતીમાં તાકાત હોવી જોઈએ. નીચું જોવું પડે તેવું ન કરીએ.**

**નજીકના ભવિષ્યમાં આ સત્સંગની ઉન્નતિ બે ગણી કે ત્રણ ગણી નહી પરંતુ આપણે ગણી ન શકીએ તેટલી Multiplication માં થવાની છે. તેના માટેનું Infrastructure રચાઈ ગયું છે.** જેઓ વહીવટમાં છે તેઓ આ બાબત જાણે છે. એવું માળખું બનાવ્યું છે કે સત્સંગનો વિકાસ આપોઆપ થતો રહેશે તે માટે નરનારાયણદેવની કૃપા જ કારણભૂત છે.

હું ભાષણ કે કથા નથી કરતો, મને ટેવ પણ નથી પરંતુ હું જે માનું છું તે બોલું છું કે આ દેવના પ્રતાપથી તથા કૃપાથી જ સવારમાં મારી આંખ ખૂલે છે. દરેક શ્વાસ દેવને આભારી છે. **દેવની બાબતમાં કોઈ આઘું પાછું કરવા આવે તો મારાથી સહન ન થાય.** તે બાબતમાં હું ચલાવવાનો નથી. દેવની વાત આવે ત્યારે બધું જ બાજુ પર મૂકી દઉં છું. મહારાજે જે આપ્યું છે તે દરેકનું ચોક્કસ સ્થાન અને ગરિમા છે. **આચાર્ય પદની ગરિમા અને સ્થાન મહારાજે જે નક્કી કરી આપ્યું છે તે ભવિષ્યમાં લાંબા કાળ સુધી પણ જેમ છે તેમ જ રહેશે. તેમાં કોઈ ફેરફાર કરી શકે તેમ નથી.** એક સામાન્ય મનુષ્ય હોય તેને આચાર્ય દ્વારા દીક્ષા મળે એટલે તુરત જ ૫૦૦ માણસો તેના ચરણોમાં ઝુકવા તૈયાર થાય. તેવી રીતે સંતો અને હરિભક્તોની પણ તેમના સ્થાન મુજબની ગરિમા જળવાવી જોઈએ.

આપણે પોતાને ગરીબ ન સમજવા. સત્સંગી માટે અન્ન, વસ્ત્ર અને આબરુની જવાબદારી મહારાજે પોતાના શિર પર લીધી છે. પછી એનાથી વધારે જોઈએ છીએ શું ? હીરા, માણેક, મોતી જોઈએ છે ? ડોલર, પાઉન્ડ કે નોટોની થપ્પીઓનો વરસાદ વરસાવવો છે ? એ પણ મળે, પરંતુ એમાં મઝા નથી ઉપાધિના પોટલા છે. જેને બહુ મળ્યું છે તેને પૂછી જોજો. પડખા ફેરવવા છતાં રાત્રે ઉંઘ નથી આવતી. મહારાજના વચનમાં વર્તીશું, સિધ્ધાંતને વળગીને રહીશું તો સુખ, સુખ ને સુખ જ છે. **બટકું રોટલો પચતો હોય તો એ મહારાજની કૃપા સમજવી.** મહારાજના આપણે સદાય ઋણી છીએ. નવ નવ મહામંદિરોનું નિર્માણ કરાવીને તેમાં પોતાના સ્વરૂપો પધરાવીને મહારાજે આપણને આપ્યા છે. જગતમાં કોઈને આવું મળ્યું નથી.

અમને ચેલા કરવામાં સહેજ પણ રસ નથી. ચેલા કરતા આજે ગુરુઓ વધી ગયા છે. ગુરુ ચેલાના સંબંધમાં પણ પાછું મેઈન્ટેનન્સ રાખવું પડે. દેવના થઈને રહેશો એટલે અમે ખૂબ રાજી છીએ. આ ગુણ, આ ધરોહર અમને ઉપરથી વારસામાં મળેલ છે. આ ગાદીની આચાર્ય પરંપરામાં આ ગુણ વારસાગત રહ્યો છે. હરિભક્તોએ પણ આ દેવ, સત્સંગ અને સંસ્કારરૂપી ધન પોતાના બાળકોને વારસામાં આપવાનું છે. આ બાબતમાં તમે



ઉંઘતા ઝડપાતા નહીં. કારણ કે સંસ્કાર એ જ સાચી મૂડી છે. વારસામાં દીકરાઓને ૫૦૦૦ કે ૫૦,૦૦૦ રૂપિયા ઓછા આપો તો ચાલશે. પરંતુ સંસ્કાર અવશ્ય આપજો. આજે ઘણા એવા હરિભક્તો છે કે જેઓ જાડી કંઠી પહેરે છે અને મોટા ચાંદલા કરે છે. પરંતુ તેઓના યુવાન પુત્રો મંદિરે આવતા નથી અને બીજી બાજુ ઘણા **યુવાનો એવા છે કે જેના કારણે તેઓના માતા પિતા મંદિર આવતા થયા છે.**

આપણી પાસે આ સંતોની મોટી ફોજ છે. હમણાં અમેરિકા એક ૩૫-૩૬ વર્ષના સંત પૂજા કરતા હતા. અમે અને હરિભક્તો બેઠા હતા. હરિભક્તોને અમે કહ્યું કે આ સંતોને તમે શું માનો છો ? તેઓ ફક્ત ઘંટડી વગાડીને દેવ સેવા કરવા પૂરતા સીમિત નથી પરંતુ **દેવના બળથી એક એક સાધુ પાંચ પાંચ કરોડના મંદિર બનાવી શકે તેવા સમર્થ છે. જેઓ નરનારાયણદેવના શરણે બેઠા છે તેની હું વાત કરી રહ્યો છું.** સેવકરામ નામના સાધુની જે વાત છે એ મહારાજે આપણને શીખવવા માટે ચરિત્ર કર્યું છે. સેવકરામ માંદો હતો. મહારાજે ખૂબ સેવા કરીને તેને સાજો કર્યો. તેની પાસે જે ધનની પોટલી હતી તે સંતાડીને રાખતો, મહારાજ તેના માટે ભીક્ષા માગી લાવતા, સાજો થયા પછી એ જ પોટલી મહારાજ પાસે ઉપડાવીને પોતે ઠાલો ભાર વિનાનો ચાલતો. મહારાજે કૃતઘ્ની જાણીને તેનો ત્યાગ કર્યો. એટલું જ નહિ પરંતુ શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે કૃતઘ્નીનો સંગ ન કરવો. એટલે આવા સાધુની અહીં વાત નથી. પરંતુ જેઓ દેવ પ્રત્યે નિષ્ઠા ધરાવે છે. તેની વાત છે.

દેવ માટે જે કંઈ સેવા થઈ શકે તે ચાલું રાખવી પડે. આળસ-પ્રમાદ ન ચાલે. આપણે મહારાજના દાખડા સામે જોવાનું છે. હું તો ત્યાં સુધી કહું છું કે દરેકે ટેટુ ચિતરાવવું જોઈએ. તેમજ **દરેક મંદિરોમાં સ્ટેટમેન્ટ લખેલી તક્તિ ચોટાડવી જોઇએ કે, ભલા થઇને અમારા દાખડા સામું જોજો. લી. સ્વામિનારાયણ ભગવાન. આમ કરવાનું કારણ એ છે કે આપણે ભૂલી જઇએ છીએ.** ઘણા હરિભક્તો કહેતા હોય છે કે સંતોએ અમને બોલાવ્યા નહીં, હાર ન પહેરાવ્યો કે પ્રસાદીનું પડીકું ન આપ્યું. આવા સમયે મહારાજના દાખડા સામે નજર હોય તો માન ન આવે કે આવો વિચાર ન આવે. **દેવના ચરણમાં અડસઠ તીરથ છે, દેવનું દર્શન કરશો તો લાડવા, મૈસુબ, મોહનથાળ બધું ઘેર બેઠા આવશે. પરંતુ માપમાં ખાજો કારણ કે ડાયાબિટીસ બહુ ચાલ્યો છે.** સંતોએ પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી આ બાબત છે. કારણ કે શરીર જો બીમાર પડે તો આપણામાં જે શક્તિ છે તેનો ઉપયોગ ન થાય. આપણે પરવશ થઈ જવું પડે. અમે સાત-આઠ વર્ષના હતા ત્યારે પૂ. બાપુજી અમને ઉઠાડીને જોગીંગ કરવા મોકલતા. ત્યારથી દોડવાનું શરૂ કર્યું છે. તે આજ સુધી દોડતા જ રહ્યા છીએ.

જેવી સામર્થી સંતોમાં છે તેવી જ સામર્થી તમારા હરિભક્તોમાં પણ છે અને એવી જ સામર્થી બહેનોમાં પણ છે. ૪-૫ દીકરીઓ એવી છે કે જેઓ શ્વસુર ગૃહે જઈને જે ગામમાં સત્સંગ નહોતો એટલું જ નહિ પરંતુ ગુગલ પર સર્ચ કરો તો નકશામાં પણ જે ગામ મળે નહિ તેવા ગામોમાં સત્સંગ કરાવીને છેલ્લા પાંચ વર્ષમાં ૨૦ જેટલા મંદિરો બનાવ્યા છે અને આજે તે મંદિરોમાં ઓછામાં ઓછા ૩૦૦ થી ૩૫૦ જેટલા હરિભક્તો દર્શને આવે છે.

સવારે ભૂલથી મોબાઈલ ચાલુ કર્યો તો શુભેચ્છાના ૭૫૦ મેસેજ આવેલા. દરેકને ન્યાય આપવો શક્ય નથી પરંતુ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેઓએ પણ શુભેચ્છા વ્યક્ત કરી છે તે દરેકને ખૂબ ખૂબ ધન્યવાદ ! આપને તથા આપના પરિવારને મહારાજ ખૂબ સુખિયા કરે, સત્સંગ કાયમ રહે અને ખાસ તો દેવના થઈને રહીએ એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# નરનારાયણ એ જ સ્વામિનારાયણ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એમ ત્રણેય શ્રીહરિના અપર સ્વરૂપોના આશીર્વચનમાં તેઓશ્રીના મુખેથી એક વચન અવાર નવાર સાંભળવા મળતું હોય છે કે, **શ્રીજી મહારાજ અને શ્રી નરનારાયણદેવમાં લેશ માત્ર ફેર નથી.** આ વચનની અતિશે મહત્તા હોય તો જ તેઓશ્રીના મુખેથી આપણને વારંવાર સાંભળવા મળતું હોય ! આ વચન નંદ સંતો રચિત શાસ્ત્ર પ્રમાણ હોવા છતાં ગૃહી-ત્યાગી એમ બન્ને વર્ગમાં આજે પણ કેટલાકને સત્ય મનાતું નથી. **જેઓ સત્ય માને છે તેઓએ પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને ઓળખી લીધા છે. જેઓને શ્રી નરનારાયણદેવનો નિશ્ચય, દ્રઢ આશરો અને દ્રઢ નિષ્ઠા છે તેઓને પોતાના ઈષ્ટદેવનો પાકો નિશ્ચય, દ્રઢ આશરો અને દ્રઢ નિષ્ઠા સહજ થઈ ચૂક્યા છે, અને તેઓનું આત્યંતિક કલ્યાણ પણ થઈ ચૂક્યું છે!**

વિ.સ. ૨૦૭૩ ના નૂતન વર્ષનો પ્રારંભ થયો. નૂતન વર્ષે જે કોઈ ધર્મપ્રેમી મનુષ્યોને કોઈને કોઈ રીતે સત્સંગનો યોગ પ્રાપ્ત થયો હોય, તે દરેક જનોને ઉપરોક્ત વચનની અતિશે દ્રઢતા થાય તે હેતુથી ૨૦૭૩ એટલે કે ૨ + ૦ + ૭ + ૩ = ૧૨, જેથી આ લેખમાં અજ્ઞાનરૂપી અંધારાનો નાશ થઈ ને સાચા જ્ઞાનનો પ્રકાશ પથરાય તેવી નંદ સંતોની કલમે લખાયેલ ૧૨ પંક્તિઓ પ્રસ્તુત કરું છું.

**૧**

श्री बद्रिपति चरणरज, वंदु वारमवार ।
जो मुनिसम तप करत प्रभु, करत विश्व उद्धार ॥
नरनारायणदेवकु, भज मिटही भवकंद ।
सो भम इष्ट अभीष्ठप्रद, श्री गुरु सहजानन्द ॥

જે સંતમાં આપણા સર્વેના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ ગુરુ ભાવ રાખતા અને જેમને 'સત્સંગની મા' નું બિરુદ મળ્યું છે તેવા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પંચરત્નમ્ વૈરાગ્ય ચિંતામણિના મંગલાચરણના આ શ્લોકમાં શ્રી નરનારાયણદેવ અને શ્રી સહજાનંદ સ્વામીનું એકત્વપણું દર્શાવે છે.

**૨**

नरनारायण आज अवतारी, जुग जुग जन्म लेत दुःख हारी ।
पतित अनेक करत भवपारा, समज देख जग जुढ पसारा ॥

(વૈરાગ્ય ચિંતામણિ)

नरनारायदेव सो, जनहित प्रगट प्रमाण ।
गुरु गम करी तिनकुं मिले, तष सोई पायो ज्ञान ॥
प्रगट देव का ध्यान बिन, माया तरत न जंत ।
रवि बिन रात न मिटत जिमि, कहत सबहि श्रुति संत ॥

(જ્ઞાન ચિંતામણિ)

**૩**

प्रभु बिन सबन से त्यागो, नरनारायण पद अनुरागते ।
तमन ममता अति विधन विडारो, युं हरिध्यान अदक उर धारो ॥

(ધ્યાન ચિંતામણિ)

पंच रत्न को पाठ नित्य, करत सुमति उठी भोर ।
नरनारायण उर विषे, मिटात मोह निशि घोर ॥
नरनारायणदेव के, अचल उपासक संत ।
तिन के चरन सरोज कुं, वंदु वार अनंत ॥

(વિજ્ઞાન ચિંતામણિ)

**૪**

पुरुषोत्तम परब्रह्म, नरनारायणरुप सोई ।
एहि अलौकिक मर्म, जो जानत सोई भव तरत ॥

(શ્રી વાસુદેવાવતાર ચરિત્રમ્)

सो नरनारायण प्रभु जेहा, पुरुष पुरातन तपस्वी तेहा ।
निज आतममे धरुं तेहि ध्याना, जो जंग हित तप करत सुजाना ॥

(શ્રી નારાયણ ગીતા)

ઉપરોક્ત તમામ પંક્તિઓ મુક્તાનંદ કાવ્યમ્, અંતર્ગત સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ લખલે છે. તેઓ શ્રીહરિના જ સંત છે છતા બન્ને સ્વરૂપોમાં લેશમાત્ર ફેર

ન હોવાથી સ્વામીએ શ્રી નરનારાયણદેવને અવતારી કહ્યા છે. ધ્યાન કરવાનું પણ કહ્યું છે અને પુરુષોત્તમ પરબ્રહ્મ કહ્યા છે, પુરાતન પુરુષ કહ્યા છે એટલું જ નહિ પરંતુ સ્વામી લખે છે કે જે સંતો શ્રી નરનારાયણદેવના અચળ ઉપાસક છે તેવા સંતોના ચરણ કમળમાં હું અનંતવાર વંદન કરું છું. શ્રીહરિને શ્રી નરનારાયણદેવ સ્વરૂપે પ્રગટ કહ્યા છે.

૫

**શ્રી નારાયણ ઋષિરુપ રે, થયા પ્રગટ પરમ અનુપ રે,**
**થયા ભક્તિધર્મના બાળ રે, શ્રીકૃષ્ણ ભક્ત પ્રિતપાળ રે.**

નિષ્કુળાનંદ કાવ્યમ્ અંતર્ગત પુરુષોત્તમ પ્રકાશ મધ્યે વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ પંક્તિ લખેલી છે. શ્રી નારાયણઋષિ એજ શ્રીહરિ સ્વરૂપે પ્રગટ થયા છે.

૬

**જય અવતારના અવતારી, મત્સ્ય કચ્છ વારાહ મુરારી,**
**જય નૃહરિ વામન નાથ, જય પરશુરામ રઘુનાથ.**
**જય હલધર કૃષ્ણ કૃપાલુ, જય બુધ્ધ કલકી દયાળુ.**
**જય અલેખધર અવતાર, જય અકળ સર્વ આધાર.**
**એવા અનેકધરી અવતાર, બેસો બદ્રિતલે બેઉ વીર,**
**રહો તાપસ વેષે હમેંશ, જટા મુકુટ સુંદર શીશ.**

(ભક્તચિંતામણિ)

૭

મરિચ્યાદિક ઋષિમુનિઓ જ્યારે બદ્રિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવનું દર્શન કરવા જાય છે ત્યારે શ્રી નરનારાયણદેવની કૃપાથી મુનિઓને સમાધિમાં અક્ષરાધિપતિ શ્રીહરિનું દર્શન થાય છે અને સમાધિમાંથી બહાર આવ્યા પછી તે જ શ્રીહરિનું બહાર નારાયણ સ્વરૂપે દર્શન થાય છે.

**પછી બારે જોયું આવી જ્યારે, દીઠી તેની તે મુરતિ ત્યારે,**
**જેવા અક્ષરધામમાં દિઠા, તેવા દિઠા સનમુખ બેઠા.**
**તે તો નારાયણનું છે કૃત્ય, એમાં નહિ કાંઈ અચરત્ય.**

(ભક્તચિંતામણિ)

૮

**નરનારાયણદેવ ભજ્યા બિનુ, ભવજલ કોઉ ન તારે સુનહુ.**
**એહી પ્રભુ અકળ રૂપ અવતારી, એહી સબ અંતર જામી,**
**પ્રગટ પ્રમાણ બિરાજત ભૂપર, મુક્તાનંદ કે સ્વામી... સુન.**

૯

**માત અહિંસા ઉતારે, આરતી માતા ઉતારે,**
**નરનારાયણ નવલ છબી પર, તન મન ધન લે વારે.. આરતી**
**પરાપર પૂરણ પુરુષોત્તમ, સમરથ વ્યાપક સારે,**
**જાકો દર્શ પરસ જગમાંહી, જન્મ કોટી અઘઘ જારે.. આરતી**

આરતીના આ પદમાં શ્રીહરિના પરમ સખા શ્રી બ્રહ્માનંદ સ્વામી શ્રી નરનારાયણદેવને પૂર્ણ પુરુષોત્તમ કહીને શ્રીહરિ સાથે એકત્વ દર્શાવે છે. જેના દર્શન, સ્પર્શથી કરોડો જન્મના પાપ બળી જાય છે.

૧૦

**નરનારાયણ સ્વામિનારાયણ, ભજમન પ્રગટ બિરાજે હરિ....નર**
**અક્ષર પર પુરુષોત્તમ સ્વામિ, મનુષ્ય દેહ ધરિ આયે હરિ,**
**જેહિ જન આઈ લેહે ઈન શરનો, તિનકે પાપ સબ જાત જરિ...નર**

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી રચિત કીર્તનની આ એક પંક્તિ છે જેમાં શ્રી નરનારાયણ અને શ્રી સ્વામિનારાયણનું એકત્વ દર્શાવ્યું છે, આ પ્રગટ પ્રભુના શરણે જે આવશે તેના સઘળા પાપ બળી જાશે.

૧૧

**કર્યું સર્વે તીર્થમાં શિરોમણી રે, શ્રીનગર સુંદર ધામ,**
**ઈષ્ટદેવ એ ભરતખંડના રે, નરનારાયણ જેનું નામ,**
**બદ્રિઆશ્રમથી આવી વસ્યા રે... ૧**
**એના અવતાર ભરતખંડમાં રે, રામકૃષ્ણ આદિક જેહ,**
**કર્યા નારાયણ પરાયણ સર્વે જીવને રે, ભક્તિ ધર્મનંદન થયા તેહ**
**બદ્રિઆશ્રમથી આવી વસ્યા રે... ૨**
**પ્રગટ હતા તે પ્રતિમામા રહ્યા રે, આજ ભૂમાનંદનો શ્યામ**
**બદ્રિઆશ્રમથી આવી વસ્યા રે... ૪**

બન્ને સ્વરૂપોનું અભિન્નપણું દર્શાવીને છેલ્લી પંક્તિમાં ભૂમાનંદ સ્વામી કહે છે પ્રગટ શ્રીહરિ શ્રી નરનારાયણદેવની મૂર્તિ સ્વરૂપે આજે પણ પ્રગટ બિરાજે છે.

૧૨

**પોતે નરનારાયણ બોલિયા રે, મને વાલા પુનમિયા દાસ**
**એમ જાણીને પૂનમે આવજો રે,**
**મારે એથી અધિક તે કોય નહિ રે.**
**એ તો રે'શે સદા મારી પાસ... એમ ૧**
**રૂડી પૂનમ પવિત્ર રળિયામણી રે, આજ રાખો દર્શનના નેમ**
**એમ નરનારાયણ બોલિયા રે**
**સુખ સંપત્તિ ઘણી તેણે પામશે રે,**
**ઘણું રે'શે કુશળને ક્ષેમ... એમ ૧**
**ધામ અક્ષર તુલ્ય અમદાવાદ છે રે**
**આજ આથી અધિક નહિ ધામ... એમ**

**પોતે પૂર્ણાનંદનો નાથજી રે,**
**સ્વામી સહજાનંદ જેનું નામ... એમ ૪**

આ મહિમા શ્રીહરિના મુખેથી જ કહેવાયેલો છે. પરંતુ શ્રીહરિએ અહીં શ્રી નરનારાયણદેવ સાથે પોતાનું અભિન્નપણું દર્શાવીને સૌને પૂનમના દિવસે દર્શનના નિયમની ખાસ આજ્ઞા કરી છે. આ ગરબી પદની શરૂઆતની પંક્તિ જોઈએ તો,

**સખી એક સમે અમદાવાદમાં રે**
**રાજે સહજાનંદ સુખકંદ, ચંદ જોઈ પૂનમનો નિર્મળો રે.**
**એવું જોઈને શ્રી ઘનશ્યામજી રે, બોલ્યા પૂર્ણાનંદનો નાથ... ચંદ. ૪**

★ ★ ★

**ઊંચો ઉપાડી હાથ રે, એમ બોલ્યા ઘનશ્યામ... કહું. ૨**
**મેં પધરાવી જે મુરતિયું રે, મંદિરું માહિ જેહ... કહું.**
**એ સૌ મારા રૂપ છે રે, તેમાં નહિ સંદેહ... કહું. ૩**
**નરનારાયણ તો હું જ છું રે, પુરણ પ્રગટ પ્રમાણ... કહું.**
**પૂર્ણાનંદ પ્રમાણ છે રે જાણો છો સંત સુજાણ... કહું. ૪**

નંદ સંતો રચિત ઉપરોક્ત ૧૨ પંક્તિઓ રૂપી પેરેગ્રાફમાં અંતમાં આપો આપ સ્વયં શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનના શબ્દો આવ્યા કે **નરનારાયણ તો હું જ છું રે**, હવે આટલું સ્પષ્ટ અને સીધુ સાદુ ગણિત કે વિજ્ઞાન હોવા છતાં જેઓ શ્રીહરિ અને શ્રીનરનારાયણદેવને જુદા કહીને અધિક-ન્યુનપણું કલ્પે છે તેઓની બુદ્ધિ પોતાના ઈષ્ટદેવ તથા નંદ સંતો કરતા અધિક છે એવું સાબિત થાય અને શ્રીહરિ તેમજ નંદ સંતોના વચનો માનવા જ નહી એ તો શ્રીહરિનો નર્યો દ્રોહ છે. માટે સં. ૨૦૭૩ ના નૂતન વર્ષથી અજ્ઞાન ટાળીને અતિ મહત્વની સાચી વાત સમજીને શ્રીહરિ તેમજ સમગ્ર ધર્મકુળનો રાજીપો પ્રાપ્ત કરીએ એજ અભ્યર્થના.

**બાળ મંડળની પરીક્ષા અંગે સૂચન**

શ્રી નરનારાયણદેવ બાળ મંડળના તમામબાળકો-સંચાલકોને જણાવવાનું કે, તા. ૧૮-૧૨-૨૦૧૬ રવિવારના રોજ દરેક બાળ મંડળના કેન્દ્ર પર બાળ મંડળની પ્રથમપરીક્ષા લેવામાં આવશે. જે ૧૦૦ માર્કસની રહેશે.

દરેક બાળ મંડળના સંચાલકોએ પ્રથમબુક પર્ણ-૧ નો અભ્યાસક્રમતા. ૧૧-૧૨-૨૦૧૬ પહેલા પુરો કરવાનો રહેશે. તા. ૧૧-૧૨-૨૦૧૬ પહેલા બાળ મંડળના સંચાલકોએ પોતાના બાળ મંડળના પરીક્ષાર્થીની સંખ્યા તેમજ દરેક સંચાલકનું નામઅને મોબાઈલ નંબર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર મોકલવાનો રહેશે.

બાળ સત્સંગની બીજી બુક પર્ણ-૨ તૈયાર થઈ ગઈ છે. જે તા. ૧૧-૧૨-૨૦૧૬ ના રોજ બપોરે ૩-૦૦ વાગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં કોટેશ્વર ગુરુકુળ ખાતે મિટિંગ રાખવામાં આવેલ છે. તેમાં દરેક સંચાલકશ્રીઓએ અવશ્ય હાજર રહેવું. અને તેજ દિવસે બાળમંડળની પર્ણ-૨ બુક અને પ્રશ્નપેપર રૂબરૂ આપવામાં આવશે.

## ધનુર્માસનો વિશેષ સત્સંગ

### તા. ૧૬-૧૨-૨૦૧૬ થી તા. ૧૪-૧-૨૦૧૭

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂનનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને માસિક અને દૈનિક ધૂનના યજમાન બની આપણું જીવન સાર્થક કરીએ એજ પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

- મહંત સ્વામી

# આત્યંતિક મોક્ષ શુધ્ધ સર્વોપરી ઉપાસના વગર સંભવ છે ?

- જયંતિભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

શ્રીજી મહારાજે સ્વમુખે પોતાનું પુરુષોત્તમપણું અનેક પ્રસંગ કહેલ છે. પૂર્વે જે અનંતપ્રકારના આશ્ચર્ય થઈ ગયા છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે. **ગઢડા પ્રથમના ૫૯** ના વચનામૃત મુજબ ''ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ'' એવા નામનું ઉચ્ચરણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમોલને વિષે નિવાસ કરે છે.''

સર્વ બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એક રહે છે. (વચનામૃત કારીયાણી-૧)

આવી રીતે ઘણા અવતારો આ બ્રહ્માંડમાં થયા છે તે સર્વે અવતારોએ જે જે વખતે જેવા જેવા કાર્યોને અર્થે અવતાર ધારણ કર્યા હોય તે કાર્ય થઈ રહ્યા પછી મૂળ સ્વરૂપમાં લીન થાય છે પરંતુ અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ કોઈઅવતારોમાં લીન થતા નથી. કારણ આ બ્રહ્માંડનાં વૈરાજનારાયણના અર્ધા આયુષ્યની પ્રાર્થનાનાં સંદર્ભે આ એક જ વખત આ બ્રહ્માંડમાં પધાર્યા છે. ત્યારથી જ સર્વ મુમુક્ષુજનો માટે આત્યંતિક મોક્ષનો માર્ગ ખુલ્લો મુક્યો છે. શ્રીજી મહારાજે પોતાનું પુરુષોત્તમપણું નીચે મુજબનાં વચનામૃતમાં સ્વમુખે જણાવેલ છે. તેમજ ''પુરુષોત્તમપણાને વધુ સ્પષ્ટ કરવા વારંવાર પાંચસો પરમહંસોનાં તથા પોતાના ગુરુ એવા શ્રી રામાનંદ સ્વામીનાં સોગંદ ખાધા છે.

**વચનામૃત ગઢડા પ્રથમ-૬૨** ''ઓગણ ચાલીસ ગુણ તે ભગવાનનાં સ્વરૂપમાં નિરંતર રહે છે તે એ કલ્યાણકારી ગુણો સંતને વિષે કેવી રીતે આવે છે ? શ્રીજી મહારાજ બોલ્યા જે એ ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે જે એને **ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણો ભગવાનના છે તે સંતમાં આવે છે. પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે ડગે નહિ અને ગમે તેવા તરેતરેનાં શાસ્ત્ર સાંભળે અને ગમે તેવા મતવાદીની વાત સાંભળે અને પોતાનું અંતઃકરણ કુતર્ક કરે પણ કોઈ રીતે ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ થાય નહિ.** એવી જાતનો જેને નિશ્ચય થયો હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય.''

**ગઢડા પ્રથમ-૫૭ ''મોક્ષનું અસાધારણ કારણ** તે શું છે ? પછી શ્રીજી મહારજ બોલ્યા જે ''ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતું છે.

**વચ. અમદાવાદ-૫ ''પુરુષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ** તે શું છે ? શ્રીજી મહારાજ બોલ્યા જે ''અનેક જીવનાં પ્રાણ નાડીનો સંકેલો કરીને જે તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી થાય નહિ. લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યા થકા વશ વર્તે તે બીજા કોઈથી થાય નહિ અને અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થપણું તે પણ બીજામાં હોય નહિ, એવી રીતે પુરુષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ છે.

**લોયા-૧૧** ''ભગવાનની મૂર્તિ પોતાને મળીહોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનનાં અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું. અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી.''

**લોયા-૧૨** નિર્વિકલ્પ નિશ્ચયનાં કનિષ્ઠ મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ ભેદ છે. તેમાં કનિષ્ઠ નિશ્ચયવાળો ભગવાનને કર્તા થકા અકર્તા સમજે **તથા નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે** તે નિર્વિકલ્પમાં કનિષ્ઠ નિશ્ચયવાળો કહેવાય.

મધ્યમ નિશ્ચયવાળો તે નિરન્ન મુક્ત જેવો થઈને ભગવાનની ઉપાસના કરે તેને મધ્યમ નિશ્ચયવાળો કહીએ. અને **ઉત્તમ નિશ્ચયવાળો તેને જાણવો જે ભગવાન પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી સર્વથી પર સર્વ કર્તા હર્તા જાણે અને પોતે અક્ષર રૂપે રહીને પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો.**

**લોય-૧૮** ''શ્રીજી મહારાજ પોતે કહે છે કે ''ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહા કઠણ છે. નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે, માટે કહેતા બીક લાગે છે શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈક અવળું પડશે ? ને જેણે પોતાનાં અંગની દ્રઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને તુટી જાય તો તે મૂળગેથી જાય અને આ વાર્તા કર્યા વિના પણ ચાલતું નથી અને એ વાત જો સમજતા ન આવડે તો દૂષણ પણ ઘણાં છે અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેનાં નિશ્ચયમાં પણ કાચપ ઘણી રહે છે. તે સારું આ વાત કરીએ છીએ.''

**ગ. મધ્ય-૯** શ્રીજી મહારાજ બોલ્યા જે ''જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ. અને કોઈ કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહિ. પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ, ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહિ. ભગવાનના સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે **દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માંના લોકમાં જશે કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ પુરુષોત્તમ ભગવાનના ધામમાં નહિ જાય. માટે નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.**

**ગ. મધ્ય-૧૪** નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મ્યપણું કહીએ છીએ એવા અડગ નિશ્ચયવાળા જે સંત તે નિવૃત્તિમાર્ગને વિશે વર્તે અથવા પ્રવૃત્તિ માર્ગને વિશે વર્તે તો પણ નિર્ગુણ જ સ્વરૂપ છે. જે ત્યાગી જણાય છે પણ તેને ભગવાનનો નિશ્ચય નથી માટે એ અજ્ઞાની છે તે જરૂર નરકમાં પડશે. અને જેને ભગવાનનાં સ્વરૂપનો એવો નિશ્ચય છે ને જો તેમાં કાંઈક થોડી ઘણી ખોટ રહી ગઈ હશે તો પણ ભૂંડી ગતિને નહિ પામે.

**વડતાલ-૧** જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપનો દ્રઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષનો પ્રાણ લીન ન થયો હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે.

**અમદાવાદ-૬** 'આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાથી સર્વ અવતાર થાય છે, ને પોતે તો અવતારી છે.

**અમદાવાદ-૭** સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારા વિના બીજો કોઈ દેખ્યો નહિ. સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અનંત બ્રહ્માંડનાં અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. માટે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો હું તે મારે વિષે મન સ્થિર થાય.

**અસલાલી-૧** ભગવત સ્વરૂપ જ્ઞાનની દ્રઢતા વિના તો પ્રજાપતિ આદિ લઈને જે જગતના સૃષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને પાછા અંતે માયાને વિષે જ લીન થાય છે. પણ શ્રી પુરુષોત્તમ ભગવાનનાં અક્ષરધામને તો એ પામતા જ નથી.

**ગઢડા અંત્ય-૧૬** જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તે સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે અને બીજાને જે કાંઈક માને છે તે તો તેના જાણીને માને માટે જાણી જોઈને પોતાનું નાક કપાવે તેવી ભક્તિ ન કરવી.

શ્રીજી મહારાજના વખતનાં નીચે મુજબનાં નંદ સંતોનો સર્વોપરિ મહિમાં પણ આપણા નિશ્ચયને સુદ્રઢ કરે છે.

(૧) પૂર્વાશ્રમનું નામ ગજો ગઢવી હતું. શ્રીજી મહારાજનાં પ્રથમ દર્શનથી જ ખેંચાઈને શ્રીજી મહારાજ સ્વયમ્ પુરુષોત્તમ નારાયણ છે. તેવો નિશ્ચય કરી દીક્ષા ગ્રહણ કરી તેમનું નામ મહારાજે પૂર્ણાનંદ રાખ્યું. તેમનામાં જ્ઞાતિ અભિમાન, વિદ્યા અભિમાન વધુ હોવાથી શ્રીજી મહારાજ તેમને માનની મૂર્તિ કહેતા. પોતાનું અપમાન થતું જણાતા દીક્ષા ત્યાગી ફરી ગજા ગઢવી થયા અને પોતાના ગરાસનાં ગામમાં રહેવા ગયા. પણ ભગવાનની પરિપૂર્ણ નિશ્ચયના બળે સ્વામિનારાયણ સિવાય કોઈ ભગવાન નથી તેવું સદાય વર્તતું. એક વખત લોધીકા ઠાકોર સાહેબ શ્રી અભયસિંહજીએ પોતાને ઉતારે ગજા ગઢવીને એકાંતમાં બોલાવી ખાનગીમાં ચર્ચા કરી પૂછ્યું કે ''કવિરાજ સ્વામિનારાયણ ભગવાન પાસે તમો ઘણાં વર્ષ રહ્યા છો તો તેમનો કેવો અવતાર માનવો ?

ગજા ગઢવી કહે, 'આપ મને સોગંદ નથી આપતા છતાં હું સોગંદ ખાઈને કહું છું કે જો હું જુઠું બોલતો હોઉ તો મને કલકત્તા અને મુંબઈમાં જે ગાયો કપાય છે તેનું પાપ મારા ઉપર આવે તેવી પ્રતિજ્ઞા કરી હું કહું છું કે શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વઅવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ છે. અભયસિંહ કહે ''તો તમો એવો મહિમા જાણતા છતાં કેમ ત્યાગી મટી ધોળા વસ્ત્રો પહેર્યા ? ગઢવી કહે હું મારા અંતરના અભિમાન, અપમાન સહન ન કરી શક્યો. મહારાજ મને પ્રત્યક્ષ માનની મૂર્તિ કહેતા તેથી હું ગૃહસ્થ થયો છું. પણ સ્વામિનારાયણ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.''

(૨) સત્સંગિજીવન લખાતી વખતે શ્રીજી મહારાજનાં સ્વરૂપનું નિરૂપણ કરતી વખતે સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને સર્વ અવતારના અવતારી સર્વકારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી સમજીને લખવા આગ્રહ કર્યો. પણ શ્રીજી મહારાજે તેમ લખવાની ના પાડી, તેથી શ્રીજી આજ્ઞા મુજબ દિનાનાથ ભટ્ટે પણ અન્ય અવતારો (રામ-કૃષ્ણાદિક) જેવા લખ્યા તે વાતની જાણ નિત્યાનંદ સ્વામીને થતા સ્વામીએ ભટ્ટજી પાસે આવી લખેલા પાના વાંચવા લીધા ને તે વાંચીને તે પાનાઓ ફાડીને ફેંકી દીધા. તેથી ભટ્ટજી કહે સ્વામી મારો શ્લોકો રચવાનો દાખડો એળે ગયોને શ્રીજી મહારાજ ઠપકો દેશે એ વળી જુદો. ત્યાર પછી ભટ્ટજીએ સર્વ હકીકત શ્રીજી મહારાજને કહી સંભળાવી તેથી શ્રીજી મહારાજે સંતોનાં આસને આસને ફરીને પૂછ્યું જે નિત્યાનંદ સ્વામી અમારા સામા પડ્યા છે તમે અમારા પક્ષમાં રહેશો કે તેમનો પક્ષ રાખશો ? ત્યારે સર્વે સંતોએ કહ્યું કે 'હે મહારાજ અમે તો તમારી આજ્ઞાને આધિન છીએ. એમ સાંભળી મહારાજ - આસને પધાર્યા અને અર્ધી રાત્રી ગઈ ત્યારે ડુંગરજી પાર્ષદને મોકલી સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી અને સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે તેડાવ્યા અને શ્રીજીએ કહ્યું કે ''નિત્યાનંદ સ્વામી અમારા સામા પડ્યા છે તેને હવે કેમ કરવું ?'' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે કે હે મહારાજ જેમ આપની મરજી હોય તેમ કરો. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, ''સ્વામી નિત્યાનંદ સ્વામી કહે છે તેમ કરવાનું કહોને ? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા મારાથી એમ ન કહેવાય. ત્યારે તમો કહો કે મહારાજ મને પૂછે (બ્રહ્માનંદ સ્વામીને) તો હું મહારાજને એમ જ કહું, તે સાંભળીને શ્રીજી મહારાજ કહે કે - અમારે તો એટલું જ પૂછવું છે કે તમો અમારા પક્ષમાં રહેશો ? કે નિત્યાનંદ સ્વામીના પક્ષમાં રહેશો ? ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે મહારાજ નિત્યાનંદ સ્વામીનું કહેવું સાચું છે. એમ કહીને બંને સદ્ગુરુઓ આજ્ઞા મળતા પોતાના આસને ગયા. સવારે સભા કરી મહારાજે આજ્ઞા કરી. જે જે સંતો અમારા વચનમાં તત્પર હોય અને અમારા પક્ષમા રહેવા રાજી હોય તેટલા સંતો અમારી પાસે આવીને બેસો. જેને નિત્યાનંદ સ્વામીના પક્ષમાં રહેવું હોય તે ભલે તેમના ભેળે બેસે. ત્યારે સહુ સંતો મહારાજની પાસે જઈ બેઠા. તેથી નિત્યાનંદ સ્વામી એકલા થઈ રહ્યા. શ્રીજી મહારાજ કહે નિત્યાનંદ સ્વામી હવે તમે એકલા થઈ રહ્યા અમારું માનો અને જેમ લખીએ તેમ હા પાડો. આ બધાય અમારું વચન માને છે ને તમે નથી માનતા તો એમાંથી ઠીક નહિ થાય. ત્યારે નિત્યાનંદ સ્વામી કહે કે મહારાજ હું પણ આપના વચનમાં જ છું. કદાચ આપની મોટપ કહેતા દુઃખ આવશે તો તે હું સહન કરીશ. પણ બીજા અવતારો જેવું આપનું વર્ણન લખવા નહિ દઉ. તેથી મહારાજે પાર્ષદોને કહ્યું આ નિત્યાનંદ સ્વામી અમારા વચન માનતા નથી ને અમારા આડા આવે છે તેથી તેમને મહા વિકટ વનમાં મેલી આવો કે તે પાછા આવે નહિ તેને અમો દેશવટો દઈએ છીએ. આમ મહારાજની આજ્ઞા થતા છેલ્લે નિત્યાનંદ સ્વામી મહારાજનાં દર્શન કરી પગે લાગી ઘોડે બેસી પાર્ષદોની સંગાથે ગયા. પાર્ષદો સ્વામીને આખી રાત્રી આડા-અવળા ફેરવી અર્ધીરાત્રી બાદ બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચરનાં સંકેત મુજબ છાનામાના ગામમાં લાવી એક એકાંત ઓરડીમાં બેસાડી દીધા. બીજે દિવસે સભા થઈ ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા મહારાજ આ સભા શોભતી નથી. કેમ કે સભાનું ભૂષણ હતું તે ગયું. નિત્યાનંદ સ્વામી તો આ સભાનું અમૂલ્ય ઘરેણું હતું. એવા સાધુ અનંતકોટી બ્રહ્માંડમાં પણ ગોત્યા જડે નહિ એવા સાધુને વગર વાંકે કાઢી મુક્યા તે ઠીક ન થયું, ત્યારે મહારાજ કહે કે સ્વામી અમોએ તમોને

અને બ્રહ્માનંદ સ્વામીને અર્ધી રાત્રીએ બોલાવીને પૂછ્યું હતું, ત્યારે તમો બોલ્યા હોત તો આમ ન થાત. સ્વામી કહે હા મહારાજ મને પણ ખબર નહિ કે તમો આવી લીલા કરશો. આમ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને બહુ દીલગીર જોઈ શ્રીજી મહારાજ કહે કે સ્વામી એ અમારી ભૂલ થઈ ગઈ. અમને ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું હતું કે નિત્યાનંદ સ્વામી ઠીક કહે છે. અમે તેમને પણ કહેલું કે અમને ઠીક પડશે તેમ કરીશું. એટલે તેઓ વચ્ચે કાંઈ બોલ્યા નહિ, હવે નિત્યાનંદ સ્વામીને પાછા લાવો. સ્વામીના દર્શન વિના થાળ જમશું નહિ. મહારાજે પાર્ષદોને કહેવરાવ્યું કે સ્વામીને ગમે ત્યાંથી તાત્કાલિક ખોળી લાવો તો હું તમારુ કલ્યાણ આ મુક્તાનંદ સ્વામી હારે કરીશ. મહારાજ અર્ધીરાત્રી સુધી થાળ જમ્યા નહિ ને સર્વ સભા ઉદાસ થઈને બેઠી હતી, તેવામાં પાર્ષદો સ્વામીને લઈને આવ્યા અને કહે મહારાજ અમે જે જગ્યાએ સ્વામીને છોડી આવ્યા હતા તે જગ્યાએ સ્વામી બેઠા બેઠા સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામની ધૂન કરતા હતા. સ્વામી મહારાજને દંડવત કરતા હતા તેમને ઉભા કરી બાથમાં લઈને બહુજ હેતથી મળ્યા. પછી મહારાજ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી ને કહે કે કેમ સદ્‌ગુરુઓ હવે તમે રાજી થયાને ? આમ નિત્યાનંદ સ્વામીની મહારાજની સર્વોપરીની દ્રઢતા જોઈને સહુ સંતો ઉભા થઈ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને મળ્યા. (સ્વામિનારાયણ દિગ્વિજય અંક સને ૧૯૪૨ માં બ્રહ્માનંદ સ્વામીનું જીવન દર્શન પુસ્તક) આ ઉપરાંત વિશેષ અવતરણો નીચે મુજબ છે.

સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડમાં દુઃખી થતા જીવોને શ્રીહરિની કૃપાથી કલ્યાણ કરી ભૂમાપુરુષનાં લોકમાં મોકલ્યા. એ પ્રસંગ વર્ણવીને સ્વામી કહે છે કે પછી સંત પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા જે, હે સંતો અમો કોઈ દિવસ અક્ષરધામમાંથી આ બ્રહ્માંડમાં આવ્યા નથી અને આવશું પણ નહિ માટે આજ તો અમારે અગણિત જીવનાં કલ્યાણ કરવા છે. સમગ્ર સત્સંગની જવાબદારી શ્રીહરિએ યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને સોંપી હતી. શ્રીજીનાં અવતરણની આ અદ્વિતીયતા તેઓ સારી રીતે જાણતા અને મુમુક્ષુઓને એ પ્રમાણે સમજાવતા. એકવાર ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે ''જ્યારે શ્રીહરિ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક શ્રીજીનાં દર્શને આવતા તે સર્વને શ્રીજી મહારાજ પોતપોતાનાં ઈષ્ટદેવનાં દર્શન કરાવતા. એવી રીતે ચોવીસ અવતારોનાં દર્શન કરાવતા. તથા મુસલમાનને અલ્લાહનાં તથા શ્રાવકને તીર્થંકરનાં દર્શન કરાવતા હતા. આમ દરેકને પોતાનાં ઈષ્ટદેવનાં દર્શન કરાવીને તે સર્વેને પોતાનો આશ્રય કરાવી દેતા. એવી અનેક જાતની સામર્થી વાપરી પોતાની પુરુષોત્તમપણાની ઉપાસના નિઃશંકપણે દ્રઢ કરાવતા.

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના મુખેથી સાંભળી તેમજ સ્વયં અનુભવેલ મહારાજનાં ચરિત્રોને શ્રીહરિ ચરિત્રામૃત સાગર ગ્રંથમાં વર્ણવ્યા છે. સં. ૧૯૧૯ માં હરિચરિત્રામૃત સાગરનાં પંદરમાં પુરનાં એકતાલીસ તરંગ પુરા થયા હતા. તે વખતે રઘુવીરજી મહારાજ અક્ષરધામ સિધાવ્યા. તે પહેલા રઘુવીરજી મહારાજ આધારાનંદ સ્વામીને પૂછતા કે ગ્રંથ કેટલો ભરાયો ? પ્રથમથી પાંચ સુધીનાં પુર તેમણે પોતે વાંચ્યા હતા. અને વાંચીને બોલી ઉઠ્યા.

''સર્વોપરી ભયે યહ અવતારા, એસે અવતાર ન ભયે કોઈ વારા

સર્વોપરિ જો ચરિત્ર કરતાહિ, સત્સંગમે જન બોલત રહા હિ.''

આમ મહારાજે પોતાનું સર્વોપરીપણું પોતાનાં નંદપંક્તિનાં સંતો દ્વારા બતાવ્યું. ઉપરાંત પોતાની સર્વોપરીપણાની દ્રઢતા માટે પોતે સ્વમુખે ગુરુ રામાનંદ સ્વામીની ચૌદમાની સભામાં પોતાના ''શ્રીસ્વામિનારાયણ'' નામ ને મહામંત્ર તરીકે ઉદ્‌ઘોષ કરી આશ્રિત જનોને આ મહામંત્રનો જપ કરી આત્યંતિક કલ્યાણનો માર્ગ સરળ કર્યો. આમ શ્રીજી મહારાજની સર્વોપરી ઉપાસનાના પ્રતાપે જ આત્યંતિક કલ્યાણ સાધી શકાશે. જો ઉપાસનામાં જેટલી ખામી રહી જશે તેટલી પ્રાપ્તિમાં પણ ખામી રહી જશે. માટે પોતાના આત્માનાં આત્યંતિક કલ્યાણ માટે સર્વોપરી ઉપાસનાં પોતાના જીવમાં દ્રઢ કરવી તેજ ડહાપણનું કામ છે.

# શીઘ્ર કવિ સ્વામી ભૂમાનંદ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)



સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'નંદ' અંત્યાક્ષર આવે એ રીતે નામાભિધાન રાખેલ ૫૦૦ પરમહંસોમાં શ્રી ભૂમાનંદ સ્વામીનું જીવન અને કવન જોતાં એમનું નામ ભૂલાય તેમ નથી. તેમનું વ્યક્તિત્વ એક અનેરા, અનોખા અને અદ્વિતીય સંત તરીકે ઉપસી આવે છે. સ્વામી ભૂમાનંદે જે ભક્તિસાહિત્યનું યોગદાન સંપ્રદાયને કર્યું છે, તે એક આગવી ભાત પાડી જાય છે. એમણે રચેલ હૃદયસ્પર્શી અને હૃદયંગમ કીર્તન, -

**''સર્વ સખી જીવન જોવાને ચાલો રે,**
**શેરડિયું માં આવે લટકંતો લાલો રે....''**

વધુ પ્રચલિત છે.

ભૂમાનંદ સ્વામીનો જન્મ જામનગર જિલ્લાના 'કેશીઆ' ગામમાં સં. ૧૮૫૨ ના વૈશાખ સુદ સાતમના રોજ થયો હતો. પિતાનું નામ રામજીભાઈ અને માતાનું નામ કુંવરબાઈ. જ્ઞાતિએ કડિયા. તેમનું પૂર્વાશ્રમનું નામ 'રૂપજીભાઈ' હતું. પિતાએ અથથી ઈતિ સુધી માંડીને ભગવાન સ્વામિનારાયણના મહિમા અને ઐશ્વર્યની વાતો કહી સંભળાવી હતી. પરંતુ દર્શન કરવા જવાનું શક્ય ન બન્યું. કારણ કે પિતાજી બહુજ બીમાર પડ્યા, તેથી પિતાની સેવામાં જ સમય વ્યતીત કરતા. જીભ પર અહોનિશ ભગવાન સ્વામિનારાયણનું નામ હોય.

પિતાજીનો દેહવિલય થવાતો હતો ત્યારે તેમને તેડવા માટે સંતો સહિત શ્રી સહજાનંદ સ્વામી પધાર્યા. પિતાની માફક રૂપજીભાઈને પણ દિવ્ય દર્શનનો અલભ્ય લાભ મળ્યો. દર્શન થતાંની સાથે જ રૂપજીભાઈને સમાધિ થઈ. સમાધિમાં તેમણે તેજોમય અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર વિરાજેલ સહજાનંદ સ્વામીનાં દર્શન કર્યા, એમની સમીપ અક્ષરમુક્તો અને હરિભક્તોની અકડેઠઠ અલૌકિક સભા ભરાઈને બેઠી હતી. શ્રી સહજાનંદ સ્વામીએ રૂપજીભાઈને બોલાવી પોતાના કંઠને વિષે ધારણ કરેલ હાર પ્રેમથી પહેરાવી દીધો!

રૂપજીભાઈ સમાધિમાંથી જાગૃત થયા. તેમને આપોઆપ મહારાજનું દિવ્ય સ્વરૂપ ઓળખાઈ ગયું અને પરમજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ!

પિતા અક્ષરધામ સિધાવ્યા પછી પોતાના ત્રણેય ભાઈઓ સાથે 'કેશીઆ' ગામથી 'જીરાગઢ' સ્થિર થયા. પંદર વર્ષની નાની ઉંમરે ભાઈઓની અનુમતિ લઈ રૂપજીભાઈ 'તરઘરી' મુકામે એક શેઠને ત્યાં એક નિષ્ઠાથી ત્રણ વર્ષ નોકરી કરી. આજ સુધી તેમણે પગાર માગ્યો ન હતો. એક દિવસ પગારની માગણી કરી, પણ કપટી શેઠે કહ્યું : ''રૂપજી ! મેં તો તને બધો જ પગાર ચૂકવી દીધો છે.'' રૂપજીભાઈ ખૂબ કાકલૂદી કરી, પણ શેઠ માન્યા જ નહિ.

આખરે તેમણે પંચને બોલાવી પંચ સમક્ષ પગાર અંગે પ્રસ્તાવ મૂક્યો. એ અરસાની અંધશ્રદ્ધા વિશેનો પ્રસંગ ઉલ્લેખનીય છે. 'પંચ ત્યાં પરમેશ્વર' મહાજને નિર્ણય લીધો કે રૂપજીએ લોઢાની ધગધગતી સાંકળ સૌની સમક્ષ પોતાના ગળામાં પહેરવી! જો રૂપજી સાચો હશે તો તેને આંચ નહિ આવે.

બીજે દિવસે મહાજનની હાજરીમાં રૂપજીએ ભગવાન સ્વામિનારાયણનું નામ લઈ લોખંડની તપાવેલી લાલચોળ સાંકળ સ્વહસ્તે પોતાના કંઠમાં માળાની માફક પહેરી લીધી!!

એમને ઉની આંચ પણ ન આવી! સૌ દિગ્મૂઢ બની આ ૧૮ વર્ષના યુવાનને એકીટશે જોઈ જ રહ્યા! પંચે નિર્ણય લીધો કે, ''રૂપજી નિર્દોષ છે...''

ત્રણ વર્ષનો પગાર લઈ રૂપજીભાઈ ફરતા ફરતા

અનુ. પેજ નં. ૩૧




# ભક્તપ્રિય ભક્તચિંતામણી રે !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

આપણા સંપ્રદાયનાં સર્વે શાસ્ત્રો પૈકી શ્રી નિષ્કુળાનંદ સ્વામી એ રચેલ ''ભક્તચિંતામણી'' એક અનોખી કાવ્ય-ધારા છે. સર્વાવતારી શ્રીહરિના પ્રાદુર્ભાવથી તે અક્ષરધામ-ગમન પર્યંતના સમગ્ર ચરિત્ર સભર આ ભક્તચિંતામણી ગ્રંથ ભક્તોના આધિ વ્યાધિ અને ઉપાધિકૃત તમામ કષ્ટોને હરે છે અને એનો પાઠ કરનાર ભક્તજનનાં હૃદયમાં પરમ શાંતિનો અનુભવ કરાવે છે. જેમ ચિંતામણી જેની પાસે હોય તે કંગાલ ન હોય, તેમ ભક્તચિંતામણી ગ્રંથ પણ ભક્તોના મનોરથ તત્કાળ પૂર્ણ કરે, એવો પ્રભાવશાળી આ ગ્રંથ છે.

પ્રત્યેક પ્રસંગે સહભાગી થનાર તમામ સંતો અને હરિભક્તોનાં નામ ગામ અને ગુણોનું વર્ણન એવું અદ્દભુત છે કે ભક્ત અને ભગવાનનો અતૂટ સંબંધ હૈયામાં ઉભરીને આનંદના ઓઘ ઉછાળે છે. પ્રત્યેક લીલા પ્રસંગ વાંચ્યા કે શ્રવણ કર્યા પછી આપો આપ એનું મનન અને નિદિધ્યાસ થયા કરે એવી અદ્દભુત કળા આ ભક્તચિંતામણિ કાવ્ય-ધારામાં છે. આ ભક્તચિંતામણીનું એક બીજું અદ્દભુત જમા પાસું એ પણ છે કે તેમાં આદર્શ સંતનું પણ વિશિષ્ટ દર્શન છે. આદર્શ સંત કેવા હોય અને સૌ સંતોનો આદર્શ કેવો હોય તેનું આબેહૂબ શબ્દચિત્ર બીજા જ પ્રકરણમાં સ્વામીએ સ્પષ્ટપણે રજુ કર્યું છે.

હરિયશ ગાતાં ગાતાં અને ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં લીલા ચરિત્રો સંભારતા સંભારતા તેમાં અંતર ઓગળી જાય એ રીતે સ્વામીએ પ્રત્યેક પ્રસંગને ભાવપૂર્વક રજુ કર્યો છે. પ્રસંગને અનુરૂપ ભાવ, અલંકાર અને શબ્દ રચના શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ એવી રીતે સાંકળ્યા છે કે પ્રસંગ દ્વારા ઉભરાતો ઉપદેશ અને તેમાં છુપાયેલ રૂચિ-રહસ્ય સિદ્ધાંત સહજ પણે સમજાઈ જાય છે.

તીર્થાટન કરતાં કરતાં ''શ્રી નરનારાયણદેવને નિરખવા જેને હૈયે ઘણી હામ છે'' તે સર્વે મોટા મોટા મુનિનાં નામ પ્રકરણ પાંચમાં વર્ણવવામાં આવ્યા છે.

તો દુર્વાસાના શાપથી જેજે ઋષિઓએ મનુષ્યતન ધારેલાં હતાં તે સર્વે પરમહંસો, સન્યાસી અને દાસ પંક્તિનાં સર્વે નામો પ્રકરણ પર માં વર્ણવેલા છે. સ્વામી લખે છે કે આ પ્રત્યેક મુનિ કેવા છે તો :

**''એક એક નામ માંહિ માનો મુનિનાં વૃંદ છે**

કેટલી સુંદર કલ્પના છે. શ્રીજી મહારાજ સાથે રહેતા પ્રત્યેક સંત જાણે ''મુનિનાં વૃંદ'' હોય એવા શક્તિશાળી હતા.

પ્રકરણ ૧૧૨ થી પ્રકરણ ૧૨૭ માં ગુજરાત કચ્છ, કાઠિયાવાડથી લઈને સમગ્ર હિન્દુસ્થાન દેશનાં હરિભક્ત બાઈ ભાઈની નામાવલિ રજુ કરી છે. આવી અદ્દભુત નામાવલિ કદાચ બીજા કોઈ શાસ્ત્રમાં જોવા નહિ મળે.

સમગ્ર ભક્તચિંતામણિ ગ્રંથમાં જેટલો ભગવાનનો મહિમાં વર્ણવવામાં આવ્યો છે એટલો જ મહિમા એમનાં ભક્તજનોનો પણ સ્વામીએ ઉપસાવ્યો છે.

અંતિમ ૧૬૪ માં પ્રકરણમાં ગ્રંથ મહિમા આલેખતા આલેખતા સ્વામી લખે છે :

''આ ભક્તચિંતામણી ગ્રંથ સત્સંગી માત્રને સુખરૂપ છે, જેમાં પ્રગટ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિનાં અતિ પાવન અને અનુપમ ચરિત્રો સુંદર રીતે આલેખ્યાં છે. બીજાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલાં ગ્રંથ તો બહુ જ છે, પરંતુ પ્રગટ-ઉપાસીજન ને આ ભક્તચિંતામણી ગ્રંથ જેવો બીજો એકેય ગ્રંથ નથી. એમાં મહારાજનાં ચરિત્રોની ગુંથણી એવી સરસ અને સરળ રીતે કરી છે કે,

**''વણ સંભારે સાંભરે, હરિ મૂર્તિ હૈયા મોઝાર''**

''હરિ મૂર્તિને સહજ રીતે હૈયામાં અખંડ સંભારી રાખવી હોય તો ''ભક્તચિંતામણિ' જેવો ઉત્તમ ગ્રંથ બીજો એકેય નથી.







1






2

3





૧. અમદાવાદ કાલુપુર મંદિરમાં રંગમહોલ ઘનશ્યામ મહારાજના ૧૩૧માં પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા તે પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. સીડની (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક. ૩. ઓકલેન્ડ - ન્યૂઝીલેન્ડ મંદિરમાં આપણા સત્સંગી ક્રિકેટર જીત રાવળની પસંદગી ન્યુઝીલેન્ડની ટીમમાં ઓપનીંગ બેસ્ટમેન તરીકે થયા બાદ તેમના પિતાશ્રી તથા પ.ભ.ડો.કાંતિભાઈ પટેલ સાથે ઠાકોરજીના દર્શન કરતા.







૧. પ.પૂ.લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં કોબા - ગાંધીનગર ખાતે સત્સંગ યુવા શિબિરમાં યુવાનો સાથે વિચાર વિમર્શ કરતા. ૨. અમદાવાદ કાલુપુર મંદિરમાં શરદ પૂનમના શરદોત્સવની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૩.અમદાવાદ કાલુપુર મંદિરમાં પ.પૂ.આચાર્ય





1





2







3





૧. શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું) ધ્રાંગધ્રા - હળવદ રોડ પર નૂતન મંદિરની ખાત વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. મહેસાણા (ગામનું હરિ મંદિર)ના શતાબ્દી મહોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ કરતા પ.પૂ.શા.સ્વામી નિર્ગુણદાસજી તથા વ્યાસ પૂજન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા યજમાન પરિવાર પ.ભ. શામજીભાઈ હરજીભાઈ હાલાઈ પરિવાર (ગોડપર - કચ્છ)

















૧.રજાઈના - કેનેડા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા પ.પૂ.પી.પી.સ્વામી (જેતલપુર)
૨. શિકાગો મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૩.ડીટ્રોઈટ મંદિરમાં શરદપૂનમના દર્શન. ૪. ટોરેન્ટો (કેનેડા) મંદિરમાં નૂતન વર્ષના ઠાકોરજીના અન્નકૂટ દર્શન. ૫.લેસ્ટર (યુ.કે.) મંદિરમાં નૂતન વર્ષના ઠાકોરજીના અન્નકૂટ દર્શન.

પ્રગટ ભક્ત અને પ્રગટ ભગવાનના ભાવથી ભરપૂર એવી આ ભક્તચિંતામણિ કાવ્ય ધારા જે જે ચિંતવીએ તે સર્વે સંકલ્પ પૂર્ણ કરનારી છે. ભક્તચિંતામણી - શ્રીહરિના અનુપમ સ્વરૂપને અંતરમાં અંકિત કરીને અખંડ સ્થાપિત કરવાનું અદ્‌ભુત સામર્થ્ય ધરાવે છે.

એ માત્ર ચિંતામણી જ નથી પરંતુ ''ભક્ત ચિંતામણિ'' છે. અર્થાત્

**છે આ ભક્તચિંતામણિ નામ રે, જે જે ચિંતવે તે થાય કામ રે**
**હેતે ગાય સુણે જે ગ્રંથ રે, તેનો પ્રભુ પૂરે મનોરથ રે !**
**સુખ સંપત્તિ પામે તે જન રે, રાખે આ ગ્રંથ કરી જતન રે**
**શિખે શિખાવે લખે લખાવે રે, તેને ત્રિવિધ તાપ ન આવે રે.**

મનુષ્ય માત્રની ગતિવિધિ જ ત્રિવિધતાપથી એનું રક્ષણ થતું રહે તે માટેની જ હોય છે અને એટલે જ આ ભક્તચિંતામણિ હેતપૂર્વક ગાવવી અને સાંભળવી જોઈએ. અને વળી માત્ર હેતપૂર્વક ગાવવી એટલું જ નહિ પરંતુ એને જતન કરવીને હૃદયમાં સાચવી રાખવાની છે, કેમ કે,

**એકાંતિકની વાત છે આમાં રે.**
**આ તો છે સત્સંગીનું સાર રે....**

એક સાચા હરિભક્ત બન્યા પછી પાછું બાળક જેવા નથી બની જવાનું. કેમ કે બાળકને ચિંતામણિ પાસે હોય તો પણ એની સમજ અને ખબર નથી હોતી. જ્યારે આપણને તો ભક્તચિંતામણિ સ્વામીએ સર્વેને બક્ષી છે. બસ, હૃદયપૂર્વક એનું પઠન, મનન અને નિદિધ્યાસ જ કરવાનો છે. શ્રીહરિ મૂર્તિની અખંડ સ્મૃતિ માટે આ ''ભક્તચિંતામણિ'' અદ્‌ભુત સામર્થ્ય ધરાવે છે.

**અનુ. પેજ નં. ૨૫ નું**

કચ્છ-ભુજમાં આવ્યા. અહીં તેઓ મલ્લ શ્રી ગંગારામભાઈના સમાગમમાં આવ્યા, સત્સંગ તો પારસમણિનો સ્પર્શ છે. તેમણે દઢ નિશ્ચય કર્યો કે, લગ્ન કરવાં નહિ અને આ જીવન અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવું. અત્રે ભુજમાં છ વર્ષ વ્યતીત કર્યા પછી મૂળી ગયા. ત્યાંથી 'ખારવા' મુકામે તળાવની પાળ પર આપોઆપ પોતાના મુખમાંથી નીચેના શબ્દો સરી પડ્યા.

**''...ન કરો પરણ્યા કેરું કામ, કદી ચૂડો ભાંગે,**
**રાખો હરિ સંગે હેત, ચૂડો અમર રાખે.**
**પહેરો સંતની વરમાળ, જમ પાસે ના'વે;**
**સોંપો તનમન ધન, હરિ તેડવા આવે...''**

ખારવાના એક સત્સંગીએ સ્નાન કરતાં કરતાં ઉપરોક્ત શબ્દો સાંભળ્યા. સ્નાનથી પરવારી રૂપજીભાઈનો સત્સંગ કર્યો. આ સત્સંગીનું નામ હતું 'ધનારાબા'. તેમનો આતિથ્ય-સત્કાર માણી ધનારાબાને સાથે લઈ ગઢડા આવ્યા.

શ્રી સહજાનંદસ્વામી એ વખતે દાદાખાચરના દરબારમાંથી માણકી ઘોડી પર સવાર થઈ લક્ષ્મીવાડીએ જઈ રહ્યા હતા; એ અરસામાં જ રૂપજીભાઈ અહીં આવ્યા. આ શીઘ્ર કવિવર્યનું હૃદય અદ્‌ભુત દર્શન દ્વારા દ્રવી ગયું. અને અનુભૂતિકણરૂપે તુરત જ - ''સર્વસખી જીવન જોવાને ચાલો રે...'' એ કીર્તન આપોઆપ રચાઈ ગયું !

મહારાજ પછી લક્ષ્મીવાડીએ પધાર્યા. રૂપજીભાઈએ સાષ્ટાંગ દંવડત્ પ્રણામ કર્યા. મહારાજ તેમને બાથમાં લઈ ભેટ્યા. અહીં સર્વ સભાને સદુપદેશ આપ્યા પછી મહારાજે પૂછ્યું : ''રૂપજીભાઈ ! સંસારી બનવું છે કે સાધુ ?'' ''મહારાજ શેષ જીવન આપનાં ચરણોમાં જ વ્યતીત કરવું છે.''

મહારાજે તેમનો દ્રઢ વૈરાગ્ય જોઈ પરમહંસની ભાગવતી દીક્ષા આપી અને 'ભૂધરાનંદ' નામ રાખ્યું. થોડા વખત પછી, તેમનું નામ 'ભૂમાનંદ' રાખવામાં આવ્યું.

'ઘનશ્યામ લીલામૃત ભાગ-૧-૨' દોહા ચોપાઈમાં રચેલો ગ્રંથ છે. તદુપરાંત બાર માસની તિથિઓ, વિરહનાં વિલક્ષણ પ્રકારના પદો, તેમનો કાવ્ય સંગ્રહ 'ભૂમાનંદ કાવ્ય' વ્રજ ભાષામાં 'વાસુદેવ માહાત્મ્ય', શ્રીમદ્ ભાગવત પંચમ સ્કંધ તથા દશમ સ્કંધ વગેરે ઉપલબ્ધ છે. 'હોરીઓ, જ્ઞાન અને ઉપદેશથી સભર છે,

''જીવ જોને તપાસી તારું કોણ રે ?'' આ પ્રકારના પદો દ્વારા જ્ઞાનોપદેશ આપ્યો છે. તેમનાં કીર્તનોમાં લાલિત્ય, રસ-સિંચન અને ઉત્તમ ભાવનો સુભગ સમન્વય જોવા મળે છે. ભૂમાનંદ સ્વામીનો રચેલ 'જમો થાળ જીવન જાઉં વારી' એ 'થાળ' ભૂમાનંદ સ્વામીના ભાવવાહી હૈયાની સંવેદનશીલતા અને અંતઃકરણની ઊર્મિનો દ્યોતક છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા (તા. ઈડર) નવો મો. : ૯૪૦૯૧૩૭૦૮૫ ઉપર સંપર્ક કરવો**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ

### ઓક્ટોબર-૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૧,૦૧,૦૦૦/- | અ.નિ. દિપ્તીબેન નવિનકુમાર પટેલના મોક્ષાર્થે - પ્રે. શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી - હ. ડૉ. ગોરધનભાઈ તથા મનીષભાઈ આસ્કા તથા નેષલ તથા દિશા તથા ધ્વનિ |
| રૂા. ૨૫,૦૦૦/- | મેનાબેન પુંજાભાઈ મોહનદાસ પટેલ - રાણીપ, હ. ભક્તિભાઈ પટેલ - દેઉસણાવાળા |
| રૂા. ૧૧,૧૧૧/- | નેહાબેન તથા શૈલીબેન કાંતિલાલ ખીમાણી (દહીંસરા) - બોલ્ટન |
| રૂા. ૧૧,૧૧૧/- | અ.નિ. માવજીભાઈ વિશ્રામભાઈ ખીમાણી પરિવાર - બોલ્ટન |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ સાયન્સ સીટી - અમદાવાદ |
| રૂા. ૧૦,૭૫૦/- | મુળજીભાઈ કાચા સહપરિવાર લેસ્ટર-યુ.કે. |
| રૂા. ૧૦,૦૦૦/- | પટેલ જયશ્રીબેન કાંતિલાલ - ફિલાડેલ્ફીયા |
| રૂા. ૫,૫૫૫/- | ગોહિલ મધુભા તખુભા |
| રૂા. ૫,૧૦૧/- | પટેલ મુકેશભાઈ ભીખાભાઈ - અમદાવાદ |
| રૂા. ૫,૧૦૦/- | અ.નિ. રૂક્ષ્મણીબેન લાલજીભાઈ હ. ક્રિષ્ણકાંતભાઈ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૧/- | ગીતાબેન મધુભાઈ દેસાઈ - હિરાવાડી |
| રૂા. ૫,૦૦૧/- | વિજયાબેન રાજેન્દ્રભાઈ પટેલ (લખતરવાળા) નિર્ણયનગર |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી |
| રૂા. ૫,૦૦૦/- | પ્રેમચંદભાઈ માધવજીભાઈ પાટડીયા - કરજીસણ |
| રૂા. ૫,૦૦૦/- | પ્રફુલ પી. ખરસાણી - અમદાવાદ. |

### નવેમ્બર-૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૦૦૦/- | ઉમાબેન કે. પંડ્યા, કીર્તિકુમાર એન. પંડ્યા - અમદાવાદ |
| રૂા. ૨૫,૦૦૦/- | ભોગીલાલ કાનજીભાઈ સોની લગ્નની સુવર્ણ જયંતી નિમિત્તે - હ. વિનેશભાઈ તથા બિનાબેન સોની - જીવરાજપાર્ક-અમદાવાદ |
| રૂા. ૬,૦૦૦/- | વર્ષાબેન અશ્વિનભાઈ સોની - ન્યુ રાણીપ |
| રૂા. ૫,૦૦૧/- | રૂચી જય પટેલ - સાબરમતી - હ. નયનાબેન મુકેશભાઈ |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. ભોગીલાલ દલીચંદભાઈ દોશી - મોરબી - હ. સુપુત્ર નિલેષ ભોગીલાલ દોશી |
| રૂા. ૫,૦૦૦/- | સુરેન્દ્ર સી. પટેલ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | સોની જયંતકુમાર નટવરલાલ - અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ - પ્રે. નંદલાલભાઈ કોઠારી |
| રૂા. ૫,૦૦૦/- | સોની ઠાકોરભાઈ નટવરલાલ - અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ - પ્રે. નંદલાલભાઈ કોઠારી |
| રૂા. ૫,૦૦૦/- | સોની દિનેશભાઈ નટવરલાલ - અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ - પ્રે. નંદલાલભાઈ કોઠારી |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ-અમદાવાદ |

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી

### ઓક્ટોબર-૨૦૧૬

તા. ૧૨-૧૦-૨૦૧૬ શ્રી મનજીભાઈ હિરાણી - યુ.એસ.એ.

તા. ૧૫-૧૦-૨૦૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ હર્ષદ કોલોની - હ. દાસભાઈ

તા. ૨૧-૧૦-૨૦૧૬ ગોમતીબેન રમેશભાઈ હિરાલાલ પટેલ - ડાંગરવાવાળા - યુ.એસ.એ.

તા. ૨૩-૧૦-૨૦૧૬ ધર્મેન્દ્રભાઈ તથા શૈલેષભાઈ નાથાલાલ પટેલ - ચિ. રીતુના જન્મદિન નિમિત્તે ડાંગરવાવાળા હા. (બોસ્ટન)

તા. ૨૭-૧૦-૨૦૧૬ દેવાંગભાઈ મનોજભાઈ ભાવસાર - વિસનગર - ચિ. અનામયના જન્મ દિન નિમિત્તે (યુ.એ.ઈ.)

તા. ૨૮-૧૦-૨૦૧૬ શ્રી લક્ષ્મી પૂજન મનોજભાઈ જે. બ્રહ્મભટ્ટ, ભાસ્કરભાઈ જે. બ્રહ્મભટ્ટ - નારણપુરા.

તા. ૨૯-૧૦-૨૦૧૬ આસો વદી ચતુર્થદર્શી નિમિત્તે પ્રસાદીના શ્રી હનુમાનજીનું વિશેષ પૂજન - હ. નરેશભાઈ આઈ. પટેલ

### નવેમ્બર-૨૦૧૬

તા. ૦૨-૧૧-૨૦૧૬ પટેલ મેનાબેન પ્રહલાદભાઈ કચરાલાલ બોગા - હ. રજનીકાંત પ્રહલાદભાઈ - ઉંઝા

તા. ૦૫-૧૧-૨૦૧૬ લીલાબેન જયંતીભાઈ પટેલ - ફેનીશ યુ.એસ.એ. (ઝુલાસણવાળા)

તા. ૦૬-૧૧-૨૦૧૬ (સવારે) સોની ઘનશ્યામભાઈ નગીનદાસ પાટડીયા - ધ્રાંગધ્રા - પ્રે. ભક્તિહરિ સ્વામી
(બપોરે) નાગરભાઈ ચતુરભાઈ પટેલ - કડી

તા. ૦૭-૧૧-૨૦૧૬ અ.નિ. ગાંડાભાઈ જુગલદાસ પટેલ - સોલાગામ - હ. પ્રજ્ઞેશ ભરતકુમાર પટેલ - ડેટ્રોઈટ (યુ.એસ.એ.)

તા. ૧૧-૧૧-૨૦૧૬ (સવારે) જશુબેન રવજીભાઈ વરસાણી - મીરજાપુર-કચ્છ
(સાંજે) બિજલબેન પંકજભાઈ પટેલ - કરજીસણવાળા - બિજલબેનના પિતાશ્રીના સ્મરણાર્થે

૨૦-૧૧-૨૦૧૬ નિતેષભાઈ નટવરલાલ પટેલ (કરજીસણવાળા) ફલોરિડા (યુ.એસ.એ.)

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ધીરજના ફળ મીઠાં

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક ગામમાં ખેડૂતની ખૂબ વિશાળ જમીન હતી. તેમાં ઘણા બધા આંબા વાવેલા અને સારી એવી મહેનત કરેલી તે ઘણા બધા લીલાછમ અને ઘટાદાર આંબાના વૃક્ષોથી આખું આંબાવાડીયું ઘટાટોપ બની ગયેલું. આ આંબાના વૃક્ષો પર મોર પણ બેઠો અને નાની નાની કેરીઓ પણ આવી. ઉનાળાનો તાપ વધવા લાગ્યો અને કેરીઓ મોટી થવા લાગી. સરસ મજાની કેરીઓ જોઈ એટલે વાંદરાને કેરીઓ ખાવાનું મન થઈ ગયું. ૪૦-૫૦ વાંદરાઓનું ટોળું કેરીઓ ખાવા આ આંબાવાડીયામાં આવ્યું.

કેરીઓના ફળને કોઈ નુકશાન ન થાય તેથી દેખરેખ કરવા ખેડૂતનો છોકરો આ આંબાવાડીયામાં જ ચોકી કરતો હતો. તેણે આ ટોળાને લાકડી અને પથ્થર દ્વારા ભગાડી દીધું. કેરીઓ ખાવા ન મળી એટલે આ બધા વાંદરા નિરાશ થઈ અને તેમના નિવાસ સ્થાને આવ્યા અને બધી વાત તેમના આગેવાન બૂઢિયા વાંદરાને કરી. આ બૂઢિયા વાંદરાએ એક સરસ રસ્તો બતાવ્યો. અહીં આ ઘણી બધી ખુલ્લી જગ્યા છે. કોઈની માલિકીની પણ નથી. તો તમે બધા મહેનત કરો. તો અહીં સુંદર આંબાવાડીયું બનાવી દઈએ. પછી આપણા આંબાવાડીયામાં તૈયાર થયેલી કેરીઓ તમે પ્રેમથી ખાઈ શકશો તમને કોઈ રોકશે પણ નહી અને માર પણ નહીં ખાવો પડે.

બૂઢિયા વાંદરાનો આ પ્રસ્તાવ બધા જ વાંદરાને ખૂબજ ગમી ગયો. થોડા વાંદરાઓ ખાડા ખોદવા લાગ્યા. થોડા વાંદરાઓ ચારે બાજુ ફરી ગોટલીઓ વીણી વીણીને લાવવા માંડ્યા. સારી એવી મહેનત કરી ગોટલીઓ વાવી પણ દીધી. આટલે સુધી તો બહુ સારૂ કામ કર્યું. સાચા રસ્તે મહેનત કરી. પણ વાંદરા કોનું નામ બે-ચાર-પાંચ દિવસ થયાને એમના મનમાં તો સળવળાટ ચાલું થયો કે હજુ છોડ બહાર આવ્યો કેમ નહી ? એમના મનમાં એમ હશે કે ગોટલી વાવે ને બે-ચાર દિવસમાં તો મોટું ઝાડ થઈને કેરીઓ આવવા માંડે. ધીરજતાના અભાવે જ્યાં જ્યાં ગોટલીઓ વાવી હતી તે બધા ખાડા ફરીથી ખોદી નાંખ્યાને ગોટલીઓ ફોતરી કાઢી.

બૂઢિયા વાંદરાએ આ જોયું એટલે તેને બહુ દુઃખ થયુ ને તે કહેવા લાગ્યો. અરે મૂર્ખાઓ ! આમ ''ઉતાવળે આંબા ન પાકે.'' ધીરજ રાખવી પડે. એનો સમય થાય ઝાડ મોટાં થાય પછી એમાં કેરીઓ આવે.

મિત્રો ! બહુ સમજવા જેવી વાત છે. ધરમ, ધરતીને ધીરજ સમયાંતરે સારા ફળ આપે છે. એટલે જ કહ્યું છે કે....

**''ધીરે ધીરે રે મના, ધીરે સબકુછ હોય.**
**માળી સીંચે સો ઘડા, ઋતુ આવે ફળ હોય.''**

માળી સો સો ઘડા પાણી રેડે તેથી કાંઈ તરત જ ફળ બેસી જતાં નથી. એ તો તેની ઋતુ આવે ત્યારે જ ફળની પ્રાપ્તિ થાય છે.

આજે જ કંઠી બાંધી ને બે દિવસ ભજન કરે ને વિચારે કે બે દિવસ માળા ફેરવી તરત જ હું સુખી થઈ જાઉં મારૂં આ દુઃખ દૂર થઈ જાય. એવું ન બને. એ જ રીતે પરમાત્માની ભક્તિ, ઉપાસના, ધ્યાનની વાતમાં પણ ઉતાવળે આંબા ન પાકે. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે ભગવાનનું ધ્યાન કરતાં મૂર્તિ અંતરમાં ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ. એવા આગ્રહવાળા ભક્ત ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. અને ભગવાન તેની ભક્તિએ કરીને તેને વશ થઈ જાય છે. (પ્ર.-૫)

માટે આજને આજ ધનવાન બની જાઉ કે આજને આજ સિધ્ધ બની જાઉં એમ ન થવાય પુરુષાર્થ કરતા રહો તો સમય આવે સારા ફળની પ્રાપ્તિ થાય.

દુકાન શરૂ કરીને બીજે દહાડે લાખોપતિ બની જાઉં એ ક્યાંથી શક્ય બને !

કોલેજમાં એડમીશન મળ્યું અને તરત ગ્રેજ્યુએટ બની જાઉ એ કઈ રીતે શક્ય બને !

આજે ભક્તિ કરવાની શરૂઆત કરી અને આવતી કાલે ભગવાન મને વરદાન માગવાનું કેમ કહેતા નથી !

આ બધી લૌકિક અને પારલૌકિક બધી જ બાબતોમાં, સાધના અને આરાધનામાં શ્રધ્ધા, સ્થિરતા અને ધૈર્યની ખૂબજ જરૂર પડે છે. એટલે જ આપણા સંતો કહે છે કે

**''ધીરજ ધર તું અરે અધીરા''**

માટે ધીરજથી કરેલું ભજન ભગવાન સુધી પહોંચે છે. માટે મીઠાં ફળ જોઈતાં હોય તો ધીરજ રાખતાં શીખો.

•

## પૂજા બે પ્રકારની છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

બાળમિત્રો ! તમે દરરોજ પૂજા કરો છો ? હા, તો આવો આજે આપણે ઠાકોરજીની પ્રત્યક્ષ પૂજા અને માનસી પૂજાના મહિમા વિશે બહુ સુંદર મજાની વાત કરીએ.

બોટાદના શિવલાલભાઈ ખૂબ સારા સત્સંગી હતા. ગોપાળાનંદ સ્વામી જ્યારે જ્યારે બોટાદ પધારે ત્યારે એક વાત અચૂક બનતી. શિવલાલભાઈનું કાયમી નિયમ હતું કે સ્નાનાદિક વિધિથી પરવારી મંદિરમાં આવી ઠાકોરજીની નિત્યપૂજા કરવા બેસે. જ્યારે શિવલાલભાઈ પૂજા કરે ત્યારે ગોપાળાનંદ સ્વામી પણ શિવલાલભાઈની બાજુમાં આવીને બેસતા. એકવાર શિવલાલભાઈને પૂજામાં કાંઈક બીજો વિચાર આવ્યો ને ગોપાળાનંદ સ્વામી પૂજામાંથી ઉભા થઈ ચાલી નીકળ્યા ને પોતાને આસને જઈને બેઠા. પૂજા પુરી થયા પછી શિવલાલભાઈએ સ્વામી પાસે આવીને વંદન કર્યા અને પૂછ્યું - સ્વામી ! આજે કેમ વહેલા ઉભા થઈ ગયા ? સ્વામી કહે - શિવલાલ ! તું પૂજા એટલી એકાગ્ર મને કરીને કરે છે કે તારી પૂજાનો સ્વીકાર કરવા ભગવાન દરરોજ તારી પૂજામાં આવે છે. હું તેમના દર્શન કરવા તારી પાસે બેસું છું. પણ આજે તે કાંઈ બીજો વિચાર કર્યો તેથી ભગવાન ચાલી નીસર્યા ને હું પણ ચાલી નીસર્યો.

પૂજા કરતાં એક દિવસ પણ આટલો વિચાર સરખો આવે ને ભગવાન ચાલી નીસરતા હોય તો આપણે જે પૂજા કરીએ છીએ તેનો ક્યાં નંબર આવે ! પછી આપણે ફરિયાદ કરીએ કે હું આટલા કલાક પૂજા કરું છું છતાં ભગવાન મારી એકે વાત સાંભળતા નથી તો એ ક્યાં મેળ પડે. આ થઈ પ્રત્યક્ષ પૂજાની વાત.

એ જ રીતે માનસી પૂજાનું મહત્વ પણ કાંઈ ઓછું નથી. જો મહારાજની આજ્ઞા મુજબ એકાગ્રતાથી માનસી પૂજા પણ કરવામાં આવે તો તે પણ મોટા ફળની પ્રાપ્તિ કરાવે છે. આપણા નિષ્કુળાનંદ સ્વામીએ પરચા પ્રકરણમાં નોંધેલી પર્વતભાઈની માનસીપૂજાની વાત આનો પ્રત્યક્ષ પુરાવો છે.

અગતરાઈના પર્વતભાઈ વ્યવસાયે ખેડૂત હતા. સવારે પૂજા તો કરતાં જ પણ પાંચે સમય માનસીપૂજા પણ પુરા ભક્તિભાવથી કરતાં. ખેતીની સીઝન ચાલુ હોય ત્યારે હળ ચલાવવાનું બંધ કરી માનસીપૂજા કરવા બેસે. એવું તો ક્યાં શક્ય બને ! પણ ચાલુ કામે જ હળ ચલાવતા જાય ને માનસીપૂજા કરવાં લાગ્યા. મહારાજને જમાડવા છે તેથી મનમાં ચિંતવન ચાલુ કર્યું કે હે મહારાજ ! આ બાજરીનો રોટલો ને દહીં આપને અર્પણ કરૂં છું. હે મહારાજ સ્વીકારો. આ રીતે માનસી પૂજા ચાલું છે ત્યાં પર્વતભાઈની સાથે બીજો જે સાથી હતો તેની નજર પડી. પર્વતભાઈની આંખો બંધ જોઈ એટલે મનમાં માની લીધું કે પર્વતભાઈને ઉંઘ આવતી લાગે છે એટલે તેણે પોતાનું હળ થોડું પાસે લઈને જઈને પર્વતભાઈના હળને જરા ઠેબું માર્યું ને પર્વતભાઈનો હાથ જરાક હલી ગયો તો જમીન ઉપર રોટલો ને દહીં ઢોળાયા તે દેખાયા. આ જોઈને એમનો સાથી આશ્ચર્ય ચકિત થઈ ગયો કે આ કેવી અજાયબી !! એમનાં હાથમાં કાંઈ જ નહોતું તો પછી આ રોટલોને દહીં આવ્યા ક્યાંથી ? પછી ખ્યાલ આવ્યો કે પર્વતભાઈ સૂતા નહોતા પણ માનસીપૂજામાં ભગવાનને થાળ જમાડતા હતા. જો એકાગ્ર મનથી માનસીપૂજા પણ કરી તો ભગવાને પ્રત્યક્ષપણે તે સ્વીકારી.

મિત્રો ! આપણા ઈષ્ટદેવની આજ્ઞા છે કે હરિભક્ત માત્રને સ્નાનાદિકથી પરવારી નિત્યપૂજા કરવી. જો આપણામાં ક્યાંક કચાસ હોય ને પૂજા ન કરતાં હોઈએ તો નિયમિતપણે પૂજા કરવી અને વિશ્વાસ રાખવો કે જો શ્રધ્ધાથી, એકાગ્રતાથી ભગવાનની પ્રત્યક્ષ કે માનસીપૂજા કરીશું તો તે ભગવાન જરૂર સ્વીકારશે.

આ વાત શ્રીહરિએ સ્વમુખે સારંગપુરના ત્રીજા વચનામૃતમાં કહી છે કે - ''ભગવાન વિષે પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર થઈને ગદ્‌ગદ્‌ કંઠે થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસીપૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્રે અને ગદ્‌ગદ્‌ કંઠ થયા વિના કેવલ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે તો યે ન્યુન છે. અને માનસી પૂજા કરે છે તોયે ન્યુન છે.''

આપણા ઈષ્ટદેવના સ્વમુખે કહેવાયેલા આ શબ્દો પર શ્રધ્ધા હોય તો પૂજામાં આપણે કેટલી વખત બેસીએ છીએ તે મહત્વનું નથી પણ કેવી રીતે બેસીએ છીએ તે મહત્વનું છે. ઘણીવાર કોઈ કહેતા હોય કે અમારે તો ઢીલું પોચું ચાલે જ નહી. સવારે ત્રણ કલાક પૂજામાં બેસીએ છીએ. ઘણી સારી વાત ગણાય કે ત્રણ કલાક ભગવાનની પૂજા માટે સમય ફાળવે. પણ ધ્યાન એ રાખવું જોઈએ કે એ ત્રણ કલાક જેવી રીતે શ્રીહરિએ કીધું એવી રીતે પૂજા થાય છે કે નહી ? ચા-પાણી, નાસ્તા, ફોન, વ્યવહાર બધું સાથે ચાલતું હોય તેવી રીતે જો ત્રણ કલાક પૂજા થતી હોય તેના કરતાં પાંચ મિનિટ પણ જો ભગવાનની મૂર્તિમાં એકાગ્ર મન કરી રોમાંચિતગાત્રે સહિત પૂજા થાય તો એ શ્રેષ્ઠ છે.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"આપણે બધું જાણવા છતાં ભૂલી જઈએ છીએ"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

મહારાજે એવું ક્યારેય નથી કીધું કે ગૃહસ્થાશ્રમ છોડીને જ ભજન કરાય પરંતુ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ વર્ણાશ્રમ ધર્મનું પાલન તો કરવું જ પડે. પરંતુ આપણે શું કરીએ છીએ ? તો ઘરના કામમાં મોહ માયામાં આસક્તિથી બંધાઈ જઈએ છીએ. પરમાત્માએ કૃપા કરીને આપણને મનુષ્ય જન્મ આપીને આપણને કેટલા બધા અધિકારો અને કેટલી બધી તકો આપી છે. તે વિચારવાનું છે. મનુષ્ય જન્મ મળ્યા પછી દેવતાની જેમ શ્રેષ્ઠ બનવું કે પશુની જેમ નિમ્ન બનવું તે આપણા હાથની વાત છે. પશુ-પક્ષીઓ પોતાનું પ્રારબ્ધ બદલી શકતા નથી. દેવતાઓ પણ પોતાનું પુણ્ય જ સ્વાભાવિકપણે ભોગવે છે. પરંતુ એક માત્ર મનુષ્ય જન્મ જ એવો છે કે જેના માધ્યમથી પુરુષાર્થ દ્વારા ઉર્ધ્વગતિ તરફ પણ જઈ શકાય છે. તો બધા મનુષ્યો પોતાની ઉર્ધ્વગતિ જ ઈચ્છતા હોય છે. રાત-દિવસ સુખની પ્રાપ્તિ જ ઝંખતા હોય છે. બધાનું એક જ લક્ષ્ય હોય છે. સુખની પ્રાપ્તિ અને દુઃખની મુક્તિ. છતાં બધા દુઃખી કેમ થાય છે ? તો વ્યક્તિના જીવનમાં જ્ઞાનનો અભાવ છે કે સાચું સુખ ક્યાં છે ? તો સાચું સુખ એ ભૌતિક સુખ નથી ? ભૌતિક સુખ તો આપણે ભોગવીએ જ છીએ તો પણ આપણે દુઃખી ને દુઃખી જ છીએ. તો તેનું કારણ શું છે ? તો આપણા જીવનમાં સદાચાર અને નીતિ નિયમનો અભાવ છે. આપણે ભૌતિક સુખ મેળવવા માટે ખોટા કામ કરતા પણ અચકાતા નથી. વ્યાકુળ થઈ જઈએ છીએ અને ના કરવું જોઈએ તે કરીએ છીએ. આપણને ઘણા લોકો જે નીતિ અને ધર્મવાળા લાગે પરંતુ તેમનું વ્યવહાર કાર્ય અનીતિ અને અધર્મવાળું હોય છે. વ્યવહારમાં અનીતિ અને અધર્મનું આચરણ કરવાથી આપણે જાણતા અજાણતા ભગવાનથી દૂર થતા જઈએ છીએ. આપણે અધર્મના આચરણથી દિવસે દિવસે કુસંગમાં ઘેરાતા જઈએ છીએ અને આપણને ખ્યાલ પણ આવતો નથી. અને ભગવાનથી આપણી દૂરી વધતી જાય છે. તે બીજું દુઃખનું કારણ છે. અને ત્રીજું સૌથી મોટું કારણ એ છે કે આપણે બીજા પાસેથી સુખની અપેક્ષા રાખીએ છીએ. બધા આ જગતમાં એવી અપેક્ષા રાખે છે કે પોતના દીકરા-દીકરી તરફથી પોતાને સુખ જ પ્રાપ્ત થાય ! અને મળે છે શું ? તેની બધાને ખબર છે. તો બીજાના દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરવાનો અને કોઈ અપેક્ષા જ ન હોય પછી ચિંતા જ નથી રહેતી. પુરી થાય કે ન થાય. અને કોઈની પણ ટીકા નહિ કરવાની. દરેક વાતે બધા નો આભાર માનવાનો. જે સુખ આપણે ભોગવી રહ્યા છીએ તેનો વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવે કે તેમાં કેટલા બધા લોકોનું યોગદાન છે.

આપણે રોજ રોટલી ખાઈએ છીએ તેમાં પણ કેટલા લોકોનું યોગદાન છે. અનાજ ખેતરમાં ઉગે છે. દુકાનમાં જાય છે. ઘઉં ઘરમાં આવે છે. લોટ પિસાય છે. રસોઈ થાય છે. અને થાળી પીરસાય છે. આટલા બધાનો ઉપકાર ભળે ત્યારે એક રોટલી ખવાય છે. માટે બધાનો ધન્યવાદ માનવાનો અને વિચાર કરવાનો કે આજે મને જે જમવા મળ્યું છે તેમાં કેટલા લોકોનો ઉપકાર સમાયેલો છે. આ તો માત્ર રોટલીની વાત થઈ. પરંતુ આખા જગતની જેટલી બધી વસ્તુ આપણે ભોગવી રહ્યા છીએ તેમાં કેટલાનો ઉપકાર સમાયેલો છે. એવું વિચારીશું તો કોઈના ઉપર ક્યારેય ખીજ નહિ ચડે. અને જડ વસ્તુની પણ ઉપેક્ષા નહિ કરવાની. કોઈ વ્યક્તિ આપણને ભલે એક ફુલ જ આપે તો પણ એવુ વિચારવાનું કે તમારા માટે લાવ્યા તો કેટલું બધું વિચાર્યું હશે. સતત તમારો વિચાર કરીને લાવ્યા હશે. કેટલા પ્રેમથી તમને આપ્યું હશે. તેની ભાવના જોવાની. આવું આપણે કરશું ને તો બધું ગમવા લાગશે. બીજાની ભાવનાનું સન્માન કરતા શીખવાનું છે. બધી વસ્તુ કાયમ ખરાબ નથી હોતી. કોઈ પ્રત્યે કોઈપણ પ્રકારની અપેક્ષા નહિ હોય તો દુઃખ પણ નહિ થાય અને જીવન જીવવાનું પણ સહેલું થઈ જશે. જીવન સહેલાઈથી જીવાય તેના માટે પ્લાનિંગ કરવાનું.

(૧) જીવન જીવવાનું લક્ષ્ય નક્કી કરવાનું અને ધ્યેય પ્રમાણે જ જીવન જીવવાનું.

(૨) પ્લાનિંગથી કાર્ય કરવાનું, આપણે રોજ સવારે ઉઠીએ તો નક્કી હોય છે કે કાલે આ કાર્ય કરવાનું છે. જ્યારે બધું પ્લાનિંગ હોય છે ત્યારે ૨૪ કલાક સહેલાઈથી ટેન્શન વગર પસાર થઈ જાય છે. ઘર ચલાવવા માટે પણ પ્લાનિંગ હોય છે.

(૩) નિત્ય પ્રભુનું સ્મરણ કરવાનું. પરમાત્માથી દિવસની શરૂઆત કરવાની. ગમે તેટલા વ્યસ્ત હોય એ તો પણ ભગવાન માટે સમય તો કાઢવાનો જ. ૮ કલાક ઉંઘતા હોય તો અડધો કલાક વહેલા જાગી જવાનું.

(૪) પોતાની જરૂરિયાત સમજવાની. કેટલી જરૂરિયાત છે એટલું જ ભેગુ કરવાનું. બીજાને જોઈને પોતાની આવશ્યકતાનું માપદંડ નક્કી નહિ કરવાનું. આપણે સંતોષી થઈશું તો ખોટા કાર્યો નહિ થાય.

(૫) સમયનો સદ્‌પયોગ કરવાનો. જે અડધો કલાક કે કલાકનો આપણને સમય મળે તે સારા વિચારો અને સારા કાર્યોમાં જ વ્યતીત કરવાનો. વર્ષો પહેલા કોઈએ આપણું ખરાબ કર્યું હોય તેનો પણ વિચાર આવે તો પણ કોઈનું સારુ જ વિચારવાનું. આત્મનિયંત્રણ રાખવાનું. કોઈ પણ વસ્તુમાં લોભાઈ નહિ જવાનું. ઈન્દ્રિયો આપણી ઉપર હાવી થઈ જાય અને પાછળથી પસ્તાવો થાય તેવું નહિ કરવાનું. કાંઈ ન સૂઝે તો સૂઈ જવું પરંતુ સમયનો દુરપયોગ ન થાય તેનું ધ્યાન રાખવું.

(૬) સાચા લોકોનો સંગ કરવાનો. જેવા લોકોની સાથે તમે રહો છો તે લોકોનો પ્રભાવ તમારા ઉપર પડે જ છે.

(૭) આત્મનિરીક્ષણ કરવાનું. રોજ બેસીને વિચારવાનું મારાથી શું થઈ ગયું છે. જે ન થવું જોઈએ. ખોટું થાય તેને સુધારવાનો પ્રયત્ન કરવાનો.

આવો સત્સંગ મળ્યો છે. મહારાજની ખૂબ દયા છે. બધું જાણવા છતાં ભૂલી જવાય છે. આટલો સરસ મનુષ્ય દેહ મળ્યો છે તેનું મહત્ત્વ સમજવાનું છે.

એક માણસ હતો. લાકડા કાપી કોલસા બનાવી વેચતો હતો. અતિ ગરીબ સ્થિતિ હતી. તો રાજાને આ જોઈ ખૂબ દયા આવે છે. રાજાને ત્યાં ચંદનના બગીચા હતા. તો દસ-પંદર ચંદનના વૃક્ષ તેને આપ્યા કે આમાથી તમારૂ ગુજરાત ચલાવો. તો પેલો માણસ ચંદનના વૃક્ષને કાપીને કોલસા બનાવીને વેચવા લાગ્યો તે રાજા જોઈ ગયા. તો તેને રાજાએ પૂછ્યું કે આ શું કરો છો ? અને પછી રાજાએ સમજાવ્યું કે ચંદનના વૃક્ષ કેટલા કિંમતી છે. અને કહ્યું કે જેટલા ઝાડ રહ્યા છે તેનો સદ્‌પયોગ કરજો. તો કહેવાનો અર્થ છે કે આ મનુષ્ય જીવન ચંદનના વૃક્ષની માફક કિંમતી છે. તો મહારાજે દયા કરીને આપણને આ સત્સંગ આપી અને સત્સંગના માધ્યમથી સમજાવ્યું છે કે આ જીવન કેટલું કિંમતી છે. તમે બધા છપૈયા ગયા હશો ત્યાં સંકલ્પ-વિકલ્પ થશે જ નહિ. ત્યાં તમને ખૂબજ શાંતિ સાથે ઉંઘ આવશે. ત્યાં 'ભગવાનના સાનિધ્યનું સુખ છે.' તો આપણને કોણ મળ્યા છે ? અને આપણે કોના શરણમાં બેઠા છીએ ? આટલું જ વિચારવાનું છે. તો બધું દુઃખ દૂર થઈ જશે. મહિમા સમજીને ભક્તિ કરીશું તો મહારાજ બધું જુએ છે. બધુ પુરુ કરે છે અને કરશે.

●

## "વચનામૃતની (૨૭૩) ગહનતા"

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

વચનામૃત છે તે ભગવાનની પરાવાણી છે. ભગવાનનું સ્વરૂપ છે. સત્સંગીનું એકપણ ઘર એવું નહી હોય કે જ્યાં વચનામૃત ન હોય. અને જેને ઘેર વચનામૃત ન હોય તે સત્સંગી કહેવાય નહિ. આટલું બધું વચનામૃતનું મહત્વ છે. એક પણ હરિમંદિર એવું નહી હોય કે જ્યાં રાત્રે વચનામૃત ન વંચાતુ હોય, દરેક મંદિરોમાં વચનામૃતનું વાંચન થાય છે. આ ઉપરથી એવું કહી શકાય કે વચનામૃતનું ઘણું મહત્વ છે. જેને વચનામૃતનું જ્ઞાન હોય તેને દુનિયાનો કોઈ પણ વિદ્વાન જીતી શકે નહિ. એવું જ્ઞાન વચનામૃતમાં છે. મહારાજના એક એક શબ્દ ખૂબ વિચારવા જેવા છે. પરંતુ મહારાજના શબ્દનો અર્થ મોટા ભાગના કોઈ જાણી શકતા નથી. આખો સત્સંગ સમાજ વચનામૃત વાંચે છે. પરંતુ વચનામૃતમાં શ્રીજી મહારાજનો શો અભિપ્રાય છે તે જાણી શકતા નથી. શ્રીજી મહારાજે ઉપદેશ આપ્યો તેનો સંગ્રહ કર્યો તેને કહેવાય વચનામૃત. શ્રીહરિ તેમજ મોટા સંતોએ આપેલ ઉપદેશ તે આપણી મૂડી છે. શ્રીજી મહારાજની વાણીનો સંગ્રહ છે તે વચનામૃત. વચનરૂપી અમૃત તેને વચનામૃત કહે છે. સંતોએ વાણીને વ્યવસ્થિત ગોઠવી. પછી શ્રીજી મહારાજે પોતાની વાણીનું પ્રૂફ કર્યું. રીડીંગ કર્યું. વચનામૃત એમની પરા વાણી છે. તે પ્રૂફ તરીકે વચનામૃતમાં છે. તે વાણી ગુજરાતીમાં છે એમાંય સરળ ભાષા છે. કાઠિયાવાડી ભાષામાં છે. ઈંગ્લીશ, હિન્દી, સંસ્કૃત ભાષામાં નથી. શ્રીજી મહારાજ બોલ્યા ને સંતોએ લખ્યા. તે સંગ્રહ કરવામાં પાંચ નંદ સંતો છે ને ૨૭૩ વચનામૃત કહ્યાં છે. વચનામૃતમાં બધીય વિગતથી કઈ સાલમાં, કયા મહિનામાં, કઈ તિથિએ કેવા વસ્ત્રો, ક્યા સ્થળે, બાજુમાં કોણ બેઠેલા, રાત છે કે દિવસ છે, ક્યો દિવસ છે, ક્યો પહોર છે. કોણે પ્રશ્ન પૂછ્યો છે તેમજ કોણે ઉત્તર આપ્યો છે તે બધીય વાતો સરળ રીતે લખાયેલ છે. સરળ ભાષાનો ગ્રંથ છે. તેમજ કઠિન ગ્રંથ પણ છે. પ્રશ્નો-ઉત્તરો ખૂબજ ગહન છે.

વચનામૃતમાં સૌથી પ્રધાન વસ્તુ શું છે ? વચનામૃતમાં મુખ્ય સમજવાનું એ છે કે પરાત્પર પરબ્રહ્મને પ્રત્યક્ષ ભાવે ઓળખી લેવા (૨) પરાત્પર પરબ્રહ્મને પ્રત્યક્ષ ભાવે, રસબસ ભાવે ઉપાસી લેવા. આટલામાં બધુંય આવી જાય છે. પરબ્રહ્મને સાકાર ભાવે પ્રત્યક્ષ ભાવે ઓળખવા. રામાયણ છે એ ચરિત્ર ગ્રંથ છે. ભાગવત છે તે પણ ચરિત્ર ગ્રંથ છે. પણ વચનામૃત એ ચરિત્રનો ગ્રંથ નથી. પણ ખૂબીએ છે જે વચનામૃત સાંભળ્યા વિના કે વાંચન કર્યા વિના પ્રત્યક્ષ ભાવે ઓળખી ન શકાય. વચનામૃત ગ્રંથના અધ્યયનથી

અંતરના અંધકાર ના તાળા ઉઘડી જાય છે. ને પ્રત્યક્ષ પરમાત્મામાં પ્રતિતી થાય છે. વચનામૃત ચરિત્ર ગ્રંથ નથી. પણ સ્વરૂપનિષ્ઠા તરફ દોરી જાય છે. માટે ગહન પણ છે. તત્વજ્ઞાન નો મૂળભૂત ગ્રંથ તે વચનામૃત છે. ભગવત્ સ્વરૂપની સમજણ તેમજ બ્રહ્મ તત્વની સમજણ, તેમજ તત્વજ્ઞાનનો ગ્રંથ છે. તુલસીદાસજીએ રામાયણ ગ્રંથ ચરિત્ર ગ્રંથ લખ્યો. પણ એક સમયે કોઈકે પૂછ્યું કે ભગવાનનું સ્વરૂપ સાકાર છે કે નિરાકાર ? સગુણ છે કે નિર્ગુણ ત્યારે તુલસીદાસે જવાબ આપ્યો કે હું ભગવાનનું સ્વરૂપ કેવું છે તે જાણતો જ નથી. મારે મન તો નામ સ્મરણ ભગવાનનું નામજ સર્વસ્વ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કર્મની વાત, જ્ઞાનની વાત, ભક્તિની વાત કરેલ છે. ઘડીક કહે કર્મ શ્રેષ્ઠ છે, ઘડીક કહે જ્ઞાન શ્રેષ્ઠ છે, ઘડીક કહે ભક્તિ શ્રેષ્ઠ છે. તો આવી ગોળ ગોળ વાતો કરે છે. જેમાં બધાય અટવાય છે. ગીતા ઉપર હજારો ટીકા થઈ છે. ગીતાની વાત ગહન છે. જ્યારે વચનામૃત ગહન છે. પણ સરળ છે ને સર્વ શાસ્ત્રનો સાર છે.

ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં કડવા લીંબડા નીચે અતિ મીઠી ઉચ્ચારેલી વાણી તે વચનામૃત. લીંબવૃક્ષ કડવું છે તેજ અમૃત સમાન છે. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તેમજ શુકમુનિ આ પાંચ સંતોએ વચનામૃતના ખરડા પરથી શોધીને વચનામૃત બનાવેલ છે. છતાય શુકમુનિએ જ્યારે ગોપાળાનંદ સ્વામી પાસેથી સાંભળ્યું ત્યારે શુકમુનિ એમ બોલ્યા કે મેં વચનામૃત વાંચ્યા શોધ્યા પણ હવે ખબર પડી કે આવું વચનામૃતમાં છે. પરમચૈતન્યાનંદ સ્વામી પણ એમ કહેતા કે ઓહો વચનામૃતમાં આવી વાતો આવે છે. એટલે જ મધ્યના-૧૩ માં મહારાજે કહ્યું છે કે આવી ભગવદ્ સ્વરૂપ વાતો શાસ્ત્રમાં હોય પણ જ્યારે સત્પુરુષ પ્રકટ થાય ત્યારે જ તેમના મુખથી સમજાય છે. પણ પોતાની મેળે સમજાય નહી, કેમ કે પોતાની મેળે વાંચે તો સ્વામિનારાયણ હરે કરીને ચાલુ કરશે અને ઈતિ વચનામૃત કરીને પુરુ કરશે. આવી રીતે વાંચશે તો લાખ વર્ષો સુધી પણ મોટા ભાગનાને વચનામૃતની સમજણ નહિ પડે. ને સમજણ નહિ પડે તો વચનામૃત જ્યારે ગહન આવશે ત્યારે ઉંઘ આવશે જેથી ભગવાનની પરાવાણીમાં રસ નહિ પડે. જેથી સમજણ પૂર્વક અધ્યયન કરવાનો આગ્રહ રાખવો. થોડું વાંચો પણ સમજણ પૂર્વક વાંચો.

ભગવાનની પરાવાણીમાં એવા શબ્દ છે. જેની ગતાગમ જ નથી. મોટા ભાગના સત્સંગીઓને પ્રથમનું-૬૪ મું વચનામૃત સમજાતું નથી. જેમ કે પ્રથમના-૬૪ માં વચનામૃતમાં આત્મા, અક્ષર, દેહ, દેહી, વિલક્ષણ પણું, દૃષ્ટા દૃશ્ય, હેય, ઉપાધિ, વિકારવાન, નિર્વિકાર, શરીર, શરીરી, અંતર્યામી શક્તિ, સામર્થ્ય, ઐશ્વર્ય, બ્રહ્મ, ભાવ, બ્રહ્મ સુષુપ્તિ. વગેરે શબ્દનો અર્થ જાણી શકતા નથી. તેમજ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ, પ્રત્યક્ષ નરનારાયણદેવ પ્રગટ પ્રમાણ ભગવાન, અવરભાવ, પર ભાવ, અન્વય સ્વરૂપ, વ્યતિરેક સ્વરૂપ, સગુણ, નિર્ગુણ, બ્રહ્મ, પરબ્રહ્મ, નિર્વિકાર, વિગેરે આવા ઘણા શબ્દો જે સમજવા મુશ્કેલ છે. આ તો ફક્ત દાખલા રૂપે છે. પણ મહારાજે એવા ઘણા કઠિન શબ્દોની વાત કરેલ છે. પરંતુ તે સમજવી બહુ મુશ્કેલ છે. પણ મોટા વચનામૃતનાં જ્ઞાતા સંતોનો સમાગમ કરીએ તો જ સમજાય. ને એકાંતિક ભક્ત થવાય છે.

એકવાર સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ સભામાં તેમના સંતોને કહ્યું, 'અમૃત લાવો'' આવા શબ્દો સાંભળી સંતો વિચારમાં પડી ગયા કે 'અમૃત ક્યાંથી લાવવું ?' વચનામૃત એ જ અમૃત, આવા મોટા સંતો આ શાસ્ત્રને આવું બિરૂદ આપતા હોય તો આ વચનામૃતનું કેટલું મહત્વ હશે. માટે મહારાજની પરાવાણી ને સમજીને અમલમાં મૂકવી જોઈએ. જેમ છે તેમ વચનામૃત સમજાય, ગહન શબ્દ અર્થ સમજાય તો જ ભગવાનની પરાવાણી રૂપી વચનામૃતમાં રસ પડે. મહારાજના વચનામૃત બધાજ એક એકથી ચડીયાતા છે. કોઈ વચનામૃત ગૌણ નથી. પણ ૨૭૩ વચનામૃતમાંથી શ્રેષ્ઠ વચનામૃત એટલે પ્રથમનું ૫૧ મું વચનામૃત ? વચનામૃતનું હૃદય એટલે પ્રથમનું ૫૧ મું વચનામૃત ? ૫૧ મું વચનામૃત એટલે પરભાવનું વચનામૃત ? સર્વોપરી પણાની જેમ છે તેમ વાત સમજાવતું વચનામૃત એટલે પ્રથમનું ૫૧ મું વચનામૃત. જ્ઞાન માર્ગે ને તત્વજ્ઞાનનું શ્રેષ્ઠ વચનામૃત એટલે પ્રથમનું ૫૧ મું વચનામૃત. પુરુષોત્તમરૂપ થવા માટેનું વચનામૃત છે. આ વચનામૃતમાં મહારાજની મૂર્તિ વિના બધુંજ ઉડાડી દીધું છે. આને કહેવાય પર ભાવ. જ્યારે સંતના સમાગમે કરીને મહારાજનો આવો મહિમા સમજે છે ત્યારે તેની ઈન્દ્રિયો અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ જાય છે. એટલે એના ઈન્દ્રિયો અંતઃકરણ રહેતા નથી. પુરુષોત્તમરૂપ થઈ જાય છે. એટલે મહારાજે મધ્યના-૧૩ માં વચનામૃતમાં કહ્યું છે કે ગઢડું શહેર કે ઓસરી કાંઈ નથી. અમે જ્યાં છીએ ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. આને કહેવાય પર ભાવ. માયિક ભાવ ટળી જાય છે. આમ ગહન વચનામૃત સમજવા માટે પ્રયત્ન કરવો. ને અધ્યયન કરવું. વચનામૃતો સદ્ગુરુ જે વચનામૃત જ્ઞાતા હોય તેમની પાસેથી સમજવું. જો વચનામૃત સમજાય તોજ મહારાજનો મહિમા સમજાય, માટે વચનામૃતનો અભ્યાસ દરરોજ રાખવો.

●

### "ભગવાન જે કાંઈ કરે તે સારા માટે"

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

એક નાના એવા ગામના વેપારીની ગામમાં પોતે એક માત્ર વેપારી હોવાને કારણે સંપત્તિ અઢળક થઈ ગઈ. 'લોભને થોભ ન હોય' અને 'લાલચ એક બલા છે' એ મુજબ તેને વિચાર આવ્યો કે વેપાર માટે જરૂર મૂડી રાખી. બાકીની શહેરના મોટા વેપારીને ત્યાં સારા વ્યાજે થાપણરૂપે મૂકી આવું. આ મૂડી ટૂંકા ગાળામાં અનેકગણી વધી જશે. વહેલી સવારે જવાનું હતું એટલે રાત્રે વહેલા સૂઈ ગયો. રાત્રે લઘુશંકા (પેશાબ પાણી) કરવા ઉઠ્યો તો અંધારામાં મેડીના દાદરેથી લપસીને પડ્યો. સારું એવું વાગ્યું પણ જીવ બચી ગયો. 'જાન બચી લાખો પાયે' એવો વિચાર આવવાને બદલે અફસોસ થવા લાગ્યો. આ ભગવાન તો કેવો છે ? આમ હોય!

આ નાનકડા ગામમાં ભગવાનના એક ખૂબ સારા ભગત રહે. ક્યારેક-ક્યારેક શેઠની દુકાને આવે. ભગવાન સંબંધી વાતો અને ચર્ચા કરે. આ ભગતને શેઠના સમાચાર મળ્યાને સાંભળતાની સાથે તેના ખબર-અંતર પૂછવા અને આશ્વાસન આપવા પહોંચી ગયા. પોતે કરેલા આયોજનમાં આવેલા વિઘ્નની વ્યથા ઠાલવીને સૂર પ્રગટ કર્યો કે ભગવાને આ શું ધારી ? મેં કોઈ એવું કાર્ય નથી કર્યું અને મને આ પીડા ? મારા કામમાં વિઘ્ન !

ભગતે બહુ ધીરજ અને શાંતિથી કરુણામય ભાવે કહ્યું. 'ઈશ્વરે જે કર્યું હશે એ કાંઈ સારા માટે જ હશે. એટલે શેઠજી દુઃખ ભૂલી જાવ. આ વિશ્વાસ રાખો તો બધાં સારા વાનાં થઈ જશે.'' શેઠજીને તો એવો તો ગુસ્સો આવ્યો કે જાણે કોઈ પડ્યા પર પાટું મારતું હોય ! ઘા પર મીઠું ભભરાવતું હોય ! અલ્યા ભગત, મારી દશા અને મારું આખું કામકાજ, આયોજન ખોરવાઈ ગયું ? ને ''જે થાય તે સારા માટે ? મને આમાં તો કાંઈ સારું દેખાતું નથી. બાકી ભૂંડું થયું છે એ તો પ્રત્યક્ષ પુરાવો છે જે હું અનુભવું છું.''

ભગતે એટલું જ કહ્યું - ''શેઠજી તમારી દૃષ્ટિ માત્ર વર્તમાનને જ નિહાળી શકે છે. ભવિષ્યના ગર્ભમાં છુપાયેલું સત્ય તમે પારખી શકતા નથી. એટલે તમને નહિ સમજાય. પણ એ વાત મારું હૃદય દૃઢપણે સ્વીકારે છે કે જે કાંઈ થયું સારા માટે.'' ભગત ને બીજે દિવસે બહારગામ જવાનું થયું. થોડા દિવસ બાદ પરત આવ્યા અને માનવતા અને સજ્જનતાના ભાવથી શેઠજીના ખબર અંતર પૂછવા ગયા. ભલે ને તે ગુસ્સે થયેલા એને વિચાર પણ ન કર્યો.

ભગતને જોતાં જ શેઠજી તો ભગતના પગમાં પડી ગયા. ''ભગત તમે ખરેખર સાચા છો. જો મારા પગ ભાંગ્યા ન હોત તો વેપારના રૂપિયા અને થાપણ મૂકવાનું નાણું લઈને હું ગયો હોત. આ મારા જવા અંગેની બાતમી ચકોર-ચોર-લૂંટારાઓને થઈ ગઈ હતી. તેઓએ મને મારી નાંખી લૂંટી લેવાનું પુરું આયોજન કરી રાખેલું. મારા પગ ભાંગ્યા એ તો ''શૂળીનું દુઃખ કાંટેથી સર્યું. એને સાર્થક કરી અને પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો. તમારી વાત જ મને ત્યારે નહોતી સમજાઈ. મારો સ્વાર્થ ભંગ તેમજ પીડાની પરિસ્થિતિમાં તમારા પર ગુસ્સો આવ્યો. મેં કોઈ ખોટું નથી કર્યું છતાં આવું દુઃખ વિઘ્ન ભગવાને કેમ આપ્યું ? એના ગર્ભમાં પડેલા મારા સુખને હું જોઈ શક્યો નહિ. મને નવું જીવન જ નહિ, જીવનની સાચી દૃષ્ટિ મળી ગઈ. જગત નિયંતા ઈશ્વર ''જે કાંઈ કરે છે તે સારા માટે કરે છે.'' ભગવાન શ્રીહરિ આવો શરણાગતિ ભાવ, દૃઢ આસ્તિકતા અને એવી સમજણ આપણને સહુને આપે. એ સમજણ આપનાર સાચા પરમ એકાંતિક સંતોનો સદા સુયોગ રહે. એવી ભગવાનને પ્રાર્થના.

## આપણા હરિભક્ત

### પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણીનું ઓસ્ટ્રેલીયન સરકાર દ્વારા સન્માન

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ખૂબજ નિષ્ઠાવાન અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર મૂળ કચ્છના પ.ભ. ડૉ. ખીમજીભાઈ વાઘજીયાણીને ન્યુ સાઉથ વેલ્સમાં (ઓસ્ટ્રેલીયા) ૨૯ ઓકટોબર ૨૦૧૬ ના દિવસે ન્યુ સાઉથ વેલ્સની કોમ્યુનિટીની ઉમદા સેવા અને સુંદર યોગદાન બદલ **ગ્લેડીસ બેરેજ કલિયન** સંસદ તરીકેનો એવોર્ડ આપી બિરદાવવામાં આવેલ છે.

તેમને આ એવોર્ડ નવા આવેલા લોકોના પુનઃ વસવાટ માટે મદદ કરવા માટે તેમજ સીડની એન્ટર પ્રેન્યોરીયલઈકો સિસ્ટમમાં સુંદર યોગદાન બદલ અપાયેલ છે. સંપ્રદાય માટે આ ખૂબજ ગૌરવ છે. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પણ આ સમાચાર જાણી ખૂબજ આનંદ સાથે તેમની વિશેષ પ્રગતિ માટે રૂડા આશીર્વાદ પાઠવે છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''સો સો શૂન્ય કરે સામટા, પણ અંક ન મૂકે આગળે તે સરવાળો શાનો માંડશે, નર કરે કાળપ કાગળે.'' આ રચનાના રચિયતાનું નામ જણાવો.

પ્ર. ૨ મહર્ષિ જૈમિની મુનિના જણાવ્યા પ્રમાણે શાસ્ત્ર વચનો મુખ્યત્વે ચાર પ્રકારના છે. તો ક્યા ક્યા જણાવશો.

પ્ર. ૩ એક વખત શ્રીહરિએ સ્વધામ જવાનો સંકલ્પ કર્યો. તેમના શરીરે વ્યાધિ જેવું લાગતું હતું. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું 'સ્વામી અમે હવે અક્ષરધામ જવાની તૈયારી કરીએ છીએ.'' આ સાંભળી સ્વામી, સંતો અને હરિભક્તો ખૂબ ઉદાસ થઈ ગયા. બ્રહ્મમુનિની આંખમાંથી તો અશ્રુની ધારા વહેવા લાગી અને મુખમાંથી વિરહ પદો કયા કીર્તન રૂપે સરી પડ્યા ?

પ્ર. ૪ ગામ સાતપડાના ભગો ભગત મનમાં કેવો સંકલ્પ લઈ ગઢપુર આવ્યો હતો ?

પ્ર. ૫ સૌરાષ્ટ્રમાં પીઠવા જાળ નામનું ગામ છે ત્યાં એક ઉત્તમ કોટીના હરિભક્ત થઈ ગયા. જેમનું નામ ખીમા ડોબરીયા હતું તેમને આશ્રિત બનાવી અને વર્તમાન ધરાવી ક્યા સંતે કંઠી પહેરાવી હતી ?

પ્ર. ૬ વચનામૃતમાં આ પ્રશ્ન ક્યાં સંતે શ્રીજી મહારાજને પૂછ્યો છે ? ''સત્સંગમાં રહેવાનો ખપ છે તો પણ કોઈક અયોગ્ય સ્વભાવ છે તે કેમ ટળતો નથી.

પ્ર. ૭ આ કડી ભક્તચિંતામણીનાં કેટલામાં પ્રકરણની છે ? ''મુનિ કહે જયમંગળ મુરતિ યદુપતિ ન મેલુ ઉરથી, તમે છો કરૂણાના દરિયા દર્શન દઈ દુઃખ સંકટ હરિયા.''

## ઓક્ટોબર-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** શ્લોક ૧૧૯. **(૨)** લોયા ૧૮ કપિલેશ્વરાનંદ સ્વામી. **(૩)** ગીતા અ-૧૫, શ્લોક-૬. **(૪)** અક્ષરાનંદ મુનિ - પૂર્વાશ્રમનું નામ રણમલજી સચ્ચિદાનંદ સ્વામી - મોટાભાઈ દાજીભાઈ ગામ મોડા. **(૫)** (૧) સંધીની - ધર્મ (૨) વ્રણહારીણી - જ્ઞાન (૩) વિશલ્યકરણી - વૈરાગ્ય (૪) સંજીવની - ભક્તિ. **(૬)** શીકા ઉપર પાંચ જાંબુ ફળ છે. તે જો સોના મહોર થઈ જાય તો ઘનશ્યામને ભગવાન માને. **(૭)** નિષ્કુળાનંદ.'' **(૮)** અંબાઈ જાય છે.

૧. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨. પટેલ ભક્તિભાઈ ભોળીદાસ (ઝુલાસણ)
૩. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૫. પટેલ જ્યોત્સનાબેન રાજેન્દ્રભાઈ (આણંદપુરા)
૬. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૭. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૮. પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૯. પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૧૦. સાં.યો. બહેનો (વાવોલ)
૧૧. પટેલ કંચનબેન એમ. (વાવોલ)
૧૨. પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૧૩. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૪. ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૧૫. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૬. અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૧૭. સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૧૮. પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૧૯. પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૨૦. ભાવસાર ચંદુભાઈ પુરૂષોત્તમદાસ (નવાવાડજ)
૨૧. પટેલ મધુબેન મહેન્દ્રભાઈ (સાબરમતી)
૨૨. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨૩. પટેલ આકાંક્ષાબેન રાજેન્દ્રભાઈ (મેઘાણીનગર)
૨૪. ગાંધી જ્યોત્સનાબેન એચ. (સુરેન્દ્રનગર)
૨૫. કિંજલ ભરતકુમાર (સાબરમતી)
૨૬. પટેલ શારદાબેન રતિભાઈ (સાબરમતી)
૨૭. પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૨૮. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૯. પૂજારી ત્રિભોવનભાઈ (નવાવાડજ)
૩૦. અરવિંદાબેન આર. (ઘાટલોડીયા)
૩૧. વીણાબેન આર. (નારણપુરા)
૩૨. સાં.યો. મંજુબા, ભારતીબા (અમદાવાદ હવેલી)
૩૩. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૪. ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર
૩૫. શ્રી સ્વામિ. મંદિર (બહેનોનું (જુનું) મોરબી
૩૬. પટેલ સંગીતાબેન અરુણભાઈ (અંબાપુર)
૩૭. સંગીતાબેન મનોજકુમાર (અંબાપુર)
૩૮. પટેલ દિપીકાબેન અરુણકુમાર (નારણપુરા)
૩૯. ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૪૦. પટેલ કૈલાસબેન ભક્તિભાઈ (દેઉસણાવાળા)
૪૧. પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણાવાળા)
૪૨. ડૉ. અરૂણભાઈ ડી. (રાણીપ)
૪૩. પૂજારી મહેશ ભગત (જીવારાજપાર્ક)
૪૪. પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૪૫. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪૬. પટેલ લલિતાબેન જયંતિલાલ (સાબરમતી)
૪૭. ચોકસી ઈલાબેન એન્ડ નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૮. સાધુ ધર્મકિશોરદાસજી (સ્વા. મંદિર બાપુનગર-એપ્રોચ)
૪૯. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૫૦. પટેલ સુહાનીબેન જીગરભાઈ (સીતાપુર)
૫૧. પટેલ ઉમંગ મુકેશભાઈ (કલોલ-પંચવટી)
૫૨. પટેલ વલ્લભભાઈ (સોજા)

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ..........................................................................

સરનામું : ......................................................................

ફોન નં. : ........................ મો. : ..............................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ, પરમ કૃપાળુ શ્રીનરનારાયણદેવના થાળ તથા ધર્મકુળની રસોઈ તથા સંત, વર્ણી, પાર્ષદો અને હરિભક્તોની રસોઈ નિમિત્તે શનિવારના તા. 14-1-2017ના રોજ દર્શને આવો ત્યારે આ પેજમાં આપની સેવા લખીને મંદિરે લેતા આવશો.

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૦૫૦ | ૧૦૦ કિલો | ૧૫૫ | |
| ઘઉં | ૧૫૦૦ | ૧૦૦ કિલો | ૭૫ | |
| મગ | ૮૦૦૦ | ૧૦૦ કિલો | ૪૦૦ | |
| તલ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| ચણા દાળ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| તુવેર દાળ | ૧૦૦૦૦ | ૧૦૦ કિલો | ૫૦૦ | |
| મોગર દાળ | ૭૦૦૦ | ૧૦૦ કિલો | ૩૫૦ | |
| શુદ્ધ ઘી | ૪૦૯૫ | ૧ ડબો | ૧૩૬૫ | |
| તેલ | ૧૧૭૦ | ૧ ડબો | ૩૯૦ | |
| ગોળ | ૪૨૦૦ | ૧૦૦ કિલો | ૨૧૦ | |
| ખાંડ | ૪૧૦૦ | ૧૦૦ કિલો | ૨૦૫ | |
| કુલ રૂા. | ૪૭૯૧૫ | | ૪૮૫૦ | |
| મંદિર જીર્ણોદ્ધાર | | | | |

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ
"શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ"ના નામે આપશો.
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૨૨૧૩૨૧૭૦.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ઉત્તરાયણ પુણ્ય પર્વ પ્રસંગે દાન પુણ્ય

ભારત વર્ષના પુણ્ય પર્વોમાં ઉત્તરાયણનો મહિમા અનેરો અને અલૌકિક છે.

મકર રાશીમાં સૂર્ય પ્રવેશનો સંક્રાંતિકાળ એ શુભનું મંગળકારી આગમન, સર્વથા દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ સમયે પુણ્ય સ્થાનકમાં દાન કરવાથી આલોક અને પરલોક સંબંધી સર્વ મનોરથો તત્કાલ ફળે છે.

તો આવા સર્વોપરી શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સંતોની શુભ ઉપસ્થિતિમાં તા. 16-12-2016 થી તા. 14-1-2017 દરમ્યાન ધૂનનો મહા અલૌકિક લાભ લીધો તે નિમિત્તે તા. 14-1-2017ના રોજ પુણ્ય પર્વ હોવાથી દરરોજ પ્રભાતે થતી ધનુર્માસની ધૂન કથાની દિવ્ય સભામાં પધારી ઠાકોરજીની આ સેવાનો અતિ શુભ પ્રસંગે ઉમંગભેર વધાવી સેવામાં સહભાગી થઈ ધન્યભાગી બનીએ.

**સમસ્ત શ્રીનરનારાયણદેવ દેશના હરિ મંદિરના કોઠારીશ્રી અને**

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ જોગ**

શ્રી નરનારાયણદેવ દેશના દરેક ગામોના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ ભલામણ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે અનાજ-રોકડ જે કાંઈ દાન આવે તે તમામ વસ્તુ ઉઘરાવીને અમદાવાદ કાલુપુર મંદિરમાં જમા કરાવી પાવતી મેળવી લેવી. આવું સેવાનું સુંદર કામ કરીને શ્રીહરિનો રાજીપો મેળવવા કૃપા પાત્ર બનશો.

મહંત સ્વામી<br>
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના<br>
શ્રીહરિ સ્મૃતિ સહિત<br>
જયશ્રી સ્વામિનારાયણ.

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શરદોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના દિવ્ય સાનિધ્યમાં શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો. મંદિરમાં વિશાળ પ્રસાદીના ચોકમાં સુંદર મનોહર શ્વેત વસ્ત્રોના મંડપમાં સુશોભિત સ્ટીલનેસ સ્ટીલના વાસણોના મંડપ મધ્યે ઠાકોરજીને બિરાજમાન કરી શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળના ઓચ્છવીયાઓએ પરંપરાગત ઓચ્છવની રમઝટ બોલાવી હતી. ખૂબજ અલૌકિક ઉત્સવની સમાપ્તિની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ત્યાર બાદ સૌને દૂધપૌંવાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સૌ ભક્તજનો શરદોત્સવના દર્શન કરી ધન્ય ભાગી બન્યા હતા.

(શા.સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે કાળી ચૌદશ-દીપોત્સવી અને અન્નકૂટોત્સવ ઉજવાયા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી દીપોત્સવીના કાર્યક્રમો ખૂબજ ધામધૂમથી ઉજવાયા.

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ કાળી ચૌદશના ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી શ્લોક-૧૨૭ માં કરેલ આજ્ઞા મુજબ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહનુમાનજીનું પૂજન સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરંપરાગત રીતે થયું હતું. છેલ્લે અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી. પાર્ષદ શ્રી બાબુ ભગત અને મહાદેવ ભગતે દાદાને સુંદર શણગાર આદિ કરીને ધર્મકુળને રાજી કર્યા હતા.

**દિવાળી - સમૂહ શારદા-ચોપડા પૂજન :** આસો વદ અમાસ દિવાળીના શુભ દિને પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં સાંજના ૬-૦૦ થી ૭-૩૦ કલાક પર્યન્ત મંદિરના ગોર કમલેશભાઈ આદિએ સમૂહ શારદા પૂજન- ચોપડા પૂજનની વેદ પરંપરાગત શાસ્ત્રોક્ત રીતે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળો દ્વારા હજારો હરિભક્તોના ચોપડાનું વિધિવત રીતે શારદા પૂજન સંપન્ન થયું હતું. પોતાના ચોપડા પૂજન કરાવનાર વહેપારી હરિભક્તોએ અત્રે ઉપસ્થિત રહીને અલૌકિક લાભ લઈ શ્રીહરિની સ્વયં લખેલ શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ પોતાનો વેપાર નિતી નિયમ અને પ્રમાણિકપણે કરવા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પૂર્ણાહુતિની આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવના દર્શન કરવા પધાર્યા હતા.

**નૂતન વર્ષ અન્નકૂટોત્સવ :** સંવત ૨૦૭૩ કારતક સુદ-૧ નૂતન વર્ષના મંગલ પર્વે પ્રાતઃ ૫-૦૦ કલાકે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. સવારે ૬-૩૦ કલાકે શણગાર આરતી પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી હતી. આ પ્રસંગે હજારો સંત-હરિભક્તોએ દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની બેઠકમાં સંતો-હરિભક્તોએ વિશાળ સંખ્યામાં નૂતન વર્ષના ધર્મકુળના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ ઠાકોરજીના દર્શન કરી બેઠકમાં પધાર્યા હતા. મંદિરના સભા મંડપમાં મંદિરના ગોરશ્રી કમલેશભાઈએ આખા વરસનો ખરડો વાંચી સંભળાવ્યો હતો. તેજ રીતે હવેલીમાં પણ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીએ સમસ્ત બહેનોને નૂતન વર્ષના આશીર્વાદ સાથે દર્શનનું સુખ આપ્યું હતું. બપોરે ૧૨-૦૦ શ્રી નરનારાયણદેવને ભવ્યાતિ ભવ્ય અન્નકૂટ ધરાવીને આરતી ઉતારવામાં આવી હતી. આ છપ્પન ભોગ અન્નકૂટના દર્શનાર્થે શહેરીજનો હજારોની સંખ્યામાં પધાર્યા હતા. સાંજના ૪-૩૦ કલાક સુધી અન્નકૂટ દર્શન ખુલ્લાં રાખવામાં આવ્યા હતા. દિવાળીના સમગ્ર પ્રસંગમાં પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, ભંડારી સ્વામી જયપ્રકાશદાસજી, કોઠારી જે.કે. સ્વામી (કમિટી બોર્ડ સભ્યશ્રી), યોગી સ્વામી, ભક્તિ સ્વામી, નટુ સ્વામી, શા. નારાયણમુનિ સ્વામી, હરિ સ્વામી આદિ મંડળના તમામ સંતો-પાર્ષદો અને હરિભક્તોએ અન્નકૂટની કપરી સેવા બનાવવાથી લઈ ૨૮ દેશના ગામોમાં જેતે દેશના સંતોએ રૂબરૂ જઈ અન્નકૂટ પ્રસાદની વિતરણની સુંદર સેવા બજાવી હતી. દરેક આપણા હરિમંદિરોમાં અન્નકૂટ પ્રસાદ સાથે દટ્ટા-કેલેન્ડર પણ આપવામાં આવ્યા હતા. સૌ હરિભક્તો પણ ખૂબજ રાજી થયા હતા.

(શા.સ્વા. નારાયણમુનિદાસ)

**રંગમહોલમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ**

શ્રીનગર અમદાવાદમાં સર્વોપરી શ્રીહરિ જ્યારે જ્યારે પધારતા ત્યારે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બ્રહ્મચારી નિવાસની બાજુમાં રંગમહોલમાં નિવાસ કરતા અને જ્યાં હાલ છત્રી છે ત્યાં નીચે કૂવો છે ત્યાં નિત્યે સ્નાન કરતા આ ભગવાનના અલૌકિક નિવાસ સ્થાનમાં જે અક્ષરધામમાં પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા

સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજનું જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ લેશમાત્ર નહીં પણ અણુંમાત્ર ફેર નહી તેવું સ્વરૂપ નિત્યે દર્શન આપે છે. ધ્યાન માટેનું સર્વોપરી સ્વરૂપ, જેમનો ૧૩૧ મો પાટોત્સવ મહોત્સવ કારતક સુદ-૧૧/૧૨ ના રોજ સવારે ૭-૦૦ કલાકે શ્રીહરિકૃષ્ણ મહારાજના સ્વરૂપનો ષોડશોપચાર અભિષેક પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયો હતો. શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારી પૂજ્ય દેવ સ્વામીએ આજે સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજને અલૌકિક વાઘા-સુવર્ણના અલંકારો આદિ શણગાર કરી સુંદર દર્શન કરાવ્યા હતા. સવારે ૧૦-૦૦ વાગ્યા સુધી સુંદર અન્નકૂટના દર્શન કરાવ્યા હતા.

અન્નકૂટ આદિની સમગ્ર વ્યવસ્થા પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી સ્વામીના શિષ્ય મંડળે કરી હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક (સત્સંગિજીવન ત્રીજું પ્રકરણ) પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર વિદ્વાન વક્તા મહોદય પૂ. સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી સ્વામીના વક્તાપદે સંપન્ન થઈ હતી. પાટોત્સવ-પારાયણના યજમાન પ.ભ. શ્રી શામજીભાઈ હરજી હાલાઈ (ગોડપર-કચ્છ) પરિવારે અલૌકિક લાભ લઈ ધર્મકુળના આશીર્વાદ મેળવ્યા હતા.

(શા.સ્વા. નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર અન્નકૂટોત્સવ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળથી અંકિત ઐતિહાસિક ધાર્મિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શનથી કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી અને વડનગર ખેરાળુ અને ડભોડાના હરિભક્તોના સાથ સહકારથી શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્ય અન્નકૂટોત્સવ કારતક સુદ-૧ નૂતન વર્ષે તા. ૩૧-૧૦-૨૦૧૬ ના રોજ ઉજવ્યો હતો. જેમાં શ્રીહરિને વિવિધ પ્રકારનાં પકવાનો, વ્યંજનો, શાકભાજી, ફળફળાદિ, ડ્રાઈફ્રૂટ આદિ અનેક વાનગીઓ ધરાવી પ્રારંભ આરતી અત્રેના રાજા પાન હાઉસ પરિવારે ઉતારી હતી. તેમજ અન્નકૂટ ઉત્થાપન આરતીનો લાભ પ.ભ. મોદી નવિનચંદ્ર મણીલાલ જગજીવનદાસ પરિવાર વતી ચિ. દિક્ષિત એન. મોદી ચિ. સચિન એન. મોદીએ લીધો હતો. આ પ્રસંગે વયોવૃધ્ધ સંત પૂ. સ.ગુ. સ્વામી હરિપ્રસાદદાસજી (વિસનગરવાળા)એ શ્રી ઘનશ્યામ મહારાજને પોતાના ધોતીયાની સેવામાંથી સુવર્ણનો હાર બનાવરાવી અર્પણ કર્યો હતો. દિવાળીના દિવસે દર વર્ષની જેમ હરિભક્તો વહેપારીઓના ચોપડાનું પૂજન મંદિરના ગોર જયેશભાઈ વ્યાસ અને મહંત શા.સ્વામી નારાયણવલ્લભદાસજી દ્વારા વિધિવત રીતે થયું હતું. જેનો લાભ અનેક વહેપારી ભક્તોએ લીધો હતો.

(શા.નારાયણવલ્લભદાસજી વડનગર મંદિર મહંત સ્વામી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગરમાં યુવા શિબિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણા અને કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી આદિક યુવા સંતોના માર્ગદર્શન તેમજ અત્રેના શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સહયોગથી તા. ૨-૧૦-૧૬ ને રવિવારના દિવસે ત્રણ કલાકની યુવા શિબિર યોજાઈ હતી. જેમાં ૮૦૦ જેટલા યુવાનો તથા બાળકોએ ભાગ લીધો હતો.

શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર), સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી, શા.સ્વામી ભક્તિનંદનદાસજી (અંજલી-વાસણા), સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બાવળા), તેમજ એપ્રોચ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતોએ નિર્વ્યસની જીવન, સત્સંગની મહત્તા તેમજ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો આદિક વિષયો ઉપર ઉદ્‌બોધન કર્યું હતું. શુભમ એસ. બાબરીયા નામના બાળકે ગઢડા પ્રથમ પ્રકરણનું ૪૮ મું વચનામૃત અંગ્રેજી ભાષામાં સુંદર રીતે મુખપાઠ સંભળાવ્યું હતું.

એપ્રોચ મંદિરમાં દર શનિવારે રાત્રે નિયમિત યુવા સભા થાય છે. જે ઉપક્રમે ૨૫ સભા પૂર્ણ થતા તેના ફળ સ્વરૂપે આ ૨૬ મી શિબિર રૂપી વિશાળ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. મંદિરમાં બાળ સભા પણ થઈ હતી. તેજસ્વી બાળકોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સન્માનિત કરીને પ્રોત્સાહિત કર્યા હતા. ''આપણને સહેજે સહેજે જે ભગવાન મળ્યા છે તેનો યથાર્થ મહિમા સમજીને તેની અન્યજનોને પણ ઓળખાણ કરાવીએ તેના જેવું અન્ય કોઈ મોટું પુણ્ય નથી. માટે આ કાર્ય આપણે સૌ ભેગા મળીને સંપથી કરતા રહીએ.'' તેવું કહીને પ.પૂ. લાલજીમહારાજશ્રીએ વિશેષ સત્સંગ વૃધ્ધિ માટે પ્રાર્થના સહ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

શિબિરના અંતે સૌના માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટા વિભાગ)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટા વિભાગ) ખાતે ભાદરવા વદ-૧૪ થી આસો સુદ-૨ સુધી ઈશ્વરીય દર્શન પંચદિનાત્મક કથા શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજીએ કરી હતી. જેમાં સૌ હરિભક્તોએ કથા શ્રવણ કરી સુંદર લાભ લીધો હતો.

પ.પૂ. લાલજીમહારાજશ્રીની પ્રેરણા માર્ગદર્શન આશીર્વાદથી અહીં જુલાઈ માસ થી ૮૦ જેટલા બાળકો સાથે મળી દર રવિવારે બાળ સભાનું સુંદર આયોજન કરે છે. જેમાં બાળકોને નાસ્તો પ્રસાદ સાથે ડાભી સંદિપસિંહ અગરસિંહે ૧૦૦ શિક્ષાપત્રી બાળકોને રોજે પાઠ કરવા ભેટ રૂપે શા. માધવ સ્વામીના હસ્તે અપાવી હતી. દરેક બાળકોને કંઠી પણ આપવામાં આવી હતી. (ડાભી અનંતસિંહ ડાંગરવા)

**લાંઘણજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)માં ભાદરવા સુદ-૧ તા. ૧૧-૯-૧૬ ના રોજ કથા પારાયણ યોજવામાં આવી હતી. સાંખ્યયોગી બહેનોએ સર્વોપરી શ્રીહરિના લીલાચરિત્રોની કથા સુંદર રીતે કરી હતી. આ પ્રસંગે ધમાસણા, વિહાર, વાવોલ, વિસનગર, કુંડળ, વડુ, સોજા, મેઉ અને ડાંગરવાથી સાંખ્યયોગી અને કર્મયોગી બહેનોએ લાભ લીધો હતો. (વસંતીબેન ભાવસાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા ગામે કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા ખાતે ભાદરવા સુદ-૪ થી ભાદરવા સુદ-૯ પર્યન્ત શ્રીહરિલીલા ચરિત્ર કથા અત્રે ચાતુર્માસમાં દેશ ફરતા શા. સ્વામી માધવપ્રિયદાસજી (કાલુપુર સ્વા. મંદિર)એ સંભળાવીને ગામના તમામ ભક્તોને રાજી કર્યા હતા. (કોઠારીશ્રી, ભાઉપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડુમાં કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ ખાતે શ્રાવણ સુદ-૧૫ થી શ્રાવણ વદ-૮ સુધી પંચદિનાત્મક ઈશ્વરીય દર્શન કથા અત્રે ચાતુર્માસમાં સત્સંગ વિચરણ-દેશમાં ફરતા શા. સ્વામી માધવપ્રિયદાસે (કાલુપુર સ્વા. મંદિર) કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી વડુ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણમાં કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણમાં શ્રાવણ વદ-૧૧ થી શ્રાવણ વદ અમાસ સુધી પાંચ દિવસની શ્રીહરિલીલાચરિત્ર કથા અત્રે ચાતુર્માસમાં દેશમાં વિચરણ કરતા કાલુપુર મંદિરના શા.સ્વા. માધવપ્રિયદાસજીએ કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી કરજીસણ)

**ધરમપુર (ખાખરીયા) ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો**

શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (તા. કડી) ખાતે તા. ૧૧-૧૦-૨૦૧૬ ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૪ મો પ્રાકટ્યોત્સવ સૌ હરિભક્તોએ સાથે મળી સભામાં પ.પૂ. મહારાજશ્રીના સ્વરૂપ (પ્રતિમા)ને પધરાવી પૂજન-અર્ચન કરી કીર્તન-ભક્તિ ધૂન કરી ધામધૂમપૂર્વક પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે સ્વા. હરિકૃષ્ણદાસજી અને બાળકૃષ્ણ સ્વામી (જાદવપુરા)એ ધર્મકુળનું મહિમા માહાત્મ્ય સમજાવી તેમની આજ્ઞામાં વર્તીને કલ્યાણ અને શ્રેય સાધવા ઉપર સુંદર વાત સમજાવી હતી. ત્યારબાદ સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. (ધરમપુર ગામ સત્સંગ સમસ્ત)

**સુરેન્દ્રનગર મંદિર દ્વારા હરિદ્વાર (કનખલ)માં કથા પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સુરેન્દ્રનગર મંદિરના સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી હરિદ્વાર (કનખલ)માં તા. ૧૮-૯-૨૦૧૬ થી તા. ૨૪-૯-૨૦૧૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તાપદે થઈ હતી. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન સાં. કમળાબા, કોકીલાબા અને ઉષાબા રહ્યા હતા. સહ યજમાન પ.ભ. સોની રાજુભાઈ તથા ઘનશ્યામભાઈ (ચૂડા) રહ્યા હતાં. ૫૦૦ ઉપરાંત મૂળી દેશના હરિભક્તોએ લાભ લીધો હતો. ત્યાં નારાયણી નિવાસ આશ્રમમાં કથા પારાયણ-રહેવા જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાત્રીય કથામાં વક્તા પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજી અને પૂજારી સ્વામી નિત્યપ્રકાશદાસજીએ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. સમગ્ર સભા સંચાલન સ.ગુ. મહંત શા.સ્વામી ભક્તિનંદન (મોરબી) દાસજીએ કર્યું હતું. આ પ્રસંગમાં સમૂહ મહાપૂજા, અખંડધૂન, ગંગા આરતી આદિ થયા હતા. આ પ્રસંગે સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી, (કોટેશ્વર) કોઠારી શા. મુનિ સ્વામી (કાલુપુર), રાધારમણ સ્વામી, આનંદ સ્વામી, ચંદ્રપ્રકાશ સ્વામી આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. રસોડાની વ્યવસ્થા મહંતશ્રી મુકુન્દસ્વામી, વિષ્ણુ સ્વામી અને દિપેશ ભગતે સંભાળી હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર શરદોત્સવ-રાસોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરમાં આસો સુદ-૧ થી આસો સુદ-૧૫ (શરદ પૂર્ણિમા) સુધી બેન્ડ પાર્ટીના તાલ સાથે નંદ સંતો રચિત ભવ્ય રાસોત્સવ-કીર્તન ભક્તિ કરીને શ્રીહરિના રાજી કર્યા હતા. શરદપૂર્ણિમાના રોજ રાત્રે ૧૨-૦૦ સુધી વિશાળ સંખ્યામાં હરિભક્તોએ રાસ રમી આનંદ માણ્યો હતો. છેલ્લે ઠાકોરજીની આરતી બાદ દૂધ પૌંવાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન સ.ગુ. કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ધ્રાંગધ્રામાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ખાત મુહૂર્ત**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પ્રેરણાથી ધ્રાંગધ્રા હળવદ રોડ પર તા. ૭-૧૦-૨૦૧૬ ના રોજ આપણા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર

(બહેનોનું) ની સુંદર રમણીય સંપાદિત ભૂમિ પર આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ભવ્ય શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદમાં જણાવ્યું કે આવા સુંદર મંદિર નિર્માણથી ભાવિ પેઢીના બાળકોનું સંસ્કાર સિંચન થશે. આ પ્રસંગમાં સ.ગુ. મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજી (મોરબી) અને શા. વિશ્વવિહારી સ્વામીએ સુંદર સેવા કરી હતી. સાથે સાથે અત્રેના સાં. કંચનબા, હિરાબા અને ભગવતીબાની સેવા અદ્‌ભુત હતી. ધામો ધામથી સંતો અને સાંખ્યયોગી બાઈઓ અને હરિભક્તો પધાર્યા હતા. ધર્મકુળના ચરણ સ્પર્શ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા.

(પ્રતિ અનિલભાઈ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા) ત્રીજો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મૂળી મંદિરના વડીલ સંતોની પ્રેરણાથી કારોલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ત્રીજો પાટોત્સવ કારતક સુદ-૭ ના રોજ સ.ગુ.શા.સ્વામી જ્ઞાનવલ્લભદાસજી (લીંબડી મંદિર મહંતશ્રી)ની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. સંતો દ્વારા કથાવાર્તા, કીર્તન, ભક્તિ, મહામંત્ર ધૂન અને છેલ્લે મહાપ્રસાદનું આયોજન થયું હતું. અત્રેના યુવાનો દ્વારા શ્રી કષ્ટભંજન યુવક મંડળની સ્થાપના કરવામાં આવી હતી.

(નરેન્દ્રભાઈ સોની)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ક્રોલી (ગેટવીક)**
**(આઈ.એસ.એસ.ઓ., યુ.કે.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પ્રયાગરાજથી પધારેલ સાધુ રામાનુજદાસ તથા સાધુ મુક્તપ્રકાશદાસના માર્ગદર્શનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ગેટવીકમાં શરદપૂર્ણિમા મહોત્સવ તથા દીપોત્સવી ખૂબજ ધામધૂમથી ઉજવાયા.

શરદપૂનમની સાંજે કથા વિરામ બાદ ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતથી સંગીત કલાકારોને બોલાવી હરિભક્તોએ ખૂબજ ઉત્સાહથી નંદસંતો રચિત કીર્તન ગાઈ રાસની રમઝટ બોલાવી હતી. છેલ્લે સૌને દૂધપૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ.

દીપોત્સવી અંતર્ગત ત્રિદિનાત્મક શ્રી સુંદરકાંડ પાઠનું સુંદર આયોજન રામાનુજ સ્વામીના વક્તાપદે થયું હતું. તા. ૨૮-૧૦-૨૦૧૬ ના રોજ ધનતેરસના દિને ઠાકોરજીના ઘરેણાનું સાંજે લક્ષ્મીપૂજન કરવામાં આવ્યું હતું. તા. ૨૯-૧૦-૨૦૧૬ના કાળી ચૌદશના સાંજે શ્રી હનુમાનજીનું પૂજન-અર્ચન આરતી કરવામાં આવી હતી.

તા. ૩૦-૧૦-૨૦૧૬ દિવાળીના મંદિરમાં ભવ્ય રોશની ઠાકોરજીના સિંહાસનમાં અને મંદિરમાં કરવામાં આવી હતી. સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું.

તા. ૩૧-૧૦-૨૦૧૬ નૂતન વર્ષના ઠાકોરજીને અલૌકિક શણગાર કરી છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

સવારના ૯-૦૦ થી સાંજના ૮-૦૦ સુધી અનેક ભક્તોએ દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું હતું. સાંજે સંતોએ કથામાં શ્રીહરિનો સર્વોપરી મહિમા સાથે ધર્મકુળનું માહાત્મ્ય સમજાવ્યું હતું. અન્નકૂટની સેવા ક્રોલી મંદિરના બહેનોએ કરી હતી.

દરેક ભક્તોને અન્નકૂટ પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સમગ્ર મહોત્સવનું સંચાલન સાધુ મુક્તપ્રકાશદાસે કર્યું હતું.

(પ્રમુખશ્રી, જીતુભાઈ પટેલ ક્રોલી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર (આઈ.એસ.એસ.ઓ.)**
**રજાઈના (કેનેડા) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી કેનેડાના ખૂબજ ઠંડા વિસ્તાર રજાઈના વસતા શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન યુવા સત્સંગીઓના ખૂબજ આગ્રહથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા શા. પી.પી સ્વામી (જેતલપુર) પ્રથમ વખત પધાર્યા ત્યારે ત્યાંના સત્સંગી યુવાનોનો ઉત્સાહ, નિષ્ઠા અને લગન જોઈને અહીં મંદિર નિર્માણ થશે અને શ્રીહરિ બિરાજમાન થશે તેવો સંકલ્પ કરેલો. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીની કૃપાથી તથા પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શન અને હરિભક્તોના પ્રયાસથી સત્સંગીઓમાં પણ જોશ વધ્યો અને ત્યાં આઈ.એસ.એસ.ઓ., યુ.એસ. અને ટોરન્ટો કેનેડા મંદિરના સહિયારા પ્રયાસ-સહયોગથી સુંદર જમીન સંપાદિત કરીને સ્થાનિક હરિભક્તોના તન, મન અને ધનથી સુંદર મંદિર નિર્માણ પામ્યું.

તા. ૫-૧૧-૨૦૧૬ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન સંપન્ન થયું.

નૂતન વર્ષના પ્રારંભમાં જ તા. ૩-૧૧-૨૦૧૬ થી પ્રારંભ થયો. પ્રથમ યજ્ઞનો પ્રારંભ થયો. જેમાં ઘણા હરિભક્તોએ યજમાન બની લાભ લીધો. સાંજે ૪-૦૦ કલાકે કથાનો પ્રારંભ શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (શિકાગો)ના વક્તાપદે થયો. સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે પૂ. પી.પી. સ્વામી પધાર્યા અને ભક્તોને રૂડા આશીર્વાદ આપી મંદિરનું બારીકાઈથી નિરીક્ષણ કરી મૂર્તિના દર્શન કરી રાજી થયા.

તા. ૪-૧૧-૨૦૧૬ ના સવારમાં યજ્ઞનો પ્રારંભ થયો. જેમાં પ.પૂ. મહારાજશ્રી બિરાજમાન થયા. અને સ્વહસ્તે આહુતિ અર્પણ કરી. સાંજે જેતલપુરના ભક્તિનંદન સ્વામીએ કથા કરી હતી. કથાબાદ પૂ. પી.પી. સ્વામીએ અહીંના હરિભક્તોને મંદિરની વ્યવસ્થા-સેવાની જાહેરાત કરી હતી. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૫-૧૧-૨૦૧૬ લાભ પાંચમના પવિત્ર દિવસે પ્રાતઃ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી શ્રી હરિકૃષ્ણ મહારાજના ષોડશોપચાર અભિષેક સાથે ધામધૂમથી સંપન્ન થઈ. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિ અને અન્નકૂટ આરતી કરવામાં આવી.

પ્રાસંગિક સભામાં સેવા કરનાર ભક્તો, યજમાનોનું સન્માન કરી તેમની સેવાને બિરદાવવામાં આવી.

